वर्ष : 1 ✦ अंक : 1
જાન્યુ.-ફેબ્રુ., 2011

कर भला होगा भला
- છગનભા



માત્ર સંસ્થાકીય
પ્રસાર માટે

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

સંપાદક : મણિભાઈ પ્રજાપતિ

વિશ્વવિદ્યાલયનું પહેલું કામ જ્ઞાનનાં ક્ષેત્રમાં સર્જક પ્રવૃત્તિનું ચલાવવાનું હોવું જોઈએ. એ માટે વિદ્યાવ્યાસંગી માણસોને એકઠા કરવા જોઈએ. તેમને બૌદ્ધિક સંશોધન અને સર્જન માટે પૂરો અવકાશ આપવો જોઈએ. આ સાંસ્કારિક પ્રવૃત્તિમાં આવતા સ્વાભાવિક અને અનિવાર્ય ઊભરારૂપે શિક્ષણનું કામ ચાલવું જોઈએ.

– રવીન્દ્રનાથ ટાગોર

✤

જે વિશ્વવિદ્યાલયના કેન્દ્રમાં વિદ્યાપુરુષો હશે, તે જ તેજસ્વી સંસ્થા બની શકશે. કેમ કે વિદ્યાનું વિતરણ કરનાર વિદ્યા-પુરુષ અને ગ્રહણ કરનાર વિદ્યા-અર્થી એ બેનો સંયોગ એ જ આદર્શ વિશ્વવિદ્યાલયની સાચી ભૂમિકા છે.

– ઉમાશંકર જોશી



શ્રીમતી એમ. બી. પટેલ
કન્યા પ્રાથમિક શાળાની
વિદ્યાર્થિનીઓ દ્વારા
ભજવવામાં આવેલ
નાટકનું એક દૃશ્ય








એસ. એસ. પટેલ પીટીસી કૉલેજ દ્વારા
આયોજિત 'વાંચે ગુજરાત' કાર્યક્રમ



શ્રીમતી આર. સી. પટેલ હાઈસ્કૂલ
દ્વારા આયોજિત પ્રકૃતિ શિબિર

માત્ર સંસ્થાકીય પ્રસાર માટે

कर भला होगा भला

– છગનભા

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

વર્ષ : ૧, અંક : ૧, જાન્યુઆરી–ફેબ્રુઆરી, ૨૦૧૧

સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**

## અનુક્રમ

૧. સંપાદકીય ........ ૧
૨. સંસ્થા પરિચય ........ ૫
૩. પ્રાસંગિક ........ ૧૦
૪. શિક્ષણ ચિંતન ........ ૧૯
૫. જીવતરનું ભાથું ........ ૨૧
૬. સાહિત્ય-વૃત્ત ........ ૨૩
– પ્રો. ભોળાભાઈને સાહિત્ય અકાદેમી ફેલોશીપ / ૨૩
– ડૉ. પ્રવીણ દરજીને પદ્મ શ્રી / ૨૪
– ડૉ. ધીરેન્દ્ર મહેતાને સાહિત્ય અકાદેમી ઍવૉર્ડ / ૨૫
૭. ગ્રંથસૌરભ ........ ૨૬
૮. સંસ્થા-વૃત્ત ........ ૩૦
– યુનિવર્સિટી/કૉલેજ વિભાગ / ૩૦
– શાળા વિભાગ / ૪૦

**પત્રવ્યવહારનું સરનામું**

**મણિભાઈ પ્રજાપતિ**

ડાયરેક્ટર ઑફ પબ્લિકેશન,
કડી સર્વ વિશ્વવિદ્યાલય,
એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કૉલેજ કેમ્પસ,
સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૫
ફોન : ૦૭૯-૨૩૨૪૪૬૯૦, મો. : ૯૬૦૧૨૭૩૮૩૬

## સંપાદકીય

પ્રિય વાચકો,

કડી સર્વ વિશ્વવિદ્યાલયના અનુસ્નાતક વિભાગો, સંલગ્ન કૉલેજો અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી–ગાંધીનગર સંચાલિત વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ– અન્ય યુનિવર્સિટીઓ સાથે સંલગ્ન કૉલેજો, ઉચ્ચતર માધ્યમિકથી બાલમંદિર સુધીની શાળાઓ વગેરે અને સમાજ વચ્ચે સેતુ બની રહેવા તથા ભારતીય અને વૈશ્વિક સ્તરે ઉચ્ચ શિક્ષણની પ્રવૃત્તિઓ અને પ્રવાહોથી સુપરિચિત રહેવાના હેતુસર 'સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત' શીર્ષક હેઠળ માસિક ધોરણે શરૂ કરેલ વૃત્તપત્રનો પ્રથમ-દ્વિતીય અંક આપના કરકમળોમાં મૂકતાં પ્રસન્નતાની લાગણી અનુભવું છું. વૃત્તપત્રનો પ્રત્યેક અંક યુનિવર્સિટી અને વિવિધ સંસ્થાઓની શૈક્ષણિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની માહિતીથી સભર હોવા ઉપરાંત સ્વસ્થ સમાજરચના માટે વૈચારિક ચેતના પ્રજ્વલિત કરે તેવો સમૃદ્ધ બની રહે તેવો બનાવવા માટે યથાસંભવ પ્રયાસ કરવામાં આવશે. વૃત્તપત્ર સંબંધી સૂચનો હરહંમેશાં આવકાર્ય બની રહેશે.

નેશનલ નૉલેજ કમિશને તેના અહેવાલમાં ભારતમાં ૧૫૦૦ યુનિવર્સિટીઓની જરૂરિયાત વિશે સૂચન કર્યું છે. હાલમાં ૫૦૦ યુનિવર્સિટીઓ અસ્તિત્વમાં છે. આ સૂચન પાછળનો હેતુ ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે એનરોલમેન્ટનું પ્રમાણ ૧૧% થી વધારી વર્ષ ૨૦૧૫ સુધીમાં ૧૫% સુધી લઈ જઈ શકાય તે રહ્યો છે. આ પ્રમાણ વિકસિત દેશોમાં સરેરાશ ૫૫%, વિકસતા દેશોમાં ૧૧.૩% અને વિશ્વનું સરેરાશ પ્રમાણ ૨૩% છે. યુનેસ્કો અનુસાર કોઈ પણ દેશનો સામાજિક અને આર્થિક ક્ષેત્રે ઝડપથી વિકાસ કરવા માટે ઉચ્ચ શિક્ષણમાં નિમ્નતમ ૨૦% GER (General Enrolment Ratio)નું પ્રમાણ એ પ્રાથમિક આવશ્યકતા છે. NKC (National Knowledge Commission) એ માત્ર યુનિવર્સિટીઓની સંખ્યા વધારવા ઉપર ભાર ન મૂકતાં ઉચ્ચ ગુણવત્તા સંપન્ન યુનિવર્સિટીઓ કે જે વૈશ્વિક સ્તરે પોતાની આગવી ઓળખ પ્રસ્થાપિત કરી શકે, બીજા શબ્દોમાં કહીએ તો 'World Class University'ઓમાં ગણના થાય તેવી વધુમાં વધુ યુનિવર્સિટીઓની આવશ્યકતા વિશે જણાવ્યું છે, નહીં કે માત્ર સંખ્યાબળ વધારવા. છેલ્લાં કેટલાંક વર્ષોથી રાજ્ય સરકારો ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રમાં પોતાનું આર્થિક ભારણ ઘટાડતી જતી હોવાથી કેટલાક ઉદ્યોગ સાહસિકો અને સેવાભાવી સંસ્થાઓ આ ક્ષેત્રે અગ્રેસર થતાં રહ્યાં હોવાથી સ્વનિર્ભર કે ડિમ્ડ યુનિવર્સિટીઓની સંખ્યામાં દિનપ્રતિદિન વધારો થતો જોવા મળે છે. યુજીસીએ પણ તેની ૧૧મી યોજનામાં યુનિવર્સિટીઓ અને કૉલેજોમાં ભૌતિક રીતે સુસજ્જ માળખું, પ્રતિભાસંપન્ન અધ્યાપકો અને શૈક્ષણિક પર્યાવરણ જાળવવા ઉપર વિશેષ ભાર મૂક્યો છે. આમ છતાં વાસ્તવિકતા એ છે કે કેટલાક અપવાદો બાદ કરતાં ખાનગી ટ્રસ્ટો સંચાલિત સ્વવિત્ત ધોરણે ચાલતી કૉલેજો શિક્ષણ કે યુનિવર્સિટીઓની હાટડીઓ સમાન ફૂલીફાલી રહી છે. આ પ્રકારની કૉલેજોમાં Value added educationની વાત એક બાજુએ રહી, પરંતુ યુજીસી અને વિવિધ કાઉન્સિલો દ્વારા નિર્ધારિત નિમ્નતમ ધોરણોનું કેટલા અંશે પાલન થતું હશે એ સંશોધનનો વિષય બની રહે છે. ગત જુલાઈ માસમાં સુપ્રિમ કોર્ટે તેના એક ચુકાદામાં પણ નોંધ્યું છે કે ભારતની સરકારી અને ખાનગી કૉલેજોમાં પર્યાપ્ત માળખાકીય સુવિધાઓનો અભાવ છે. તેમજ વિદ્યાર્થીઓના ભવિષ્યની ચિંતા કર્યા વગર ખાનગી કૉલેજો તેમની પાસેથી નાણાં હડપવાની હાટડીઓ સમાન બની ગઈ છે. આ ઉપરાંત વડાપ્રધાન ડૉ. મનમોહનસિંહે પણ તાજેતરમાં જ શિક્ષણ ક્ષેત્રે ખાનગી સંસ્થાઓની મહત્તમ આર્થિક નફો મેળવવાની મનોવૃત્તિ અંગે ચિંતા વ્યક્ત કરતાં જણાવેલ કે આ સ્થિતિ મુક્તપણે જ્ઞાન મેળવવામાં અવરોધરૂપ નીવડશે.

વર્ષ ૨૦૦૮માં વિશ્વની યુનિવર્સિટીઓનું શૈક્ષણિક ગુણવત્તા ક્રમાંકન 'Academic Ranking of the World Universities' સંબંધી સર્વેક્ષણમાં વિશ્વની ૫૦૦ ઉત્તમ યુનિવર્સિટીઓમાં ભારતની ફક્ત ૨ જ સંસ્થાઓ – ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઑફ સાયન્સ, બેંગ્લોર અને આઈ.આઈ.ટી., ખડગપુરનો સમાવેશ થયેલો છે. એશિયાની યુનિવર્સિટીઓ સંબંધી એક અન્ય સર્વેક્ષણ અનુસાર એશિયાની ૧૦ ઉત્તમ યુનિવર્સિટીઓ પૈકી પ્રથમ ૮ યુનિવર્સિટીઓ ચીનની છે, જ્યારે ભારતની ફક્ત એક જ યુનિવર્સિટી સમાવેશ પામી છે. આ પ્રકારનાં વિવિધ સર્વેક્ષણો આપણી આંખ ઉઘાડનારાં તેમજ આત્મશ્લાઘામાં રાચતા આપણા સૌના માટે આત્મખોજ કરવા બાધ્ય કરે છે. પ્રાચીન અને મધ્યકાલીન યુગમાં ભારતે આ ક્ષેત્રે વૈશ્વિક સ્તરે ઉત્તમોત્તમ યુનિવર્સિટીઓ જેમ કે તક્ષશીલા, નાલંદા, વિક્રમશીલા, વલભી વગેરે

દ્વારા માર્ગ પ્રશસ્ત કરી આપ્યો હતો. પરંતુ આજે શું ? આજે આપણે આટલા બધા કેમ પાછળ ? આજની આ પરિસ્થિતિ માટે સ્વસ્થ ચિત્તે વિચારતાં ઘણાંબધાં કારણો દૃષ્ટિગોચર થાય છે. ઉદા. તરીકે – ૧. યુનિવર્સિટીઓની સ્વાયત્તતા ઉપર કાપ, ૨. રાજકીય હસ્તક્ષેપ, ૩. કુલપતિશ્રીઓ અને અધ્યાપકોની નિમણૂકમાં પારદર્શિતાનો અભાવ અર્થાત્ પ્રતિભાની અવગણના તેમજ પ્રાદેશિકતાની સંકુચિત વિચારસરણીનો પ્રભાવ, ૪. આર્થિક સંકડામણ, ૫. પર્યાપ્ત માત્રામાં સુસજ્જ ગ્રંથાલયો, પ્રયોગશાળાઓ અને અન્ય સાધનસામગ્રીનો અભાવ ૬. અધ્યાપકો અને ગ્રંથપાલોની ભરતી ન કરવાની મનોવૃત્તિ અથવા શોષણ ૭. સંબંધિત વર્ગોમાં ઉત્તરદાયિત્વ – Accountabilityનો અભાવ વગેરે.

આ બધા અને અન્ય અભાવો વચ્ચે પણ સૌથી મહત્ત્વપૂર્ણ બાબત એ સમુચિત ઉત્તરદાયિત્વનો અભાવ છે. આજે ઉત્તદાયિત્વની ભાવના નામશેષ થતી જાય છે. અને તેના સ્થાને નિરંકુશતા કે કંઈક અંશે સ્વચ્છંદતાનું પ્રમાણ વધતું જતું જોવા મળે છે, જે વહેલી તકે નિર્મૂળ થવું જોઈએ. ઉત્તરદાયિત્વના સાંગોપાંગ નિર્વાહ સિવાય કશું જ હાંસલ થઈ શકશે નહીં, જે ધ્યાને લેવું રહ્યું. પ્રત્યેક પક્ષ પોતાની જવાબદારી યથાર્થ રીતે પાલન કરશે તો જ કૉલેજો કે યુનિવર્સિટીઓ પોતાની આગવી ઓળખ પ્રસ્થાપિત કરી શકશે. આ માટે પ્રથમ તબક્કે પ્રત્યેક ઘટકનું સતત ઑડિટ થવું જ જોઈએ. કોઈ પણ કૉલેજ કે યુનિવર્સિટીની શાખ તેના અધ્યાપકોની વિદ્વત્પ્રતિભા અને કાર્યનિષ્ઠા તેમજ સમૃદ્ધ અને કાર્યશીલ ગ્રંથાલય અને પ્રયોગશાળાઓ ઉપર આધારિત છે તે સતત નજરસમક્ષ રહેવું જોઈએ. આ બાબતોમાં કોઈ પણ રીતે બાંધછોડ ન જ પરવડી શકે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય શિક્ષણપંચો અને શિક્ષણવિદોએ ગ્રંથાલયને યુનિવર્સિટીનું હૃદય ગણાવેલ છે અને હકીકતમાં ગ્રંથાલય ઉચ્ચ શિક્ષણની સંસ્થામાં કેન્દ્રસ્થાને જ હોવું જોઈએ. આમ છતાં પણ આ પ્રત્યે કોઈ વિશેષ કાળજી લેવામાં આવતી નથી. ઊલટાનું ગ્રંથાલયો અને ગ્રંથપાલો તો ઉપેક્ષાનાં પાત્રો રહ્યાં છે. અધ્યાપકો સંબંધી કેટલીક હકીકતો જેમ કે યુજીસીના એક સર્વેક્ષણ અનુસાર રાજ્યની યુનિવર્સિટીઓમાં ૫૦% જેટલા અધ્યાપકોની જગ્યાઓ ખાલી છે, જ્યારે કૉલેજોમાં ૩૮% જેટલા અધ્યાપકો અંશતઃકાલીન કે ગેસ્ટ વ્યાખ્યાતાઓ તરીકે નિયુક્ત છે. આ ઉપરાંત દેશની કુલ ૨૬૦૦૦ માન્ય કૉલેજો પૈકી ૫૫% કૉલેજો યુજીસી અનુદાનપાત્ર નથી. અર્થાત યુજીસી નોર્મ્સ અનુસાર લઘુત્તમ ધોરણો ધરાવતી નથી. આ ઉપરાંત અગાઉ ૧૫ જેટલી કેન્દ્રીય યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓની પસંદગીની કામગીરી એક જ સર્ચ કમિટી દ્વારા પૂર્ણ કરવામાં આવી હતી. અને તેમને તાબડતોબ હાજર પણ કરી દેવામાં આવ્યા હતા.

યુનિવર્સિટીઓ ઉચ્ચતમ ગુણવત્તા – Excellenceનાં કેન્દ્રો બની રહે તે માટે પ્રતિભાસંપન્ન અધ્યાપકોની ઉપસ્થિતિ ઉપરાંત અધ્યાપનકાર્યમાં નિયમિતતા અને પ્રયોગશીલતા, મૂલ્યપરક શિક્ષણ, સમયાન્તરે અભ્યાસક્રમ સુધારણા, સત્ત્વશીલ સંશોધનોનો આગ્રહ, ગતિશીલ પ્રકાશનપ્રવૃત્તિ અને ઍકેડેમિક કૅલૅન્ડરનું યથાર્થ પાલન અનિવાર્ય આવશ્યકતાઓ છે. આજે યુનિવર્સિટીઓમાં પ્રકાશન પ્રવૃત્તિ પ્રાયઃ ઠપ્પ થઈ ગઈ છે. સંશોધન જર્નલ્સ પણ નહિવત માત્રામાં મંદ ગતિએ પ્રકાશિત થઈ રહ્યાં છે. જોકે નોંધવું ઘટે કે સંશોધન જર્નલ્સના જે કોઈ ઝબકારા જોવા મળે છે તેનું શ્રેય NAACને જાય છે. NAACથી કૉલેજો અને યુનિવર્સિટીઓનાં પરિસરો હરિયાળાં બનવાં, અદ્યતન સાધનસામગ્રીનાં અભૂતપૂર્વ ઉમેરણો, પરિસંવાદોનું આયોજન અને તેમાં

અધ્યાપકોની ઉપસ્થિતિ, ગ્રંથાલયસેવાઓમાં તાજગી વગેરેમાં આશા અને ઉત્સાહજનક પરિણામો સાંપડી રહ્યાં છે. આમ છતાં આ ક્ષેત્રે ક્યાંક ક્યાંક નર્યો કર્મકાંડ પણ જોવા મળે છે, તે દુઃખદ બાબત છે. તેથી NAAC તટસ્થતાપૂર્વક વધુ સઘન રીતે સતત કાર્યશીલ અને ગતિશીલ બની રહેશે તો ઉચ્ચ શિક્ષણની તાસીર બદલાઈ જશે.

આવો આપણે સૌ સાથે મળીને ૨૦મી સદીના પ્રખર બૌદ્ધિક અને દાર્શનિક ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનનું યુનિવર્સિટી વિશેનું સ્વપ્ન સાકાર કરવા કૃતનિશ્ચયી બનીએ. તેમના શબ્દો છે :

"There is need for change in the perception and attitude of universities realizing that their field is wider, task is greater and goal is higher in building a strong and happy India. The universities are not merely places of conferring degrees and distinctions. They, besides being places of learning, are also centers of service, and wholesome development of human personality; of men and women, turning them into fine human beings. The universities can't stand isolated; they should be active participants in developmental activities, which are benevolent and beneficial for people. It is unfortunate that the hopes, aspirations and expectations of students are not fulfilled in the extent expected. Therefore, it is time to mend and amend the systems which have a effect on the society."

મણિભાઈ પ્રજાપતિ

*આપણી પ્રજાનાં અનેક અનિષ્ટોનું મૂળ કદાચ વિચારશૂન્યતામાં જડશે. વાચનના સમૂળગા અભાવમાંથી, અને ઘણી વાર યોગ્ય વાચનના અભાવમાંથી, આવી વિચારશૂન્યતા પેદા થાય છે.*

*ઉત્તમ સાહિત્ય લાગણીઓને સૂક્ષ્મ બનાવે છે. ધર્મબુદ્ધિને જાગૃત કરે છે, હૃદયની વેદનાને તેજસ્વી કરે છે, સમભાવ કેળવે છે.*

*બારણાની તિરાડોમાંથી ફૂલની સુગંધ જેમ વાયુ માટે પથરાય છે, રોમાંચિત કરે છે, તેમ ઉત્તમ વાચન ચિત્તમાં પ્રવેશી આનંદલહરીથી વાચકને ડોલાવી દે છે.*

*સુંદરતા એ સાહિત્યનું આવશ્યક ભૂષણ છે, પણ સાહિત્યનું સર્વસ્વ નથી. સાહિત્યનો પ્રાણ તો તેની ઓજસ્વિતા છે, સત્ત્વ-વૃદ્ધિ છે.*

મહેન્દ્ર મેઘાણી

# સંસ્થા પરિચય

## સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી
## વિદ્યાર્થી આશ્રમથી વિશ્વવિદ્યાલય
## સુધીની વિકાસયાત્રાની એક ઝલક

આજે ઘેઘૂર વડલાની જેમ ફૂલીફાલી રહેલ 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ' કડી ગુજરાતના એક ગૌરવપ્રદ કેળવણી મંડળ તરીકે સુવિખ્યાત છે. આ મંડળની સ્થાપનાનું બીજ સમાજ સુધારણા અને રાષ્ટ્રભાવનાની ચળવળની ૨૦મી સદીની પ્રથમ પચીસીમાં કડવા પાટીદાર સમાજના સરઢવમાં ભરાયેલ સંમેલનમાં 'કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ' નામ હેઠળ તા. ૮-૬-૧૯૧૯ના રોજ કરવામાં આવી હતી. આ સંમેલનના ઠરાવ અનુસાર કડીમાં 'કડવા પાટીદાર વિદ્યાર્થી આશ્રમ'ની સ્થાપના તા. ૨૩-૩-૧૯૨૦ના રોજ કરવામાં આવી. સમાજના અગ્રણીઓ દ્વારા સરકારી સ્કૂલોમાં સાચી કેળવણીનો અભાવ અનુભવીને બે વર્ષ બાદ તા. ૧-૩-૧૯૨૨ના રોજ કડીમાં 'શ્રી પાટીદાર વિદ્યાલય'ની સ્થાપના કરવામાં આવી હતી. આ સમાજના ગાંધીવિચારથી પ્રભાવિત કેટલાક દીર્ઘદ્રષ્ટાઓએ કેળવણી મંડળનું નામ જ્ઞાતિ આધારે રાખવામાં ઔચિત્ય ન જોતાં સમાજના વડીલો સાથે પરામર્શ કરતાં સમાજે 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ' નામે નવી સંસ્થાની સ્થાપના કરી અને વિદ્યાલયનો વહીવટ નવા મંડળને સોંપ્યો. 'શ્રી પાટીદાર વિદ્યાલય' પણ 'સર્વ વિદ્યાલય' તરીકે ઓળખાયું. આગળ જતાં ટ્રસ્ટ ઍક્ટ હેઠળ આ મંડળની નોંધણી કરાવવામાં આવી હતી. તેનો નોંધણી નંબર ઈ-૩૨૨, તા. ૨૩-૧-૧૯૫૩, મહેસાણા છે.

આ મંડળ, વિદ્યાર્થી આશ્રમ અને વિદ્યાલયની સ્થાપના, નિભાવ અને સંવર્ધનમાં પૂજ્ય છગનભા મુખ્ય પ્રેરકબળ અને પ્રાણતત્ત્વ હતા. પૂર્વભવના સંસ્કારવશ ભક્તિના રંગે રંગાયેલા અને વેદાંતના અભ્યાસી છગનલાલ પીતાંબરદાસ પટેલ (૧૮૬૩-૧૯૪૦) સંન્યાસ લેવાની તીવ્ર તાલાવેલી સાથે કાશી ગયા હતા. પરંતુ તેમના ગુરુવર્ય સ્વામી શ્રી કેશવાનંદે તેમના સમાજને અંધકારમાંથી બહાર લાવવાની પ્રેરણા પૂરી પાડતાં વતનમાં પરત થઈ કડીને જ પોતાની સાધનાભૂમિ – તીર્થભૂમિ બનાવી. સમાજમાં પ્રચલિત કુરિવાજો જેમ કે બાળલગ્ન, કજોડાં લગ્ન, મરણ બાદ બારમાની પ્રથા તથા અંધવિશ્વાસ વગેરેની નાબૂદી અર્થે પૂજ્ય છગનભા અને તેમના સાથીઓએ ભારે સંઘર્ષ વેઠ્યો હતો. તેમણે અનુભવ્યું કે આ બધું સભા-સરઘસો, સંમેલનો અને ભાષણોથી શક્ય બનશે નહીં. આ માટે તો કેળવણી જ એક માત્ર ઉપાય છે તેમ સ્વીકારીને વિદ્યાર્થી આશ્રમની સ્થાપનાને સૌ પ્રથમ અગ્રતા આપી. પૂ. છગનભાએ આશ્રમ શરૂ ન થાય ત્યાં સુધી ભોજનમાં મિષ્ટાનનો ત્યાગ કર્યો અને ત્યાર બાદ આશ્રમનું ભવન ન બંધાય ત્યાં સુધી એક ટાણું જમવાનો સંકલ્પ લીધો હતો. ૭ વિદ્યાર્થીઓથી આશ્રમ શરૂ કર્યો. ગામે ગામ ફરીને વાલીઓને તેમનાં બાળકોને શાળાએ મોકલવાની પ્રેરણા આપીને સમાજને શિક્ષણ ક્ષેત્રે જાગૃત કરવા ભારે પુરુષાર્થ કર્યો. પરિણામ સ્વરૂપે આશ્રમ સ્થપાયાનાં થોડાંક વર્ષોમાં વિદ્યાર્થીઓથી આશ્રમ ઊભરાવા લાગ્યો. આ આશ્રમ અને વિદ્યાલયના બાળકોના સંસ્કાર ઘડતરમાં અને

સમાજમાં પ્રચલિત કુરૂઢિઓની નાબૂદીમાં તેમનું ઘણું મોટું પ્રદાન રહ્યું છે. વિદ્યાલયની સ્થાપના પાછળનું તેમનું ધ્યેય પ્રાચીન ગુરુકુળની પરંપરાનું અણીશુદ્ધ નિર્વહન કરતી વિશાળ ફલકવાળી કેળવણીની સંસ્થા તરીકે વિકસાવવાનું રહ્યું હતું. અહીં તેમણે ગૌશાળા પણ શરૂ કરી. આ શાળાનો વિદ્યાર્થી સ્વાવલંબી બને તે હેતુસર સુથારી, લુહારી વગેરેના શિક્ષણની વ્યવસ્થા પણ કરવામાં આવી. આ સંસ્થાના વિકાસમાં છગનભાના પુરુષાર્થ અને આત્મશ્રદ્ધાના બળની અંતરંગ ઝાંખી મેળવવા માટે આ જ સંસ્થાના સેવાનિવૃત્ત આચાર્ય અને શીલભદ્ર સારસ્વત, સર્જક શ્રી મોહનલાલ પટેલ કૃત 'પ્રજ્ઞાદીપ છગનભા' (૧૯૮૯, બીજી આવૃત્તિ ૨૦૦૭) વાંચી જવા ભલામણ છે.

ખૂબ જ ટૂંકા સમયગાળામાં આ શાળાની કીર્તિ એક રાષ્ટ્રીય કેળવણીની સંસ્થા તરીકે પ્રસરી ગઈ. વડોદરાના મહારાજા શ્રીમંત સયાજીરાવ ગાયકવાડે આ વિદ્યાલયની મુલાકાત તા. ૪-૧૧-૧૯૨૬ના રોજ લીધી હતી. કેળવણીપ્રેમી મહારાજાએ અહીંની શિક્ષણપ્રથા રસપૂર્વક નિહાળીને પોતાના ઉદ્‌બોધનમાં જણાવ્યું કે, 'ગઈ કાલે રાત્રે મને તમારી સંસ્થા બંડખોર છે તેવું જણાવવામાં આવ્યું અને મેં તમારી સંસ્થાની મુલાકાત રદ કરી હતી. પણ સવારના ફરવા નીકળ્યો અને મનમાં થયું કે મારે આ બંડખોર સંસ્થા જોવી. મેં બારીકાઈથી બધું જોયું. મને લાગે છે કે... આવાં બંડ મારા રાજ્યમાં ગામેગામ થાય... અહીં મારું સ્વપ્નું સાકાર થતું જોઉં છું. મહાત્મા ગાંધીજીએ પણ આ સંસ્થાની મુલાકાત તા. ૨૩ જુલાઈ, ૧૯૨૯ના રોજ લીધી હતી. તેમણે જાહેર સભાને સંબોધતાં જણાવ્યું હતું કે, 'આ સંસ્થાની મુલાકાત લેવા હું એક વર્ષથી આતુર હતો. આ સંસ્થા પાછળ છગનભાઈ વગેરે વ્યક્તિઓ પોતાનું સર્વસ્વ રેડી રહી છે. અહીં તમારાં છોકરાંને મોકલવા તૈયાર થાઓ તો તે સારી કેળવણી પામી શકે છે. અક્ષરજ્ઞાન કરતાં પણ વધુ મૂલ્યવાન આચાર અને વિચારની શુદ્ધિ તેમને અહીં મળશે.' વખતોવખત આ સંસ્થાની મુલાકાતે ગણમાન્ય કેળવણીકારો, સાહિત્યકારો, સમાજસેવકો, રાજદ્વારીઓ વગેરે આવ્યા છે, અને તેમણે સૌએ સંસ્થા દ્વારા કરવામાં આવતી શૈક્ષણિક મૂલ્યોની માવજત અંગે હૃદયનો રાજીપો વ્યક્ત કર્યો છે.

આ મંડળ દ્વારા સમયાન્તરે શાળા પરિસરમાં જ કન્યા છાત્રાલય, ટૅક્નિકલ વિભાગ – ટૅક્નિકલ હાઈસ્કૂલ, ઑડિટોરીયમ, વોકેશનલ ટ્રેઇનિંગ સેન્ટર, ઔદ્યોગિક તાલીમ કેન્દ્ર, અદ્યતન મુદ્રણાલય, અધ્યાપન મંદિર, અંગ્રેજી માધ્યમનું વિદ્યાલય ઉપરાંત ઉચ્ચ શિક્ષણ માટે બી.એસસી., એમ.એસસી., બી.એ., બી.બી.એ., બી.સી.એ., બી.એડ્., એમ.એડ્., એમ.બી.એ., એમ.સી.એ., પી.જી.ડી.સી.એ. વગેરે કૉલેજોની સ્થાપના કરવામાં આવી. તેમજ અદ્યતન છાત્રાવાસો તૈયાર કરીને કડીને ખરા અર્થમાં વિદ્યાધામમાં પરિવર્તિત કર્યું. હાલમાં અહીં વિવિધ અભ્યાસક્રમોમાં ૧૨૦૦૦થી અધિક વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.

ગુજરાતની રાજધાનીના શહેર તરીકે ગાંધીનગરની સ્થાપના કરવામાં આવતાં ગુજરાત સરકાર દ્વારા ૧૯૭૭માં સર્વ વિદ્યાલય કેળવણી મંડળને ગાંધીનગરમાં શૈક્ષણિક સંસ્થાઓ શરૂ કરવા નિમંત્રણ પાઠવવામાં આવ્યું, અને આ હેતુસર મંડળને ૧૩ એકર જમીન ફાળવવામાં આવી. કાળક્રમાનુસાર મંડળ દ્વારા બાલમંદિરથી હાયર સેકન્ડરી સુધી ગુજરાતી અને અંગ્રેજી માધ્યમની શાળાઓ, વિવિધ છાત્રાલયો તથા કન્યાઓ માટે વિનયન અને કૉમર્સ કૉલેજ, ઉપરાંત પી.ટી.સી., બી.એડ્., એમ.એડ્, બી.ફાર્મ, એમ.ફાર્મ., બી.બી.એ., બી.સી.એ., એમ.બી.એ., એમ.સી.એ., એમ.એસસી. (સી.એ. અને આઈ.ટી),

પી.જી.ડી.સી.એ., બી.કૉમ. (અંગ્રેજી માધ્યમ), ડિગ્રી એન્જિનિયરિંગ, પૉલિટેકનિક, બી.એસસી. નર્સિંગ, આઈ.એ.એસ. (ટ્રેઇનિંગ સેન્ટર), લલિત કલાઓ વગેરેના શિક્ષણ માટે ઉચ્ચ ગુણવત્તાપૂર્ણ વિદ્યાસંસ્થાઓની સ્થાપના કરવામાં આવી છે. અહીં કુલ ૩૬૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળની વિકાસકૂચ સતત ઊર્ધ્વગતિએ ચાલુ રહી છે તેનું એક વધુ પ્રમાણ એ કે ગુજરાત વિધાનસભાએ વર્ષ ૨૦૦૭માં ઍક્ટ નંબર ૨૧ 'કડી સર્વ વિશ્વવિદ્યાલય' ગાંધીનગર પસાર કરી પ્રાઇવેટ સ્વનિર્ભર યુનિવર્સિટી સ્થાપવાની અનુમતિ પ્રદાન કરી, જેને યુજીસીની પણ માન્યતા મળી છે. આ યુનિવર્સિટી દ્વારા વિવિધ વિદ્યાશાખાઓમાં સ્નાતક અને અનુસ્નાતકના અભ્યાસની વ્યવસ્થા ઉપરાંત ૪ વિષયોમાં એમ.ફીલ. તથા ૧૭ વિષયોમાં પીએચ.ડી.ના શિક્ષણની વ્યવસ્થા કરવામાં આવી છે. સંસ્થાના કર્ણધારો આ યુનિવર્સિટીને 'University of Excellence' તરીકેની આગવી ઓળખ પ્રસ્થાપિત કરવા કૃતનિશ્ચયી છે.

શતાબ્દી પૂરી કરવાના અંતિમ દશકામાં પ્રવેશેલ આ મંડળ ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસની એક મહત્ત્વપૂર્ણ કડી છે. ગુજરાતના સામાજિક, શૈક્ષણિક, આર્થિક અને રાજકીય વિકાસમાં આ મંડળનો નોંધપાત્ર ફાળો રહ્યો છે. આ મંડળ સંચાલિત વિવિધ શાળા-કૉલેજોના વિદ્યાર્થીઓ એનકવિધ ક્ષેત્રે ઉચ્ચતમ સિદ્ધિનાં શિખરો હાંસલ કર્યાં છે, જે સંસ્થા માટે ગૌરવરૂપ છે. આવી આ ગરવી સંસ્થાના ઝળહળતા વિકાસના પાયામાં તેના આર્ષદ્રષ્ટા પૂજ્ય છગનભાની આત્મશ્રદ્ધા, પુરુષાર્થ અને નિઃસ્વાર્થ સેવાપરાયણવૃત્તિ પ્રેરકબળ રહ્યાં છે. આ પ્રેરકબળને જીવંત રાખવામાં અને મૂર્તિમંત કરવામાં ગાંધીદર્શનથી પ્રભાવિત અને સંસ્થા માટે સમર્પિત એવા ઋષિકુળના આચાર્યો સમા શ્રી પોપટલાલ પટેલ, શ્રી બાપુભાઈ ગામી, શ્રી નાથાલાલ દેસાઈ, શ્રી મોહનલાલ પટેલ, શ્રી મનુભાઈ પટેલ વગેરે તથા કર્તવ્યપરાયણ શિક્ષકો અને કર્મચારીઓ મળ્યા જે આ સંસ્થાનું મોટું સદ્‌ભાગ્ય છે. કર્મયોગી આચાર્યશ્રીઓ અને શિક્ષકોની કાર્યનિષ્ઠાના પરિણામે કડી 'ઉત્તર ગુજરાતના કાશી' 'કડી સોનાની દડી', 'No kadi No Study' જેવી લોકોક્તિઓથી અલંકૃત થયું છે.

સંસ્થાના વિકાસ માટે શિક્ષક પરિવાર અને વિદ્યાર્થીઓ ઉપરાંત એક મહત્ત્વપૂર્ણ કડી તે તેના કર્ણધારો / સંચાલકો અને સમાજ છે. આ સંસ્થાને જે કર્ણધારો મળ્યા તે બધા જ કેળવણી પ્રેમી અને સંસ્થાના ભેખધારી સેવકો. આમ, મંડળના આ સભ્યો સમાજસેવા અને સમર્પણની ભાવનાથી પ્રેરાઈને સંસ્થામાંથી કોઈ પણ પ્રકારનું માનદવેતન પણ લીધા સિવાય કાર્ય કરે છે, તેમજ સંસ્થાનાં કાર્યો માટે અવરજવર પણ સ્વખર્ચે કરે છે. કન્યાકેળવણીને ઉત્તેજન, વિદ્યાર્થી સહાયક ફંડ, મૅનેજમેન્ટ ક્વોટાનો ત્યાગ અને મેરિટ આધારિત પ્રવેશ, ૧૦% વિદ્યાર્થીઓને ફી લીધા સિવાય પ્રવેશ આપવો – એ.આઈ.સી.ટી. દ્વારા સૂચિત 'ફી વીવર સ્કીમ'નો અમલ, કડી સર્વ વિશ્વવિદ્યાલયના ૫% વિદ્યાર્થીઓને મૅરિટ સ્કોલરશીપ આપવાની યોજના વગેરેનું અણીશુદ્ધ પાલન સર્વ વિદ્યાલય કેળવણી મંડળની આગવી મુદ્રાને ઉજાગર કરે છે. આ મંડળ પોતાનું ઉત્તરદાયિત્વ પૂર્ણ સભાનતા સાથે નિભાવી રહ્યું છે અને તે પણ શૈક્ષણિક મૂલ્યોના જતન સાથે. એક બૉર્ડિંગથી શરૂ કરી સમાજની ભાવિ જરૂરિયાતોને ધ્યાને લઈ અવનવા અભ્યાસક્રમો શરૂ કરતાં કરતાં યુનિવર્સિટી સુધીની હરણફાળ ભરવામાં આ બધા સંચાલકોની દૂરંદેશિતા અભિનંદનની અધિકારી બની રહે છે.

વર્તમાન કર્મઠ ચૅરમૅન શ્રી માણેકલાલ પટેલ છેલ્લા ૪ દશકાઓથી મંડળનો કાર્યભાર સંભાળી રહ્યા છે. તેમના નેતૃત્વ હેઠળ મંડળની અભૂતપૂર્વ વિકાસકૂચ મંડળના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે લખાશે. તેમનું દષ્ટિવંત નેતૃત્વ, જૈફવયે પણ યુવાનોને શરમાવે તેવો તરવરતો ઉત્સાહ અને પુરુષાર્થ અનુકરણીય અને શ્લાઘનીય છે. તેમના વ્યક્તિત્વની નોંધપાત્ર બાબત એ છે કે મંડળની ૬૦થી અધિક કાર્યરત સંસ્થાઓની તમામ વિગતો હૈયે અને હોઠે. એક શિક્ષણમંત્રી માટે અપેક્ષિત દીર્ઘદષ્ટિ અને સજ્જતાથી પણ અધિક ક્ષમતા અને કોઠાસૂઝ તેઓશ્રી ધરાવે છે. કડી અને ગાંધીનગરનાં પરિસરોમાં ઉચ્ચ શિક્ષણના વૈવિધ્યસભર અભ્યાસક્રમો શરૂ કરી Value Added Education પૂરું પાડવાનું શ્રેય તેમના શિરે જાય છે. ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં વિવિધક્ષેત્રોમાં શ્રેષ્ઠ પ્રદાન કરનાર ૧૦૦ અગ્રણી વ્યક્તિઓની યાદીમાં શ્રી માણેકલાલ પટેલના નામનો સમાવેશ થયો છે, તે સંસ્થા માટે ગૌરવ છે.

ધ્યેયનિષ્ઠ અને સેવાપરાયણ કર્ણધારોનાં કાર્યોથી પ્રભાવિત થઈ સમાજ તરફથી કરોડો રૂપિયાનાં દાન મળી રહ્યાં છે. અહીં દાનગંગા અને જ્ઞાનગંગા વણથંભી સમાન ગતિએ પ્રવાહિત થઈ રહી છે. પ્રાચીન સમયના શ્રી અને સરસ્વતીથી શોભાયમાન પાટણ નગર માટે કવિ બાલચંદ્રે 'વસંતવિલાસ' મહાકાવ્યમાં કહ્યું છે, 'कलहायते न सह शारदया कमलाऽत्रवासरसलोभवति' અર્થાત્ **'અહીં નિવાસ કરવાના રસલોભથી લક્ષ્મી સરસ્વતી સાથે કલહ કરતી નથી.'** પ્રવર્તમાન સમયમાં આ ઉક્તિ કડીની આ સંસ્થા માટે પણ યથાર્થ રીતે લાગુ પડે છે.

## સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી સંચાલિત વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ

### કડી કૅમ્પસ

૧. પ્રમુખ સ્વામી સાયન્સ ઍન્ડ એચ.ડી. પટેલ આર્ટસ કૉલેજ (બી.એસસી, એમ.એસસી. (રસાયણશાસ્ત્ર અને ગણિતશાસ્ત્ર), બી.એ.)
૨. એસ.વી. કૉલેજ ઑફ ઍજ્યુકેશન
૩. સૂરજબા કૉલેજ ઑફ ઍજ્યુકેશન (કે.એસ.વી. સંલગ્ન)
૪. આચાર્યશ્રી મનુભાઈ જે. પટેલ એમ.એડ્. કૉલેજ
૫. નરસિંહભાઈ પટેલ કૉલેજ ઑફ કમ્પ્યુટર સ્ટડીઝ ઍન્ડ મૅનેજમૅન્ટ (બી.સી.એ અને બી.બી.એ.)
૬. નરસિંહભાઈ પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ કમ્પ્યુટર સ્ટડીઝ (એમ.સી.એ.)
૭. નરસિંહભાઈ પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમૅન્ટ સ્ટડીઝ (એમ.બી.એ.)
૮. કે.એન.બી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ પી.જી. ડિપ્લોમા સ્ટડીઝ (પી.જી.ડી.સી.એ.)
૯. મમતા સ્કૂલ ઑફ ઈન્ફોર્મૅશન ટૅક્નોલૉજી
૧૦. શ્રીમતી માણેકબેન સી. કે. પટેલ લલિતકલા ઍકેડેમી
૧૧. ડૉ. રામભાઈ એમ. પટેલ પી.ટી.સી. કૉલેજ
૧૨. શ્રીમતી મધુબેન પોપટલાલ પટેલ મહિલા પી.ટી.સી. કૉલેજ
૧૩. શ્રી સાંકળચંદ કાળીદાસ પટેલ ઔદ્યોગિક તાલીમ સંસ્થા
૧૪. રા.ર. શેઠશ્રી પ્રાણસુખલાલ મફતલાલ વિવિધલક્ષી સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ
૧૫. શ્રીમતી કમળાબેન અમૃતલાલ પટેલ શિવહરિ સૅકન્ડરી ઍન્ડ હાયર સૅકન્ડરી ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ

૧૬. શ્રી દશુભાઈ એ. પટેલ ટેક્નિકલ હાઈસ્કૂલ
૧૭. શ્રીમતી શારદાબેન ધર્માભાઈ પટેલ (ભટાસણ) ઇંગ્લિશ મીડિયમ પ્રાયમરી સ્કૂલ
૧૮. શાંતાબેન માણેકલાલ કેશવલાલ પટેલ પ્રાથમિક શાળા
૧૯. શ્રી કડી નાગરિક સહકારી બેંક પ્રાથમિક શાળા
૨૦. મેઘના નિરંજન શિશુ વિદ્યાવિહાર
૨૧. શ્રીમતી ગોમતીબેન રામભાઈ એમ. પટેલ ઇંગ્લિશ મિડિયમ કિંડરગાર્ટન

## ગાંધીનગર કેમ્પસ

૧. ઉમા આર્ટ્સ એન્ડ નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ
૨. એલ.ડી.આર.પી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલૉજી એન્ડ રિસર્ચ (એન્જિનિયરિંગ– બી.ઈ.; ઇલેક્ટ્રિકલ, ઇલેક્ટ્રિકલ એન્ડ કોમ્યુનિકેશન, ઈન્ફર્મેશન ટેક્નોલૉજી, કમ્પ્યુટર, અને મિકેનિકલ; એમ.બી.એ.; એમ.સી.એ.)
૩. વી.પી.એમ.પી. પોલિટેકનીક
૪. શરદબેન શાંતિભાઈ પટેલ પી.ટી.સી. કૉલેજ (ગુ.મા.)
૫. સર્વ વિદ્યાલય ઇંગ્લિશ મીડિયમ પી.ટી.સી. કૉલેજ
૬. શેઠ સી.એમ. હાઈસ્કૂલ એન્ડ હાયર સૅકન્ડરી સ્કૂલ
૭. શ્રીમતી આર.સી.પટેલ સેકન્ડરી એન્ડ હાયર સૅકન્ડરી સ્કૂલ
૮. એમ.બી.પટેલ સેકન્ડરી એન્ડ હાયર સૅકન્ડરી ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ
૯. શ્રીમતી આર. જી. પટેલ ગર્લ્સ હાઈસ્કૂલ એન્ડ શ્રીમતી એસ.બી.પટેલ ગર્લ્સ હાયર સેકન્ડરી સ્કૂલ
૧૦. સવિતાબેન ગોવિંદભાઈ પટેલ ઇંગ્લિશ મીડિયમ પ્રાઈમરી સ્કૂલ
૧૧. આર.એન.પટેલ પ્રાથમિક શાળા
૧૨. જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળા
૧૩. એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા
૧૪. હીરાબેન વિઠ્ઠલભાઈ પટેલ કન્યા બાલમંદિર
૧૫. વી.એમ.પટેલ બાલમંદિર
૧૬. શિવકોરબા કાળિદાસ પટેલ કિંડર ગાર્ટન ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ
૧૭. મમતા કમ્પ્યુટર ટ્રેનિંગ સેન્ટર
૧૮. આર.એન. લલિતકલા / શિવણ ભરતગૂંથણ
૧૯. મમતા આઈ.એ.એસ. ટ્રેઈનિંગ સેન્ટર
૨૦. સ્કૂલ ઑફ એપ્લાઈડ આર્ટસ મલ્ટીમિડિયા
૨૧. કાલુપુર બેંક કમ્પ્યૂટર સાયન્સ સેન્ટર

## કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર

**(અનુસ્નાતક વિભાગો અને સંલગ્ન કૉલેજો)**

૧. કે.બી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફાર્માસ્યુટીકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ એન્ડ ડી.આર. પટેલ સેન્ટર ફૉર એન્ડવાન્સ્ડ સ્ટડીઝ ઈન ફાર્માસ્યુટીકલ બાયોટેક્નોલૉજી (B.Pharm., M.Pharm., Pharm. D)
૨. એસ.કે. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ એન્ડ કમ્પ્યૂટર સ્ટડીઝ (M.B.A. / M.C.A.)
૩. ડિપાર્ટમેન્ટ ઑફ ફાર્માસ્યુટીકલ મૅનેજમેન્ટ (M.B.A. Pharm)
૪. ડિપાર્ટમેન્ટ ઑફ બાયાટેક્નોલૉજી (M.Sc. Biotechnology)
૫. ડિપાર્ટમેન્ટ ઑફ બાયોઈન્ફોરમેટીક્સ (M.Sc. Bioinformatics)
૬. ડિપાર્ટમેન્ટ ઑફ કમ્પ્યુટર સાયન્સ (M.Sc. I.T.)
૭. ડિપાર્ટમેન્ટ ઑફ કોમર્સ (M.Com.)
૮. ડિપાર્ટમેન્ટ ઑફ જર્નાલિઝમ (P.G.D.JMC.)

૯. શ્રીમતી ચંચળબેન મફતલાલ પટેલ કૉલેજ ઑફ નર્સિંગ (B. Sc (Nursing), GNM, Post Basic Nursing)
૧૦. અશ્વિનભાઈ અમૃતભાઈ પટેલ કૉમર્સ કૉલેજ (અંગ્રેજી–ગુજરાતી માધ્યમ, B.Com.)
૧૧. શ્રી ભોળાભાઈ પટેલ કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (B.B.A.)
૧૨. શ્રી ભોળાભાઈ પટેલ કૉલેજ ઑફ કમ્પ્યુટર સ્ટડીઝ (B.C.A. / P.G.D.C.A.)
૧૩. આર.એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.ઍડ્. કૉલેજ (B. Ed.)
૧૪. સૂરજબા કૉલેજ ઑફ ઍજ્યુકેશન (B. Ed.)
૧૫. શરદબેન શાંતિભાઈ પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન (B. Ed.)
૧૬. વકીલ શ્રી ધનાભાઈ હરગોવિંદદાસ પટેલ (ગણેશપુરા) એમ.એડ્. કૉલેજ (M. Ed.)
૧૭. એમ.ફીલ. (ઇંગ્લિશ, શિક્ષણશાસ્ત્ર, શારીરિક શિક્ષણશાસ્ત્ર અને કમ્પ્યુટર સાયન્સ)
૧૮. પીએચ.ડી. (સંસ્કૃત, ગુજરાતી, હિન્દી, ઇંગ્લિશ, મનોવિજ્ઞાન, અર્થશાસ્ત્ર, સમાજકાર્ય, શિક્ષણશાસ્ત્ર, શારીરિક શિક્ષણ, ગણિતશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, મૅનેજમેન્ટ, વાણિજ્ય, કમ્પ્યુટર વિજ્ઞાન, બાયોટેક્નોલૉજી, ફાર્મસી, એન્જિનિયરિંગ અને ટેક્નોલૉજી.)

આ બધી વિવિધ સ્તરની શિક્ષણ સંસ્થાઓ ઉપરાંત કડી અને ગાંધીનગરનાં કેમ્પસોમાં ૨૧ છાત્રાલયો, અતિથિગૃહ, ઑડિટોરિયમ, અદ્યતન પ્રયોગશાળાઓ અને સુસજ્જ ગ્રંથાલયો અસ્તિત્વમાં છે.

# પ્રાસંગિક

## `કર્મચૂડામણિ માણેકલાલ : શ્રી માણેકલાલ માધવલાલ પટેલ અભિવાદન ગ્રંથ' વિમોચન સમારોહ

કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરના પ્રેસિડેન્ટ, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી–ગાંધીનગરના ચૅરમૅન, શ્રી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળના ચૅરમૅન તથા અનેકવિધ શૈક્ષણિક, સામાજિક અને ઔદ્યોગિક સંસ્થાઓ સાથે સક્રિય રીતે જોડાયેલા એવા ખરા અર્થમાં સમાજહિતેચ્છુ અને શિક્ષણના આર્ષદ્રષ્ટા અને શૈક્ષણિક સંસ્થાઓના રોલમોડેલ સંચાલકશ્રી માણેકલાલ પટેલના અભિવાદન ગ્રંથનો વિમોચનસમારોહ પ્રતિભાસંપન્ન સર્જક પદ્મશ્રી ડૉ. ભોળાભાઈ પટેલના અધ્યક્ષસ્થાને સર્વ વિદ્યાલય કૅમ્પસ, ગાંધીનગર, સેક્ટર–૨૩માં તા. ૧ ફેબ્રુઆરી, ૨૦૧૧ના દિવસે યોજવામાં આવ્યો હતો. આ ગૌરવવંતા પ્રસંગે વિશેષ અતિથિશ્રી તરીકે ગુજરાત રાજ્યના માનનીય મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલ, માનનીયા મંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ અને માનનીય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલ; ગણપત યુનિવર્સિટી, ખેરવા, મહેસાણાના પ્રેસિડેન્ટ તથા પૂર્વ ઉદ્યોગમંત્રી માનનીય શ્રી અનિલભાઈ પટેલ, ગુજરાત રાજ્યના સેવાનિવૃત્ત મુખ્ય સચિવ તથા ગાંધીદર્શનના અભ્યાસી શ્રી પ્રવીણ લહેરી અને લબ્ધપ્રતિષ્ઠ સર્જક શ્રી રઘુવીર ચૌધરી ઉપસ્થિત

રહ્યા હતા. આ ઉપરાંત અન્ય મહાનુભાવો પૈકી શ્રી ઉમિયા માતાજી ટ્રસ્ટ ઊંઝાના પ્રમુખશ્રી કેશવલાલ વિ. શેઠ, 'શ્રી મોહનલાલ પટેલ સાહિત્યવર્તુળ'ના પ્રમુખ શ્રી મોહનલાલ પટેલ, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગરના પ્રમુખ શ્રી આર.કે. પટેલ અને ઉપપ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ મંચ ઉપર બિરાજમાન થયા હતા.

પ્રાર્થના અને સંસ્થાગીત બાદ કાર્યક્રમના પ્રારંભમાં મંડળના ઉપપ્રમુખ ડૉ. કનુભાઈ પટેલે સૌ આમંત્રિતોનું હૃદયના ઉમળકાથી સ્વાગત કરીને અતિથિશ્રીઓનો સંક્ષેપમાં, છતાં સૌની આગવી લાક્ષણિકતાઓ રજૂ કરતો અંતરંગ પરિચય કરાવ્યો હતો, તેમજ મંડળની વિકાસગાથા સંક્ષેપમાં વર્ણવીને છેલ્લા ચાર દાયકા દરમિયાન મંડળે સાધેલ અભૂતપૂર્વ વિકાસનું શ્રેય શ્રી માણેકલાલ સાહેબના સમર્પિત અને દીર્ઘદષ્ટિપૂર્ણ નેતૃત્વને શિરે જાય છે તેમ જણાવીને તેમને ગતિશીલ ચૅરમૅન તરીકે ઓળખાવ્યા હતા. તેમજ સર્વવિદ્યાલયની પ્રસરી રહેલી સોડમનું રહસ્ય ઉદ્‌ઘાટિત કરવા માટે તેમણે રૂપક તરીકે ગૌતમ ઋષિના આશ્રમમાં રામના આગમનનો રસપ્રદ પ્રસંગ ઉદ્‌ધૃત કરીને સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

સમારોહની ભૂમિકામાં 'શ્રી મોહનલાલ પટેલ સાહિત્યવર્તુળ' કડીના પ્રમુખ તથા સંનિષ્ઠ શિક્ષક-આચાર્ય (સેવાનિવૃત્ત) શ્રી મોહનલાલ પટેલે પ્રસ્તુત ગ્રંથના સંપાદન-પ્રકાશનની ઔચિત્યતા દર્શાવીને શ્રી માણેકલાલ પટેલના શૈક્ષણિક અને સાહિત્યિક પ્રવૃત્તિઓના વિકાસમાં પ્રદાન વિશે વિગતવાર ચર્ચા કરી હતી. તેમજ આ પ્રસંગે ૧૨મી સદીમાં મહારાજા જયસિંહદેવ સિદ્ધરાજ દ્વારા હેમચંદ્રાચાર્ય રચિત 'સિદ્ધહેમશબ્દાનુશાસન' ગ્રંથના ભવ્ય લોકાર્પણ મહોત્સવની યાદ તાજી કરાવી હતી. આ ઉપરાંત મંડળની સ્થાપના સમયની સામાજિક-શૈક્ષણિક પરિસ્થિતિ જણાવીને પૂજ્ય છગનભાએ શિક્ષણ દ્વારા સમાજસુધારણા માટે જે ભગીરથ પ્રયાસો કર્યા તે અંગે તેમજ મંડળના પાયાના સંસ્થાપકો વિશે અણકથી વિગતો જણાવી હતી. વધુમાં તેમણે સાહિત્યવર્તુળની સાહિત્યક-પ્રવૃત્તિઓ ઉપરાંત સામાજિક સેવાઓની ઝાંખી પ્રસ્તુત કરી હતી, તેમજ સાહિત્યવર્તુળને સર્વ વિદ્યાલયનો સહયોગ સાંપડ્યો તેને સદ્‌ભાગ્ય ગણાવ્યું હતું.

મંચસ્થ મહાનુભાવોના વરદહસ્તે 'કર્મચૂડામણિ માણેકલાલ અભિવાદન ગ્રંથ'નું વિમોચન કર્યા બાદ કર્મયોગી શ્રી માણેકલાલ પટેલનું અતિથિશ્રીઓ દ્વારા પુસ્તકો ('હિંદ સ્વરાજ', 'સરદાર વલ્લભભાઈ પટેલ', 'કન્વીનિયન્ટ ઍક્શન' અને 'કેળવે તે કેળવણી' સ્મૃતિચિહ્નો અને શાલ અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત શ્રી પ્રવીણ લહેરીના કરકમલો દ્વારા શ્રી માણેકલાલ પટેલને તામ્રપત્ર ઉપર ઉત્કીર્ણ પ્રશસ્તિપત્ર અર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અભિવાદનગ્રંથના મુખ્ય સંપાદક અને જાણીતા સાહિત્યકારશ્રી મોહનલાલ પટેલનું ગુજરાત રાજ્યના માનનીય મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલના વરદહસ્તે શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે શ્રી મોહનલાલ પટેલ હાઈસ્કૂલ શિક્ષણ દરમિયાન માનનીય શ્રી નરોત્તમભાઈના ગુરુ હતા.

અગ્રણી પત્રકાર અને 'ગાંધીનગર સમાચાર'ના તંત્રીશ્રી કૃષ્ણકાન્ત જહાએ પ્રસંગોચિત વક્તવ્યમાં જણાવ્યું કે રાજકારણના આટાપાટાવાળા આ ગાંધીનગરને શિક્ષણના સીધા પાટે ચઢાવવાનું ભગીરથ કાર્ય શ્રી માણેકકાકાએ કરી દેખાડ્યું છે. આ નગરના અડધોઅડધ વિદ્યાર્થીઓને શિક્ષણ અને સંસ્કાર આપતી આ સંસ્થાની પ્રગતિ શ્રી માણેકલાલના પુરુષાર્થને આભારી છે. શિક્ષણના વ્યાપારના યુગમાં કોઈ ડૉનેશન કે મૅનેજમેન્ટ ક્વૉટા સિવાય ચાલતી

એકમાત્ર સંસ્થા સર્વ વિદ્યાલય કેળવણી મંડળનું નામ શિક્ષણના ઇતિહાસમાં ગૌરવભેર લખાશે. શ્રી માણેકકાકાએ આ સંસ્થા અને ગાંધીનગરને પોતાનું જીવન સમર્પિત કર્યું છે. તેમનું યોગદાન ઘણું મોટું રહ્યું છે. સરદાર પટેલના ગુણો ધરાવતા શ્રી માણેકકાકાનું અભિવાદન કરતો આ ગ્રંથ શિક્ષણ અને સમાજ ક્ષેત્રે કાર્ય કરતા સૌ કોઈ વ્યક્તિઓ માટે માર્ગદર્શક બની રહેશે.

લબ્ધપ્રતિષ્ઠ સર્જક શ્રી રઘુવીર ચૌધરીએ પ્રાસંગિક વક્તવ્યમાં જણાવ્યું કે શ્રી માણેકલાલભાઈને શિક્ષક બનવું હતું. પરંતુ ઉચ્ચ મેરિટ ધરાવતા હોવા છતાં પસંદગીકારોએ તેમને પસંદ ન કર્યા, તેનો બદલો તેમણે સર્વ વિદ્યાલયનું યશસ્વી સુકાન પૂરું પાડીને લીધો. તેમણે કડીને દેશનું સંસ્કારતીર્થ બનાવ્યું. આ સંસ્થાએ કેટલાં બધાં નવાં સરસ સંકુલો ઊભાં કર્યાં છે ? ભલે બીજે બધે શ્રી નરેન્દ્રભાઈનું રાજ્ય ચાલે, પરંતુ અહીં તો શ્રી માણેકલાલનું જ રાજ્ય ચાલે છે. તેઓશ્રી એક સફળ વેપારી-ઉદ્યોગપતિ છે. તેમણે વેપારનું કામ છોડીને શિક્ષણનું કામ હાથમાં લીધું અને તે ઉત્તમ રીતે સંપન્ન કરી રહ્યા છે. તેમણે રાજર્ષિના બદલે સ્વેચ્છાએ બ્રહ્મર્ષિનો માર્ગ પસંદ કર્યો છે. તેમની કાર્યક્ષમતા અને કોઠાસૂઝના કારણે કડી, ગાંધીનગર અને અન્ય વિસ્તારોમાં શિક્ષણસંસ્થાઓનો ત્વરિત વિકાસ થયો. તેમણે ગાંધીનગરમાં આયોજિત ગુજરાતી સાહિત્ય પરિષદના અધિવેશનમાં સ્વાગત સમિતિનું અધ્યક્ષપદ શોભાવ્યું હતું અને સુનિયોજિત વ્યવસ્થાનું આદર્શ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. આ સંસ્થાએ ગુજરાતને ગણિતના શિક્ષકો, ડૉક્ટરો, એન્જિનિયરો વગેરે મોટી સંખ્યામાં પૂરા પાડ્યા છે. વધુમાં શ્રી રઘુવીરભાઈએ પટેલ સમાજ દ્વારા શિક્ષણ ક્ષેત્રે કરેલ પદાર્પણની સરાહના કરી હતી, તેમજ ભાવિ પેઢી માટે ઉપયોગી થઈ પડે તે હેતુસર શ્રી માણેકલાલ પટેલને આત્મકથા લખવા સૂચન કર્યું હતું.

શ્રી પ્રવીણ લહેરીએ પ્રાસંગિક ઉદ્બોધનમાં જણાવ્યું કે સર્વ વિદ્યાલયની ૯૦ વર્ષની યાત્રામાં અનેક વ્યક્તિઓએ પ્રદાન કર્યું છે, પરંતુ નાના બીજને શિક્ષણનો વડલો બનાવવાનું કામ શ્રી માણેકકાકાએ જે ઝડપથી, જે દક્ષતાથી, જે ચોકસાઈથી અને જે ભાવનાથી કર્યું તે સંચાલનના ક્ષેત્રે એક સર્વોત્તમ ઉદાહરણ છે એમ કહું તો કશું ખોટું નથી. શ્રી માણેકકાકા ઉત્સાહમૂર્તિ છે. ગુજરાતના બે પ્રાતઃ સ્મરણીય વ્યક્તિઓ એક મહારાજા અને બીજા ફકીર. આ બંને એ એક વાતને પ્રમાણિત કરી છે કે આ સંસ્થાનો પાયો અલગ રીતે રચાયો છે. આટલા વર્ષો પછી પણ એ જ ભાવના અને વાતાવરણ જળવાઈ રહ્યું છે. તે પરમ સદ્ભાગ્યની વાત છે. શિક્ષણના અધિકારનો કાયદો હવે આવ્યો પણ આ સંસ્થા વર્ષો પૂર્વેથી સૌને શિક્ષણ પૂરું પાડવાનું કાર્ય કરી રહી. જેની નોંધ લેવી રહી. શ્રી માણેકકાકાએ ખરેખર અભિનંદનીય કાર્ય કર્યું છે. તેઓશ્રી ઘણાં વિશેષણોના હક્કદાર છે. તેઓશ્રી સંસ્થાને સમર્પિત છે. સંપૂર્ણપણે પોતાનો સમય સંસ્થાકીય કાર્યોમાં ફાળવે છે. પોતાની તમામ શક્તિઓ સંસ્થા માટે વાપરે છે. સમાજ માટે આ એક પ્રેરક ઘટના છે. તેઓશ્રી યથાર્થ રીતે જ કર્મચૂડામણિ છે. કવિ કરસનદાસ માણેકની કાવ્યપંક્તિઓ – 'જીવન મારું અંજલિ થાજો...'ના હાર્દ અનુસાર જો કોઈએ પોતાનું જીવન ચરિતાર્થ કર્યું હોય તો તે શ્રી માણેકકાકાએ ચરિતાર્થ કર્યું છે. તેમણે લક્ષ્મીની ઉપાસના છોડીને સરસ્વતીની સેવાનો ભેખ ધારણ કર્યો છે. તેમનો તરવરાટ અનુકરણીય છે. તેઓશ્રી પોતાની ઊર્જાનો ઉપયોગ હેતુસર વાપરે છે અને ધાર્યું પરિણામ નિપજાવે છે. એક ઝુઝારું વ્યક્તિત્વ ધરાવે છે. સંસ્થાના કાર્ય હેતુ લડી પણ લે છે.

હંમેશાં પોતાના કામમાં ઓતપ્રોત રહે છે. 'કર ભલા હોગા ભલા' એ તેમનો જીવનમંત્ર રહ્યો છે. તેમની ભાવનાને ધ્યાને લઈ કહેવું પડે કે તેઓશ્રી ૨૪ કેરેટના સોના જેવા છે. તેમણે પોતાની ભાવનાને કદાપિ કાટ ન લાગવા દીધો. અમદાવાદમાં વિવિધ પ્રકારના શિક્ષણ માટે અનેકવિધ સંસ્થાઓ કાર્યરત છે. પરંતુ આજે સૌથી વધારે જરૂર છે માનવીનું ઘડતર કરનાર સંસ્થાઓની. આ સંસ્થા શ્રી માણેકકાકાના નેતૃત્વ હેઠળ આ પ્રકારનું કાર્ય કરી રહી છે. તેઓશ્રી આ સામ્રાજ્યને મૂલ્યના આધારે ચલાવી રહ્યા છે. એક કપરી કામગીરી બજાવી રહ્યા છે. તેમને વંદન સાથે આપ સૌનો આભાર.

ગણપત યુનિવર્સિટીના આર્ષદ્રષ્ટા અને તેના પ્રેસિડેન્ટ તથા પૂર્વ ઉદ્યોગમંત્રી શ્રી અનિલભાઈ પટેલે પોતાના વક્તવ્યના પ્રારંભમાં કોઈ એક વિચારકનું કથન ટાંકીને જણાવ્યું કે જે સમાજ પોતાના વિશિષ્ટ વ્યક્તિત્વનું યથાયોગ્ય સન્માન કરતો નથી તે સમાજની પ્રગતિ રૂંધાઈ જાય છે. આ સંદર્ભે આજના આ અભિવાદનકાર્યના સૌ આયોજકો ધન્યવાદને પાત્ર છે. હું આ સંસ્થાનો વિદ્યાર્થી રહી ચૂક્યો છું, જેનો મને ગર્વ છે. હમણાં શ્રી નીતિનભાઈએ આ સંસ્થા સાથે તેમની ત્રણ પેઢીના સંબંધની વાત કરી. પરંતુ મારી ચાર પેઢી આ સંસ્થામાં અભ્યાસ કરી ચૂકી છે. આ સંસ્થાએ વર્ગખંડના શિક્ષણ ઉપરાંત સંસ્કારઘડતરનું અને સમાજમાં સારપ ફેલાવવાનું કાર્ય કર્યું છે. તેથી તેના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ હંમેશાં પોતાનું ઋણ અદા કરવા તત્પર રહે છે. આ સંસ્થાના સારથિ તરીકે શ્રી માણેકલાલ જેવા સુયોગ્ય વ્યક્તિ એક મિશનરી ભાવથી કામ કરી રહ્યા હોય તે ધન્યવાદને – અભિનંદનને પાત્ર છે. આ સંસ્થા દ્વારા ભાવિ પેઢી – યુવાપેઢીના સશક્તિકરણ માટે ભારે મોટું કાર્ય કરવામાં આવી રહ્યું છે. આ સંસ્થાના DNAમાં જ મૂળ તત્ત્વ – બીજ પૂજ્ય છગનભાનો મંત્ર 'કર ભલા હોગા ભલા' રહ્યો છે. આવી સંસ્થાઓ થકી જ રાજ્યનું ઘડતર કરી શકીએ છીએ. સારપનું વાવેતર કરી ઉત્તમ Harvesting – લણણી – કરી શકીએ છીએ. શ્રી અનિલભાઈએ આવી શિક્ષણસંસ્થાઓ માટે સમાજનો કેવો અભિગમ હોવો જોઈએ તે સંદર્ભે એક નવતર પ્રયોગ તરીકે મૌલિક સૂચન કરતાં જણાવ્યું કે સમાજ દ્વારા પણ આવી સંસ્થાઓનું એક્રીડિટેશન – Accreditation – થવું જોઈએ કે જેથી દાતાશ્રીઓમાં પણ દાન આપવાની ભાવના ઊભી થઈ શકે. તેમણે પોતાના વક્તવ્યના સમાપનમાં કહ્યું કે શ્રી રઘુવીરભાઈએ કહ્યું તેમ હું શ્રી માણેકલાલને ૧૨૫ વર્ષ માટે નહીં પરંતુ તેમના લાંબા આયુષ્ય માટે પરમાત્માને પ્રાર્થના કરીશ. તેમના માર્ગદર્શન હેઠળ ડૉ. કનુભાઈ, શ્રી વલ્લભભાઈ વગેરે યુવામિત્રો તેમના આદર્શો અનુસાર કાર્ય કરી રહ્યા છે, તેમાં તેમનું સાચું અભિવાદન છે. આ મિશનરી ભાવથી આ કાર્ય આગળ ધપાવતા રહીએ તે જ અભ્યર્થના.

ગુજરાત રાજ્યના માનનીય મંત્રીશ્રી નીતિનભાઈએ પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં પોતાના માદરે વતન કડીનાં અને સર્વ વિદ્યાલયનાં સંસ્મરણો તાજાં કરતાં તેમજ આજના પ્રસંગને હૃદયના ઉમળકાભેર વધાવતાં જણાવ્યું કે આજનો પ્રસંગ ગુજરાતના શૈક્ષણિક જગતમાં એક ઐતિહાસિક કાર્યક્રમ કહી શકાય તેવો અવિસ્મરણીય અને કદાચ ન ભૂતો ન ભવિષ્યતિ પ્રકારનો છે. જેમણે પોતાની જાતને સર્વ વિદ્યાલય માટે ખપાવી દીધી છે, જેમણે ભગવાનના નામની જેમ જ સર્વ વિદ્યાલયનું રટણ કર્યું છે. જેઓશ્રીએ એક સિક્કાની બે બાજુ સમાન સર્વ વિદ્યાલય એટલે માણેકલાલ સાહેબ અને માણેકલાલ સાહેબ એટલે સર્વ વિદ્યાલયની ભાવના સાકાર કરી છે, તેવા શ્રી માણેકલાલ સાહેબે દાયકાઓ સુધી સતત-

પ્રયાસ કરીને આ સંસ્થાને ભારે સફળતા અપાવી છે. આજનો આ પ્રસંગ તેમની યશસ્વી સેવાઓને સન્માનવાનો છે. વારંવાર સન્માન કરવાનું મન થાય તેવા શ્રી માણેકલાલ સાહેબ છે. ગુરુવર્ય શ્રી મોહનલાલ સાહેબ અને શ્રી ભોળાભાઈ સાહેબ મને નિમંત્રણ આપવા આવ્યા ત્યારે હર્ષભેર નિમંત્રણ સ્વીકારી લીધું. સર્વ વિદ્યાલયે રાષ્ટ્રને સમર્પિત નાગરિકો ભેટ ધર્યા છે. સર્વ વિદ્યાલય માટે ઉત્તર ગુજરાત – અમદાવાદ – ગુજરાત કે પરદેશમાં રહેતા ગુજરાતીઓ માટે કોઈ પરિચય આપવાની જરૂરત ન પડે. તેણે પોતાની આગવી ઓળખ પ્રસ્થાપિત કરી છે. મારે કહેવું જોઈએ કે ગાંધીનગર કે આસપાસનાં ગામડાંમાંથી કે કોઈ અધિકારીઓ કે કર્મચારીઓ પોતાનાં બાળકો માટે પ્રવેશ મેળવવા અંગે મળવા આવે છે ત્યારે કડીની શાળા તરીકે જ ઓળખાવે છે, જેનું મને ભારે ગૌરવ છે. આનંદ છે. આ સંસ્થા નાની તો નાની પણ આ પ્રદેશની ઑક્સફર્ડ કે કેમ્બ્રિજ તરીકે ઓળખાય છે. આવી કડીની સુવાસ છે. પૂ. છગનભાના આશીર્વાદથી આ સંસ્થાને સેંકડો કાર્યકર્તાઓએ પોષણ આપ્યું છે, તેના પરિણામે એક વટવૃક્ષ સમાન બની છે. આપણે સૌ તેના સાક્ષી છીએ. આ સંસ્થા સાથે મારો ત્રણ પેઢીનો સંબંધ છે. મારા પિતાશ્રીએ, મેં અને મારાં બાળકોએ આ સંસ્થામાં અભ્યાસ કર્યો છે. તેનું મને ગૌરવ છે. જે લોકો સર્વ વિદ્યાલય સાથે જોડાયેલા છે તેમણે તેમની કામગીરી સફળ રીતે પૂર્ણ કરી તેમજ સર્વ વિદ્યાલયને તેમનો લાભ મળે તેવી પ્રવૃત્તિઓ કરી છે. માનનીય શ્રી નરોત્તમભાઈ સાથે મળવાનું થાય ત્યારે તેમની ૧૦માંથી ૫ વાતો કડીને – સર્વ વિદ્યાલયને – અનુલક્ષીને જ હોય. આ સંસ્થાને ગાંધીનગરમાં જમીન આપવાની બાબત હોય ત્યારે અમે સૌએ હોંશભેર મદદ કરી છે. માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ સાહેબે કહી રાખ્યું છે કે સર્વ વિદ્યાલયની માગણી અંગે હકારાત્મક રીતે મદદ કરવાની છે. શ્રી નીતિનભાઈએ પોતાનાં અંગત સંસ્મરણો તાજાં કરતાં નિખાલસ ભાવે જણાવ્યું કે કડીમાં અમારાં જીન આસપાસમાં. નવરાશની પળોમાં અમે પ્રસંગોપાત્ત મળીએ. ચર્ચા કરીએ. ક્વચિત ઉગ્ર ચર્ચા પણ કરીએ. હું સાહેબનો લાભાર્થી પણ છું, અને અસરગ્રસ્ત પણ છું. ગમે તે રાજકારણ હોય, આમ છતાં સર્વ વિદ્યાલય માટે કોઈ રાજકારણ નહીં. કડી રેલવે સ્ટેશનના પાટા ઓળંગ્યા બાદ વણલખ્યો નિયમ રહ્યો છે કે તેમાં કોઈ રાજકારણ નહીં. મને જ્યારે જ્યારે તક મળી છે ત્યારે તમામ શક્ય મદદ કરી છે. સંસ્થાને ઉત્તેજન મળે તેમ કર્યું છે. માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીસાહેબનો હેતુ ગુજરાતને વધુ શિક્ષિત બનાવવાનો રહ્યો છે, તેમાં આ સંસ્થા આપણને મદદરૂપ નીવડી રહી છે. તેથી આપણે તેને મદદ કરવી જોઈએ તેવી તેમની ભાવનાને અમે સાકાર કરીએ છીએ. આ સંસ્થા ઉત્તરોત્તર યશસ્વી પ્રગતિ કરે અને શ્રી માણેકલાલ સાહેબ દીર્ઘાયુષ્ય ભોગવે તેવી શુભકામનાઓ પાઠવું છું.

માનનીય મંત્રીશ્રી શ્રીમતી આનંદીબહેન પટેલે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું કે આજનો દિવસ આપણા માટે આનંદ અને ગૌરવવંતો એટલા માટે કે કડીનો પર્યાય કોઈ બન્યું હોય તો તે શ્રી માણેકલાલભાઈ બન્યા છે. ધીરે ધીરે કરીને સારાય ગુજરાતમાં કડીનું નામ આપ સૌએ ભેગા મળીને અજવાળ્યું છે. તેમાં યશસ્વી ફાળો પૂજ્ય માણેકલાલભાઈનો રહ્યો છે. ૮૨ વર્ષની જૈફવયે પણ યુવાનની જેમ કાર્ય કરી રહ્યા છે. પછી તે પ્રવાસમાં હોય કે શાળા-કૉલેજના પ્રશ્નોના ઉકેલ કે નવાં ભવનોના આયોજનમાં. આ બધાં જ કાર્યો સુપેરે પાર પાડતા મેં તેમને જોયા છે. અમેરિકાના

પ્રવાસમાં પણ સંસ્થાનું હિત નજર સમક્ષ રાખીને અન્ય સ્થળોની મુલાકાત લેવાનું ટાળ્યું છે. નર્સિંગ કૉલેજોની આવશ્વકતા હતી ત્યારે તેમણે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈની વાતને ઝીલી લઈને ૪૦૦ જેટલી બહેનોના અભ્યાસ માટે નર્સિંગ કૉલેજ શરૂ કરી. દાન મેળવવું એ એક કળા છે. વ્યક્તિ ઉપર પૂર્ણ ભરોસો હોય ત્યારે દાન મળતું હોય છે. આવી સુવાસ તેમણે ફેલાવી છે. આ સંસ્થાના વિદ્યાર્થીઓ સંસ્થાનું ઋણ અદા કરવા હરહંમેશ તત્પર રહ્યા છે. રાજકારણથી પર થઈને આ સંસ્થાએ પોતાનું નામ કાઢ્યું છે. મારે કહેવું જોઈએ કે સેલ્ફ ફાઈનાન્સ કૉલેજો કમાણી માટે ઊભી થઈ છે. પરંતુ, આ બાબત હાઈકોર્ટ મેટર બની ત્યારે સૌ પ્રથમ શ્રી માણેકલાલ અમને મદદરૂપ થયા અને બધી બેઠકો સરકારને સમર્પિત કરી તથા અન્ય કેટલીક સંસ્થાઓને પણ આમ કરવા સમજાવી શક્યા. તેમણે માત્ર મૅરિટના આધારે જ પ્રવેશ આપવાની નીતિ અપનાવી છે. શ્રી માણેકલાલભાઈ સરકારને પણ વખતોવખત મદદરૂપ નીવડ્યા છે. અનેકવિધ બેઠકો યોજવા તેમણે તૂર્ત જ આનંદભેર સગવડો કરી આપી છે. આ સંસ્થાએ સમાજના હિત માટે અને બાળકોના સર્વાંગી વિકાસ માટે કાઠું કાઢ્યું છે. સૌના સમાન વિચાર, એક ધ્યેય સાથે સૌ સાથે ચાલે છે, તે બાબત ગૌરવપ્રદ છે. આ તબક્કે આપણા પ્રેરણાદાતા શ્રી છગનભાને હું વંદું છું. કડી ખૂબ યશસ્વી બને તેવી ભાવના સાથે આપ સૌને અભિનંદન પાઠવું છું.

માનનીય મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલે પોતાના ઉદ્‌બોધનમાં જણાવ્યું કે આજનો પ્રસંગ એવો છે કે ઊઠવાનું મન જ ન થાય. આ આનંદપર્વ છે. આજે એક એવી વ્યક્તિનું સન્માન થાય છે કે જેણે કર્મયોગ શું કહેવાય તે ૫૦ વર્ષની સેવાથી સિદ્ધ કરી બતાવ્યું છે. આપણી હાજરી પ્રેરણાદાયી છે. પૂજ્ય મોહનભાઈ સાહેબની પેનથી લખાયેલા ચરિત્ર કીમતી છે. આ સંસ્થાનું અનોખી રીતે નિર્માણ થયું છે, જેનો વડલો સતત વિકસતો જાય છે. આ સંસ્થા સાથે ૫૦ વર્ષથી જોડાયેલો છું. શાળા શિક્ષણ મેં અહીં મેળવ્યું હતું તેનો મને ગર્વ છે. પરંતુ કલ્પના ન હતી કે આ સંસ્થા આટલો સારો વિકાસ કરી શકશે. શ્રી માણેકલાલભાઈએ એન્જિનિયરિંગની ભાષામાં કહું તો રિઈન્ફોર્સમેન્ટનું કાર્ય કર્યું છે. તેમને જેટલાં વંદન કરીએ તેટલાં ઓછાં છે. તેઓશ્રી આ સંસ્થાનું લોખંડ છે. તેમણે આ સંસ્થાને મજબૂત કરી છે. આ સંસ્થાને તપસ્વી આચાર્યો મળ્યા. તેમાં સર્વ શ્રી પૂજ્ય બાપુભાઈ ગામી સાહેબ, શ્રી નાથાભાઈ દેસાઈ સાહેબ અને શ્રી મોહનભાઈ સાહેબે આ સંસ્થાને અદ્‌ભુત સંસ્થા બનાવી છે. મને લાગે છે કે શ્રી માણેકલાલભાઈને સહયોગ આપવામાં આપણે સૌ ઊણા ઊતર્યા છીએ. પરંતુ શ્રી માણેકલાલભાઈ સંસ્થામય બની ગયા છે. જેમ વડ મોટો થાય તેમ વડવાઈઓના મજબૂત ટેકાની જરૂર પડે તેમ શ્રી માણેકલાલભાઈ વડનું થડ બનીને ઊભા છે. શ્રી માણેકલાલભાઈ મહાતપસ્વી છે. શ્રી નરોત્તમભાઈએ નિખાલસભાવે કબૂલ કરતાં જણાવ્યું કે રાજનીતિમાં માણસ કલુષિત થાય છે. પરંતુ અમારી આ સંસ્થા અમને પ્રસંગોપાત્ત બચાવી લે છે. પૂજ્ય છગનભા પ્રદત્ત મંત્ર 'કર ભલા હોગા ભલા' સતત અમારી નજર સમક્ષ તરવરતો રહે છે. રાજકારણમાં ટકી રહ્યા છીએ તેનું શ્રેય આ મંત્ર છે. મને શ્રી માણેકલાલભાઈની કામ કરવાની પદ્ધતિ બહુ ગમે છે. તે બોલે તે મને લખી લેવાનું મન થાય. આવે ત્યારે બધી જ તૈયારી સાથે આવે. કમ્પ્યુટરની જેમ બટન ક્લિક કરો એટલે ફટ ફટ બધી માહિતી મળે તેમ તેમના પ્રશ્નમાં ઉત્તર સામેલ જ હોય. એટલે કે પ્રશ્નની સાથે તેના ઉકેલરૂપ જવાબ આપી જ દે. બધું જ કંઠસ્થ. કોઈ ફાઈલ જોવાની કે

ખોલવાની તેમને જરૂર ન પડે. અમને લાખોનાં દાન મેળવતાં ફાંફાં પડે છે, ત્યારે તેઓશ્રી કરોડોનાં દાન સરળતાથી મેળવી લાવે છે, સતત તેમનું કામ કરતા રહે છે. ધન કમાવાથી દૂર રહી તેમણે લોકસેવા શરૂ કરી છે. સંસ્થાના કામ અર્થે ક્વચિત અમારે તેમનો મીઠો ઠપકો પણ સાંભળવો પડે છે. આવા પ્રસંગે તેમને હળવાશમાં કહ્યું કે તમે જ શિક્ષણમંત્રી બની જાઓ. આ બધા પ્રશ્નો ઊકલી જશે. સંસ્થા માટે કામ કરવાનો તેમનો ઉત્સાહ અભિનંદનને પાત્ર છે. તેઓશ્રી એક જાદુગરની જેમ કાર્ય સિદ્ધ કરે છે. પોતાના વક્તવ્યના અંતમાં સંસ્થા સાથેનો અતૂટ નાતો અભિવ્યક્ત કરતાં ભારે જુસ્સાપૂર્વક જણાવ્યું કે આ સંસ્થા માટે મને ભારે મોટું ગૌરવ છે. તેના માટે કોઈ ઘસાતું બોલે તો હું સહન કરી શકતો નથી. આવા ગૌરવપુરુષ શ્રી માણેકલાલભાઈને અને આ સંસ્થાને અનેકાનેક શુભકામનાઓ.

પોતાના સન્માનનો પ્રતિભાવ આપતાં શ્રી માણેકલાલ પટેલે વિનમ્રભાવે જણાવ્યું હતું કે આ મારું સન્માન નથી પણ મારી સંસ્થાનું સન્માન છે. વ્યક્તિ મહાન નથી, પરંતુ સંસ્થા મહાન છે. એ સંસ્થા એટલે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કે જેની સ્થાપના આજથી ૯૦ વર્ષ પહેલાં એટલે કે ૧૯૧૯માં પૂજ્ય છગનભાએ કરી હતી. છગનભા તો અમદાવાદના લુણછાવાડામાં ખૂંધા મહેતાની પાઠશાળામાં ફક્ત ચાર ચોપડી જ ભણ્યા હતા. તત્કાલીન સમયની સામાજિક-શૈક્ષણિક પરિસ્થિતિની તાદૃશ માહિતી માટે શ્રી મોહનલાલ પટેલ કૃત 'પ્રજ્ઞાદીપ છગનભા' વાંચી જવું જોઈએ. શ્રીમોહનભાઈએ ઘણી મહેનત કરીને આ ચરિત્ર તૈયાર કર્યું છે. છગનભાએ વાવેલું બીજ આજે કેટલું બધું ફેલાયું છે તેનો મને આનંદ છે. તેનો શાળાસંઘ પણ ઘણો વિસ્તર્યો. આ સંસ્થાના અમૃત મહોત્સવની ઉજવણી પ્રસંગે ગુજરાત રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી માધવસિંહ સોલંકીએ તેમના ઉદ્‌બોધનમાં છગનભાને અમેરિકાના પ્રેસિડેન્ટ શ્રી અબ્રાહમ લિંકન સાથે સરખાવતાં અબ્રાહમ લિંકનના Second Presidential Addressના શબ્દોનો મૂળ પાઠ રજૂ કર્યો હતો. તે મને આજે પણ અક્ષરશઃ યાદ છે. આ શબ્દોનો સાર એ છે કે જે લોકો સુખી છે, જેમને ઓછી મહેનતે વધુ મળે છે તેને વસ્તુની કિંમત હોતી નથી. પરંતુ સતત મહેનત – પરિશ્રમથી મળે છે ત્યારે આહ્‌લાદક આનંદ મળે છે. આ શબ્દો આજે પણ ઑક્સફર્ડ યુનિવર્સિટીના અંગ્રેજી વિભાગના દરવાજા ઉપર ઉત્કીર્ણ કરવામાં આવેલા છે.

છગનભા સામાજિક ક્રાંતિના ઉપાસક હતા. તેમણે સમાજમાં પ્રચલિત કુરિવાજો બંધ કરવામાં પણ અગ્રેસર ભૂમિકા ભજવી હતી. આ સંસ્થાએ માત્ર કડીમાં જ નહીં પરંતુ વિસનગર, બલોલ, પિલવાઈ, વડનગર વગેરે સ્થળોએ સંસ્થાઓ શરૂ કરી હતી. આ સંસ્થા ઉપર રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી અને વડોદરાનરેશ સર સયાજીરાવ ગાયકવાડનો પ્રભાવ પડ્યો છે. બંનેએ આ સંસ્થાની રૂબરૂ મુલાકાત અનુક્રમે ૧૯૨૯ અને ૧૯૨૬માં લીધી હતી. શ્રી માણેકલાલે આ બંને મુલાકાતોનો વિગતવાર અહેવાલ રજૂ કરીને વધુમાં જણાવ્યું કે સયાજીરાવે તત્કાલીન મુલાકાત સમયે વાર્ષિક રૂ. ૩૦૦૦/-નું અનુદાન આ શાળાને મંજૂર કર્યું હતું, જે વડોદરા રાજ્યના વિલિનિકરણ એટલે કે તા. ૧-૮-૧૯૪૯ સુધી મળતું રહ્યું હતું. આ શાળા રાષ્ટ્રીય શાળા તરીકે ઓળખાતી થઈ. કોઠારી કમિશન ૧૯૬૪-૧૯૬૬માં આવ્યું અને તેણે વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો સૂચવ્યા. પરંતુ છગનભાએ આ શાળામાં સુથારી, લુહારી વગેરે અભ્યાસક્રમો શરૂ કર્યા હતા. આ સંસ્થાની પ્રગતિનો યશ છગનભાને આભારી છે.

આજે આ સંસ્થા પ્રગતિનાં સોપાનો સર કરતાં કરતાં વિશ્વવિદ્યાલય બની છે. અત્રે હું શ્રીમતી આનંદીબહેન પટેલ, શ્રી નરોત્તમભાઈ પટેલ, શ્રી નીતિનભાઈ પટેલ અને શ્રી લહેરીસાહેબનો આભાર માનું છું, તેમણે સૌએ વખતોવખત આ સંસ્થાને ઘણી મદદ કરી છે અને કરી રહ્યા છે. આપણી યુનિવર્સિટીનું બિલ વિધાનસભામાં રજૂ થયું ત્યારે તત્કાલીન શિક્ષણમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે આ સંસ્થાના સમર્થનમાં સંસ્થાને ગૌરવ અપાવતું જે ભાષણ આપ્યું હતું તેનો હું સાક્ષી છું. તે સમયે પ્રેક્ષક ગૅલેરીમાં હું હાજર હતો. તેમણે કહેલું કે 'રાજ્ય સરકાર યુનિવર્સિટી આપતાં ગૌરવ અનુભવે છે. કારણ કે આ યુનિવર્સિટી આપવાથી માત્ર ગુજરાત નહીં, પરંતુ સમગ્ર દેશ અને બિનનિવાસી ભારતીય સુધ્ધાંને લાભ મળશે.' આ સંસ્થા સાથેના લોહીમાં વણાઈ ગયેલા સંબંધોને કારણે શ્રી નરોત્તમભાઈ અને શ્રી વજુભાઈ ખાસ સમય કાઢીને રાત્રે અંધારામાં બેટરી લઈને એન્જિનિયરિંગ કૉલેજ માટે ફાળવવામાં આવનાર જમીન જોવા આવ્યા હતા અને આપણને જમીન ફાળવણીમાં ઘણા મદદરૂપ નીવડ્યા છે. આજ રીતે શહેરી વિકાસ મંત્રી શ્રી નીતિનભાઈએ સંસ્થાનું પબ્લિક ગ્રાઉન્ડ નજર સમક્ષ રાખીને આ જગ્યાના ભવન ઉપર ચોથો માળ બાંધવાની ખાસ કિસ્સામાં મંજૂરી આપી હતી. જ્યારે સરકારે પરત લઈ લીધેલી ૬ એકર જેટલી જમીન શ્રી લહેરી સાહેબે પરત અપાવી હતી. આ સૌનું ઋણ આપણા ઉપર છે. આ બધું તેમને આભારી છે.

આ સંસ્થા દ્વારા સેલ્ફ ફાઈનાન્સ કૉલેજો ચલાવવામાં આવતી હોવા છતાં કોઈ મૅનેજમેન્ટ ક્વોટા નથી રાખવામાં આવતો. માત્ર ગુણવત્તાના આધારે જ પ્રવેશ આપવામાં આવે છે. આ ઉપરાંત કેન્દ્ર સરકારની યોજના અનુસાર ૧૦ % વધારાની સીટો ઉપર ગુણવત્તા મુજબ પ્રવેશ આપીને કોઈ ફી લીધા સિવાય મફતમાં ભણાવવામાં આવે છે. આ ક્વોટા વધારવા અંગે મેં શ્રી મોદી સાહેબ અને શ્રી કપિલ સિબ્બલને પણ લખ્યું છે. જો આમ કરવામાં આવશે તો એક ક્રાન્તિ થઈ જશે. રૂપિયા ૧ કરોડ જેટલી સ્કોલરશીપ પણ આપવામાં આવે છે. આ બધું દાતાશ્રીઓના દાનથી શક્ય બની શક્યું છે. આ ક્રેડિટ તેમને જાય છે. અમારી સંસ્થાના વિદ્યાર્થીઓ હોંશભેર દાન આપે છે. દાન સંબંધી ગઈકાલનું જ ઉદાહરણ આપતાં જણાવ્યું કે અમારી ગૌશાળા માટે મિલમાલિકોએ એક ટેલિફોનથી જ આખા વરસ ચાલે તેટલો રૂ. ૪.૯૦ લાખનો ખોળ મોકલી આપ્યો. આ છે અમારી સંસ્થાનું કેરેક્ટર. મને ગર્વ છે. આજે અહીં ઘણા દાતાઓ હાજર પણ છે. તેમને હું ખાતરી આપું છું કે તમે આપેલ દાનનો ઉપયોગ સંસ્થા યોગ્ય રીતે કરી રહી છે. વધુમાં તેમણે જણાવ્યું કે સરકાર યુનિવર્સિટી માટે 'મહાત્મા મંદિર'ની બાજુમાં જમીન આપશે તો અમે ભવ્ય યુનિવર્સિટી ભવન બનાવીશું કે જેથી મહાત્મા મંદિર જોવા આવે તે યુનિવર્સિટી જોવા આવશે જ તેની ખાતરી આપું છું. અને છેલ્લે ભાવવિભોર સ્વરે જણાવ્યું કે આ સંસ્થાનાં મૂળિયાં મજબૂત છે, તે પાતાળમાં ગયાં હોવાથી તેને પાણી પાવાની જરૂર નથી. આવી સંસ્થાને પોષવી જોઈએ. કોઈ વ્યક્તિ મહાન નથી. આ મંડળ સક્ષમ છે, તેને કોઈ આંચ આવવાની નથી. મારી રગેરગમાં સર્વ વિદ્યાલય છે. આ સન્માન માટે આપ સૌ ઉપસ્થિત રહ્યા તે માટે આપ સૌનો આભાર માનું છું.

અધ્યક્ષીય ઉદ્‌બોધનમાં પદ્મ શ્રી ડૉ. ભોળાભાઈ પટેલે જણાવ્યું કે આજનો આ પ્રસંગ ગાંધીનગરના ઇતિહાસની જ નહીં, પરંતુ સમગ્ર ગુજરાતના શૈક્ષણિક ઇતિહાસની બહુસ્મરણીય ઘટના બની રહેશે. સંસ્થાના ઉપપ્રમુખ ડૉ. કનુભાઈથી શરૂ કરી મારી પૂર્વેના બધા જ

વક્તાશ્રીઓએ સંસ્થાનો જે ઇતિહાસ આપ્યો – સંસ્થાની પ્રતિભાનો જે પરિચય કરાવ્યો તે ઉપરથી ખ્યાલ આવે છે કે કોઈ રાજ્યનું પાટનગર સરસ્વતીનગર ન બને ત્યાં સુધી તે પાટનગર અધૂરું છે. આજે દુનિયામાં નગરો ઘણાં છે, પરંતુ સરસ્વતીનગરો ઓછાં છે. ગાંધીનગર આજે સરસ્વતીનગર બન્યું છે. પાટનગર સરસ્વતીનગર બને ત્યારે તેની દુનિયામાં વાહ વાહ થાય છે. આ બધું આ સંસ્થાના મોભીઓ – આચાર્યશ્રીઓ – અધ્યાપકો અને શ્રી માણેકલાલ જેવા દીર્ઘદ્રષ્ટા તથા કેળવણીકારને આભારી છે કે ગાંધીનગર માત્ર સરકારી વ્યવસ્થાનું કેન્દ્ર, શાસનનું કેન્દ્ર ન બની રહેતાં ઑક્સફર્ડ કે કેમ્બ્રિજ જેવું સરસ્વતીનગર બન્યું છે. આ માટે જેમની પ્રેરણા અને પુરુષાર્થ રહ્યો છે તેવા કર્મયોગી શ્રી માણેકલાલ પટેલને અભિનંદિત કરવા માટે આ ગ્રંથ તૈયાર કરવામાં આવ્યો છે. આ ગ્રંથમાં તેમના વિશે જે લખાયું છે તે ભવિષ્યની પેઢી માટે ઉપયોગી થઈ પડશે. કોઈ સંસ્થા ઊભી કરવી હોય તો તેનો આદર્શ કેવો હોવો જોઈએ તેનો નમૂનો આ ગ્રંથ પૂરો પાડે છે. તેમાં વ્યક્તિવિશેષની વાત છે. પણ સમગ્રપણે એક સંસ્થા વિશેષની વાત બની રહે છે. આ ગ્રંથના નાયક શ્રી માણેકલાલભાઈ નિઃસ્પૃહભાવે કર્મ કરવાવાળા છે. તેમની રગેરગમાં સર્વ વિદ્યાલય વહે છે. અહીં ભાગ્યે જ કોઈ શબ્દ તેમને સારું લગાડવા કે ખુશામત માટે કહેવાયો હશે. જે છે તે યથાતથ છે. એક ધ્યેયનિષ્ઠ માણસ શું કરી શકે છે, તેમનું બળ કેવું છે તે આપણને અહીં જાણવા મળે છે. તેઓશ્રી હંમેશાં વીર પુરુષની વાણીમાં જ બોલે છે. એમની વાતોમાં વીરરસ જ હોય છે. વીરરસનો સ્થાયીભાવ છે ઉત્સાહ. તેઓશ્રી હંમેશાં ઉત્સાહની મૂર્તિ રહ્યા છે. હું તથા શ્રી નરોત્તમભાઈ વગેરે આ સંસ્થાના વિદ્યાર્થીઓ રહ્યા છીએ તેનું અમને ગૌરવ છે. આ સંસ્થા સાથે મારું નામ જોડાયું છે એ મારા જીવનનું એક સાફલ્ય છે. આ સર્વ વિદ્યાલય એક સિદ્ધશિલા બની ગઈ છે.

કાર્યક્રમના અંતમાં જાણીતા પત્રકાર, અને શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળના ટ્રસ્ટી શ્રી યશવંત કડીકર દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. તેમણે આ ઋણસ્વીકારના પર્વે સૌ સંબંધિત પક્ષોનો હાર્દિક આભાર માનતાં જણાવ્યું કે આ સમારોહ ભારે ગૌરવપૂર્વક, શિસ્તબદ્ધ અને સુનિયોજિત રીતે સંપન્ન થવા પાછળનું હાર્દ શ્રી માણેકલાલ સાહેબ પ્રત્યેનો સમાજના સૌ વર્ગોનો અતૂટ અને અનન્ય શ્રદ્ધાભાવ છે. તેઓશ્રી આપણી આસ્થાનું પ્રતીક છે. અજાતશત્રુ છે.

આ પ્રસંગે સર્વ વિદ્યાલય કેળવણી મંડળના સર્વ પદાધિકારીઓ, સભ્યશ્રીઓ, દાતાશ્રીઓ, શિક્ષણવિદો, કુલપતિશ્રીઓ, શિક્ષણપ્રેમીઓ, સાહિત્યકારો, અધિકારીઓ, અન્ય કેળવણી મંડળોના વડાશ્રીઓ, સર્વ વિદ્યાલય પરિવાર વગેરે આશરે ૩૦૦૦ની સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગ ખરા અર્થમાં એક ગૌરવશીલ સાંસ્કૃતિકસમારોહ બની રહ્યો, તેમજ સંસ્થાના ઇતિહાસનું એક સુવર્ણપૃષ્ઠ અને અવિસ્મરણીય ઘટના બની રહેશે.

સાહિત્યનું પ્રયોજન શું છે ?
વાચનથી વંચિત સામાન્ય જનસમુદાયને ઘડનારા લોકશિક્ષકો નિપજાવવાનું.

એ.એસ. બ્યાટ

# શિક્ષણ ચિંતન

## કેળવણીનો કીમિયો

કોઈ પણ સમાજના પ્રશ્નોનો ઉકેલ ગંભીરપણે વિચારાય છે ત્યારે અંતે વિચારકો કેળવણી ઉપર આવીને અટકે છે. કેળવણી જો યોગ્ય રીતે આપવામાં આવે તો બધા પ્રશ્નોનો ઉકેલ સરળ બની જાય એમ લાગે છે. પણ યોગ્ય રીતની કેળવણી કઈ એ વળી ઓછો મૂંઝવનારો પ્રશ્ન નથી.

સામાન્ય રીતે ધર્મપ્રવર્તકો એ માનવજાતિના મોટા શિક્ષકો છે. ધર્મ આચારમૂલક હોય છે એટલે શિક્ષણની પ્રક્રિયા એમાં રહેલી હોય જ છે. પણ એ આચારનું થોડાક વખતમાં ચોકઠું થઈ જાય છે અને ધર્માચાર એ જડ સંપ્રદાયાચાર બની બેસે છે એવું જોવા મળે છે.

માણસજાતની સુધારણા માટે ધર્મસંદેશ આપનારા પયગંબરો આવે છે એમ ધર્મ સિવાયનાં સમાજકારણ, રાજકારણ, અર્થકારણ જેવાં ક્ષેત્રોમાં પણ પયગંબરી આવેશવાળા માણસો પાકે છે. તેમના સંદેશની અસર નીચે, ઇચ્છાથી કે અનિચ્છાથી, મુકાનારા વર્ગમાં પણ શિક્ષકની એક વિશેષ પરિપાટી ઊભી થાય છે. ધર્મ જેટલો વ્યક્તિના ચૈતન્ય સાથે સંસ્પર્શ અહીં શક્ય ન હોઈ, ધાર્મિક સંપ્રદાયો અને પંથો કરતાંય બદતર ચોકઠાબંધી આ ક્ષેત્રોમાં જોવા મળે છે.

માણસના બાળકને માટે બીજાં પ્રાણીની પેઠે ચારો તૈયાર નથી, ચારો મેળવવા એણે સજ્જતા મેળવવાની છે. એટલે સામાન્ય રીતે આજીવિકાના કોઈ ને કોઈ સાધન પર કાબૂ મેળવવો એ માનવીના બાળકની કેળવણીનું એક મુખ્ય ધ્યેય થઈ પડે છે. પણ ન્યાયી અર્થરચનાના માળખામાં આપણે આપણી આજીવિકા મેળવીએ છીએ ખરા ? આપણે રોટલો મેળવીએ તે દ્વારા સમાજ સાથેના આપણા સંબંધોનો ઘાટ શો ઊતરે છે ? યોગ્ય રાજ્યવ્યવસ્થાના પરિવેશમાં આપણી આ પ્રવૃત્તિ ચાલે છે ? અને સૌથી મોટી વાત તો એ કે આજીવિકા મેળવતાં જગત સાથે અનેક તાંતણે બંધાયેલા હોઈએ છતાં ઉત્તરોત્તર આપણી ગતિ આધ્યાત્મિક મુક્તિ તરફ છે કે નહિ ? – આ બધા પ્રશ્નો આજીવિકા માટે જરૂરી એવી સજ્જતા આપતી કેળવણીમાં અર્થકારણ, સમાજકારણ, રાજકારણ અને ધર્મને મહત્ત્વ અર્પે છે. તે તે ક્ષેત્રના પયગંબરો પોતાને જે આદર્શ જગત દેખાતું હોય તેને માટેની તૈયારીરૂપે કેળવણીનો પુરસ્કાર કરે છે. પણ આ બધી પદ્ધતિઓ માણસને કોઈ ને કોઈ જડ ચોકઠાનો ભોગ બનવા તરફ ધકેલ્યા વગર રહેતી નથી. આદર્શ જગતરચનાના અમુક ખ્યાલને અનુસરીને જો કેળવણીનો ઢાળો ઢળાય તો કેળવનારાઓનું જીવન કોઈને કોઈ ચીલામાં પડી ગયા વિના ન રહે.

વિવિધ પ્રકારના ધર્મપ્રવર્તકો અને સુધારકો કરતાં કેળવણીકારમાં વધુ ધીરજ હોય છે. કેળવણીનું મુખ્ય કામ દરેક માણસની અંદર રહેલા સર્જકત્વ(creative principle)ને સક્રિય બનાવવાનું છે. માણસને જીવનમાં અમુક એક જાતની જ પરિસ્થિતિનો સામનો કરવાનો આવશે એવું નથી. માણસ જે કોઈ પરિસ્થિતિમાં મુકાય તેનો પોતે રચનાત્મક ઉપયોગ કરી શકે એવી

સ્થિતિમાં એ હોવો જોઈએ. સાચો કેળવણીકાર કોઈ ચોક્કસ ઉકેલો હાથમાં પકડાવતો નથી, પણ ઉકેલ શોધવાની પ્રક્રિયા માણસમાં કામ કરતી થાય એમાં મદદરૂપ બને છે. અંગ્રેજી શબ્દ 'એજ્યુકેશન' પાછળના લૅટિન મૂળ (se+duco : e, out - બહાર અને duco, to lead – દોરવું)નો અને સંસ્કૃત પર્યાય વિનય (વિ + ની, વિ વિશેષ અને ની દોરવું)નો અર્થ પણ માણસાના ચૈતન્યને બહાર આણવું–પ્રેરવું એવો જ છે. આ કેળવણીનો કીમિયો લગભગ માતા જેવાં પ્રેમ અને ધીરજ જેનામાં હોય તેવો શિક્ષક અજમાવી શકે.

જીવનના બધા પ્રશ્નો જેમ અંતે કેળવણીના પ્રશ્નો છે, તેમ કેળવણીનો પ્રશ્ન એ છેવટે શિક્ષકનો પ્રશ્ન છે.

– ઉમાશંકર જોશી

(લેખક કૃત 'કેળવણીનો કીમિયો' (૧૯૭૭) પૃ. ૩–૫માંથી સાભાર)

જેમ પુસ્તકાલયનો ગ્રંથપાલ એ સર્વજ્ઞ જેવો હોય છે, તે તે વિષયના અધ્યાપકને પણ દોરવણી આપી શકે એટલી માહિતી ધરાવનારો હોય છે, તેમ પ્રકાશક પણ લેખકોના જેટલો જ સમાજહિતૈષી હોઈ શકે છે. ઊંચી ભાવનાવાળો લેખક જેમ લોકસંગ્રહની દૃષ્ટિએ જ કલમ ઉપાડે છે, તેમ ઊંચી કોટિનો પ્રકાશક પણ લોકસંગ્રહની દૃષ્ટિએ પોતાનું પ્રકાશનકાર્ય કરે છે.

ઉમાશંકર જોશી

*

જૂનીપુરાણી ચોપડીઓના સંગ્રાહકને એક માણસે કહ્યું : "કંઈ કેટલીયે પેઢીઓથી ધૂળ ખાતું એક બાઇબલ કાલે જ મેં પસ્તીમાં કાઢ્યું. ગુટન.... બર્ગ કે એવા કોઈ માણસનું નામ એમાં મુદ્રક તરીકે હતું."

"ગુટનબર્ગ ! શું વાત કરો છો તમે ?" પેલા પુસ્તકપ્રેમીનો તો જાણે શ્વાસ થંભી ગયો : "તમે એક કીમતીમાં કીમતી પુસ્તક ફેંકી દીધું ત્યારે તો. હમણાં જ તેની એક નકલ સાત અબજમાં હરાજ થઈ."

પેલા ભાઈના પેટનું પાણીય ન હલ્યું. કહે : "હા, પણ મારી નકલનો એક રૂપિયો ય ન ઊપજ્યો હોત : માર્ટિન લ્યૂથર નામના કોઈ માણસે તેમાં ઠેકઠેકાણે નોંધો કરીને ચોપડી બગાડી મારી હતી."

('રીડર્સ ડાયજેસ્ટ'માંથી)

# જીવતરનું ભાથું

## મારા વિદ્યાર્થીઓ

લોકભારતી (સણોસરા)માં પાંત્રીસ વરસ અને ગ્રામદક્ષિણામૂર્તિ (આંબલા)માં બે વરસ સુધી મેં શિક્ષક તરીકે કામ કર્યું તે કાળના થોડા અનુભવો અહીં આપ્યા છે.

પરીક્ષાનો ભાર વિદ્યાર્થીઓને લાગતો જ હોય છે. તેથી ક્યારેક તે ચોરી કરવા પણ પ્રેરાય છે. આ અંગે મેં વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરી. કહ્યું, 'તમે તમારા બળે જ સારી કક્ષા મેળવો. ઇતર માર્ગો તમને અંતે લાભકર્તા નહિ થાય. તમે કહેશો તો પુસ્તકો અને વર્ગનોંધ લઈને પરીક્ષાખંડમાં આવવાની તમને છૂટ આપીશ. પ્રશ્નપત્ર એ રીતે કાઢીશ.' વિદ્યાર્થીઓ બોલી ઊઠ્યા, 'ના, ના, ના. એવું પ્રશ્નપેપર તો બહુ અઘરું હોય. એવું નથી કરવું.' મારો અનુભવ છે કે વિદ્યાર્થીઓ આ માટે તૈયાર નથી થતા. આ અમારી શિક્ષકોની નિષ્ફળતા છે. પરંતુ આમાંથી એક સારી બાબત નીપજી આવી. મેં પૂછ્યું, 'સારું, તો બીજો એક પ્રશ્ન કરું. તમને મેં સારી રીતે ભણાવ્યું છે. તો પરીક્ષા વખતે નિરીક્ષક તરીકે મારે શા માટે હાજર રહેવું જોઈએ ? મને તમારા ઉપર ભરોસો છે કે તમે ચોરી નહિ કરો. હું પાંચેક મિનિટ પછી પરીક્ષાખંડ છોડી જઈશ. પછી કોઈ નિરીક્ષક નહિ હોય. બારણા પાછળ ઊભું રહીને કોઈ જોતું નહિ હોય. છે તમારી તૈયારી ?' વિદ્યાર્થીઓ કહે, 'હા.' મેં નિયામકશ્રીને આખી વાત લખીને મંજૂરી માગી. (કારણ કે વાર્ષિક પરીક્ષા હતી અને હું આચાર્ય હતો.) નિયામકશ્રીએ મારી સાથે વિગતે વાત કરીને સંમતિ આપી. પ્રશ્નપત્ર અને ઉત્તરવહીઓ વહેંચીને, દસેક મિનિટ-માં મેં વર્ગખંડ છોડી દીધો. છેલ્લે ઉત્તરવહીઓ એકઠી કરીને વિદ્યાર્થીઓ મારે ઘરે પહોંચાડવાના હતા. તે મુજબ થયું. પછી મેં વિદ્યાર્થીઓ સાથે વાત કરી. તેમણે કહ્યું, 'ક્યારેક અમે અંદરોઅંદર કાંઈક પૂછી લઈએ છીએ. પણ આજ તો ત્રણ કલાક ડોકું ઊંચું નહોતું કર્યું. મેં પૂછ્યું, 'એમ કેમ ? તમે અમારા ઉપર વિશ્વાસ મૂક્યો હતો. તમને ખાતરી આપ્યા પછી ચોરી કરીએ તો તો અમે ખોટા પડીએ ને ?'

વિદ્યાર્થીઓ ઉપર વિશ્વાસ મૂકો, પ્રતિભાવ મળશે જ – એવું નાનાભાઈ, મનુભાઈ, મૂળશંકરભાઈ, બચુભાઈ પાસેથી સાંભળ્યું હતું, પણ અનુભવ્યું આ ઘટનામાં. એ પછી અનેક પ્રસંગોએ વિદ્યાર્થીઓ ઉપર વિશ્વાસ મૂકતાં મને ખચકાટ નથી થયો. ક્યારેક છેતરાયો પણ છું, પરંતુ મારી આ શ્રદ્ધા ડગી નથી. એટલું જ નહિ, મનુષ્યની સારપ ઉપર વિશ્વાસ એ જ શિક્ષક અને શિક્ષણનો મૂલાધાર છે તેવો વિશ્વાસ બંધાયો છે.

એક વખત વિદ્યાર્થીઓએ સામૂહિક રીતે કહી દીધું કે, અમે કોઈ પ્રવૃત્તિમાં ભાગ નહિ લઈએ. કારણ ? એક વિભાગના વડાએ અમને પૂરા સાંભળ્યા વિના અમારે માટે અયોગ્ય શબ્દો વાપર્યા છે, અમને અન્યાય કર્યો છે. વિભાગીય વડા પોતાની રીતે સાચા હતા. પરંતુ ભાષાપ્રયોગ અને અહમની ટકરામણીને કારણે પ્રશ્ન ઊભો થયો હતો. બેમાંથી એકે પક્ષ નમતું આપવા રાજી નહોતો. સમય જતો હતો તેમ તેમ વાતને વળ ચડતો જતો હતો. અધ્યાપક ઉપરાંત હું ત્યારે મુખ્ય ગૃહપતિ

હતો. તે છાત્રાલયના ગૃહપતિ, નિયામકશ્રી, વિભાગીય વડા અને હું મળ્યા. અમે સૌ ખાસ્સા મૂંઝાયેલા હતા. લોકભારતીમાં આવું ભાગ્યે જ બને. એક રીતે આ હડતાળ જ કહી શકાય. વિભાગીય વડાએ અભિપ્રાય આપ્યો, 'કરી દ્યો વર્ગો બંધ.' ભલે ઘેર જાતા. આવી અશિસ્ત ચલાવી ન લેવાય.' પણ મને થયું : આ એ જ વિદ્યાર્થીઓ હતા, જેને અમે સંતાનની જેમ ચાહતા હતા. તેમની માંદગીમાં અમે કાળજી લીધી હતી. અમારા કુટુંબની કપરી માંદગીમાં એમણે તાણરહિત ઉજાગરા કર્યો હતા. મહાભોજન વખતે પરસ્પરને પકડીને મીઠાઈના ફાસરા ખવડાવ્યા હતા. મેં મારો અભિપ્રાય આપતાં કહ્યું, 'આપણે શિક્ષક ન મટવું. છોરુ કછોરુ ભલે થાય. આપણે વિદ્યાર્થીઓને કહીએ કે ઘર હોય તોય પ્રશ્નો થાય છે. તો આ તો મોટી સંસ્થા છે. પ્રશ્નો થાય. પરંતુ તમે કેવી લોકભારતી ઇચ્છો છો ? લોકભારતીના વાતાવરણને જાળવવાની જવાબદારી તમારી પણ છે. તમે સૌ મળીને જે ઠરાવશો તે અમે સ્વીકારશું. વિભાગીય વડા તમારા વડીલ છે. તમને ચાહે છે. એ માફી માગે તે તમને શોભશે ?' સમિતિના સભ્યો સંમત થયા. બીજા બેત્રણ મુદ્દા પણ ઉમેરાયા. અમે વિદ્યાર્થીઓને મળીને આખી વાત સમજાવી. ચોવીસેય કલાકનો અમારો સંબંધ હતો. અમે પરસ્પરને ચાહતા હતા. વિદ્યાર્થીઓએ જોયું કે અમે જીદ કરવા માગતા નહોતા, તેમના વિવેક ઉપર બધું છોડતા હતા. તેઓ પાછા વળ્યા. ઘીના ઠામમાં ઘી પડ્યું.

રાત્રીપ્રવૃત્તિમાં હું ત્રીજા વરસના છાત્રાલયમાં ગયો હતો. હાજરી પછી અનૌપચારિક વાતો થતી હતી. એક વિદ્યાર્થીએ મને પૂછ્યું, 'તમને કેટલાં વરસ થયાં ?' મેં કહ્યું, '૬૦મું ચાલે છે.' બેત્રણ વિદ્યાર્થીઓ બોલી ઊઠ્યા, 'હોય નહિ, હજુ તો માંડ ૪૦ વર્ષના લાગો છો.'

આ અભિપ્રાયે મને વિચારતો કરી દીધો. મારા મોટા ભાગના વાળે વિદાય લીધી છે. છે તે પણ ધોળા થવા લાગ્યા છે. તો આ અભિપ્રાયનું રહસ્ય શું ? મારો શારીરિક બાંધો ? મારો ઉત્સાહ ? વિદ્યાર્થીઓ સાથેના વ્યવહારની સરળતા ? કે વિપશ્યનાને કારણે પ્રમાણમાં જળવાતી સ્વસ્થતા ? વિચારતો ગયો તેમ સમજાયું કે બાકી બધાંએ મદદ કરી હશે, પરંતુ મૂળભૂત રહસ્ય છે ચૈતન્યથી ઊભરાતાં, નવાં નવાં સ્વપ્નોથી ધબકતાં, અને એકનું હજાર ગણું કરીને ચાહતા વિદ્યાર્થીઓનો સતત સહવાસ. એથી શરીર ઘસાય, શારીરિક લક્ષણો ચાડી ખાય, તોપણ મન તો ૨૫-૩૦ વર્ષના યુવાન જેવું પ્રફુલ્લિત રહે છે. વિદ્યાર્થીઓને વિકસતાં જોઈને નવું નવું આયોજન કરવાનો ઉત્સાહ ચડે છે. તેઓ પોતાના ભાવને દરેક વખતે વાણીમાં વ્યક્ત નથી કરતા, પરંતુ તેમની આંખનું અમી લોકભારતીમાં અભ્યાસ કરતાં હોય ત્યારે કે અભ્યાસ પૂરો કર્યા પછી વર્ષો બાદ મળે ત્યારે પણ અનુભવાય છે. પ્રેમવિસ્તાર એ જ આ પૃથ્વીલોકનું અમૃત છે, એનો સાક્ષાત્કાર વિદ્યાર્થીઓ સાથે થાય છે. મૈત્રીમાં, દાંપત્યમાં, અપત્યપ્રેમમાં પણ આ અનુભવાય છે. પરંતુ દીર્ઘકાળ સુધી અને પ્રગાઢપણે મેં એનો અનુભવ મારા વિદ્યાર્થીઓ સાથે કર્યો છે.

અરે ! અકોણા, અળવીતરા અને પ્રશ્નરૂપ હતા, અને જેને ક્યારેક આત્યંતિક પ્રશ્નને કારણે એકાદ વર્ષ ઘેર મોકલવા પડ્યા છે તેવા વિદ્યાર્થીઓ સાથે પણ પછી આવો જ સૌહાર્દ અને ઉષ્માનો અનુભવ કર્યો છે.

મારી સમજવિકાસમાં અને મારા આંતરવિકાસમાં મારા વિદ્યાર્થીઓનો જરૂર ફાળો છે. એ માટે હું તેમનો ઋણી છું તેમ કહેવામાં નથી નમ્રતા કે નથી અતિશયોક્તિ.

**– મનસુખ સલ્લા**

(પૂર્વ આચાર્ય, લોકભારતી, સણોસરા)

('અરધી સદીની વાચનયાત્રા' ભાગ-૧ / મહેન્દ્ર મેઘાણી સંપાદિત (૨૦૦૩) પૃ. ૫૮૫-૫૮૭માંથી સાભાર)

# સાહિત્યવૃત્ત

## પદ્મ શ્રી ભોળાભાઈ પટેલ સાહિત્ય અકાદેમીના સર્વોચ્ચ સન્માનથી વિભૂષિત



સાહિત્ય અકાદેમી, નવી દિલ્હી દ્વારા ગુજરાતી ભાષા-સાહિત્યના પ્રતિભાસંપન્ન સર્જક પ્રો. ભોળાભાઈ પટેલ (૧૯૩૪)ને સાહિત્ય અકાદેમી, નવી દિલ્હીના સર્વોચ્ચ સન્માન – ફેલોશિપ – થી તા. ૨૬ નવેમ્બર, ૨૦૧૦ના રોજ વિભૂષિત કરવામાં આવ્યા. આ સન્માન સાહિત્ય અકાદમીના પ્રમુખ અને સુપ્રસિદ્ધ બંગાળી સાહિત્યકાર, કવિ શ્રી સુનીલ ગંગોપાધ્યાયના વરદહસ્તે અમદાવાદમાં ગુજરાત વિશ્વકોશ ભવનમાં એક ખાસ સમારોહમાં એનાયત કરવામાં આવ્યું હતું. ગુજરાતના આ ગૌરવ પ્રસંગે સાહિત્યરસિકો ઉપરાંત વિવિધ વિદ્વત્ સંસ્થાઓ અને સમુદાયોના અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે સાહિત્ય અકાદેમી દ્વારા તેના સ્થાપનાકાળ(૧૯૫૪)થી આજ સુધી આ પૂર્વે ગુજરાતી ભાષા-સાહિત્યના ફક્ત શ્રી કાકાસાહેબ કાલેલકર, શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, શ્રી ઉમાશંકર જોશી અને શ્રી રાજેન્દ્ર શાહ જેવા સ્વનામધન્ય સાહિત્યકારોને આ સન્માનથી અલંકૃત કરવામાં આવ્યા છે.

શ્રી ભોળાભાઈનું ગુજરાતી નિબંધ, સાંસ્કૃતિક પ્રવાસ સાહિત્ય, વિવેચન, તુલનાત્મક સાહિત્ય, અનુવાદ, સંપાદન વગેરે ક્ષેત્રોમાં ઘણું મોટું પ્રદાન રહ્યું છે. તેમણે હિંદી, અંગ્રેજી ઉપરાંત પૌર્વાત્ય ભારતીય ભાષાઓ – બંગાળી, અસમિયા, ઉડિયા વગેરે – ના સમૃદ્ધ સાહિત્યને ગુજરાતીમાં અનુવાદિત કરીને ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ બનાવ્યું છે. આ એક તેમની મોટી ઉપલબ્ધિ અને પ્રદાન પણ છે. હિન્દીના અધ્યાપક હોવાના નાતે હિંદી ભાષા-સાહિત્યમાં પણ તેમનું નોંધપાત્ર પ્રદાન રહ્યું છે. ગુજરાત યુનિવર્સિટીમાં Ph.D.ની ડિગ્રી હેતુ તેમના દ્વારા રજૂ કરવામાં આવેલ શોધપ્રબંધ 'અજ્ઞેય : એક અધ્યયન' (૧૯૭૭, પ્રકા. ૧૯૮૩) શોધપ્રબંધ ક્ષેત્રે એક મિસાલ હોવા ઉપરાંત અજ્ઞેય ઉપરનાં આજ દિન સુધીનાં સંશોધનો / વિવેચનોમાં સર્વોચ્ચ શિખરે બિરાજે છે. Ph.D.ની ડિગ્રી માટેનો આ શોધપ્રબંધ હકીકતમાં D.Litt.ની ડિગ્રી માટેની અપેક્ષિત ક્ષમતાવાળો મૌલિક ચિંતનથી સમૃદ્ધ અને સત્ત્વશીલ છે. સંસ્કૃત, આધુનિક ભારતીય સાહિત્ય અને પાશ્ચાત્ય સાહિત્યના ગહન અધ્યયન – પરિશીલનના પરિણામે તેમનો તુલનાત્મક સાહિત્યનો અભિગમ પોતીકો બની મ્હોરી ઊઠ્યો છે. તેમની વિવેચના કૃતિલક્ષી અને આસ્વાદલક્ષી રહી છે. પ્રવાસનિબંધોમાં તેમનું ભારતીય સંસ્કૃતિનું ગહન અધ્યયન અને રસ-રુચિ પ્રસ્ફુટિત થવા વિના રહેતી નથી. કહેવાયું છે કે 'ગધમ कविनाम निकषम् वदन्ति ।' પરંતુ નિબંધોમાં લેખકની કાવ્યમય ભાષા સોળે કળાએ ખીલી ઊઠતી જોવા મળે છે. તેમના નિબંધો વાંચવા એ એક લ્હાવો છે. તેમના નિબંધો કે વિવેચનમાં ભાષાની પ્રવાહિતા સમાન ગતિએ જોવા મળે છે.

તેઓશ્રી એક ઉત્તમ અધ્યાપક અને પ્રભાવશાળી વક્તા પણ છે. તેમને સાંભળવા એ એક લ્હાવો છે.

શ્રી ભોળાભાઈએ ૬૦થી અધિક કૃતિઓનું સર્જન કર્યું છે. તેમની વિવિધ કૃતિઓ અનેકવિધ સંસ્થાઓ દ્વારા પુરસ્કૃત કરવામાં આવી છે. જેમકે 'વિદિશા' – કાકાસાહેબ કાલેલકર પુરસ્કાર, ૧૯૮૦, 'દેવોની ઘાટી' – સાહિત્ય અકાદમી, નવી દિલ્હી, ૧૯૯૨, 'ભારતીય ઉપન્યાસપરંપરા ઔર ગ્રામકેન્દ્રી ઉપન્યાસ' – કેન્દ્રીય હિન્દી નિદેશાલય, નવી દિલ્હી (૨૦૦૩), 'ચૈતર ચમકે ચાંદની' – ગુજરાતી સાહિત્ય પરિષદ, 'દેવતાત્મા હિમાલય' (૧૯૯૦) – ઘનશ્યામદાસ શરાફ પારિતોષિક, 'ઇયારુઇંગમ' (૧૯૯૬) અસમિયા નવલકથાનો અનુવાદ – સાહિત્ય અકાદમી, નવી દિલ્હી દ્વારા, 'અધુના' (૧૯૭૪) અને 'પૂર્વાપર' (૧૯૭૬) – ગુજરાત સરકાર દ્વારા, 'પૂર્વોત્તર' (૧૯૮૧) અને 'કાંચનજંઘા' (૧૯૮૫) – ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા વગેરે. તેમના સમગ્ર પ્રદાનને કેન્દ્રમાં રાખીને ગુજરાત સાહિત્ય સભા દ્વારા 'રણજિતરામ સુવર્ણચંદ્રક' (૧૯૯૫), ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા 'સ્વામી સચ્ચિદાનંદ પુરસ્કાર' (૨૦૦૫) સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા 'ગૌરવ પુરસ્કાર' (૨૦૦૫) 'સૌહાર્દ પારિતોષિક' લખનઉ (૧૯૮૯) 'સારસ્વત ગૌરવ ઍવૉર્ડ', અમદાવાદ (૨૦૦૩) અને તુલનાત્મક સાહિત્યમાં નોંધપાત્ર યોગદાન માટે કમ્પેરેટિવ લિટરેચર એસોસિએશન ઑફ ઇંડિયા દ્વારા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અંગ્રેજી વિભાગ દ્વારા આયોજિત અધિવેશનમાં વિશેષ સન્માન (૨૦૧૦). આ ઉપરાંત ભારતના રાષ્ટ્રપતિ દ્વારા સાહિત્ય અને શિક્ષણમાં બહુમૂલ્ય યોગદાન માટે 'પદ્મ શ્રી' (૨૦૦૮)થી વિભૂષિત કરવામાં આવ્યા છે.

શ્રી ભોળાભાઈની વિદ્વત્તાથી પ્રભાવિત થઈને કેટલીક વિદ્વત સંસ્થાઓ દ્વારા તેમને ફેલોશિપ એનાયત કરવામાં આવી છે જેમકે વિશ્વભારતી દ્વારા ૧૯૮૩-૮૪માં તુલનાત્મક ભારતીય સાહિત્યના ફેલો, યુજીસી, નવી દિલ્હી દ્વારા ૧૯૮૯માં હિન્દીના નેશનલ લેક્ચરર, બિરલા ફાઉન્ડેશન, નવી દિલ્હી દ્વારા ૧૯૯૬-૯૭માં તુલનાત્મક સાહિત્ય માટે ફેલોશિપ, યુજીસી ફેલો ૧૯૯૮-૧૯૯૯ વગેરે. સાહિત્ય અકાદેમી, નવી દિલ્હીની કારોબારી સમિતિના સભ્ય તરીકે ૧૯૯૩-૯૭ અને ૨૦૦૩-૨૦૦૭ સુધી તથા ગુજરાતી સાહિત્ય અકાદમીના પ્રમુખ તરીકે ૧૯૯૮થી પાંચ વર્ષ સુધી સેવાઓ આપી ચૂક્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે પ્રો. ભોળાભાઈ પટેલ સર્વ વિદ્યાલય, કડીના ભૂતપૂર્વ વિદ્યાર્થી રહી ચૂક્યા છે, તેમજ હાલમાં સર્વવિદ્યાલય કેળવણી મંડળ, કડીના પ્રમુખ તરીકે સેવાઓ આપી રહ્યા છે. શ્રી ભોળાભાઈ સર્વ વિદ્યાલયનું ગૌરવશિખર છે. સાહિત્ય અકાદેમી દ્વારા તેમને સર્વોચ્ચ સન્માનથી વિભૂષિત કરવાના ગૌરવપ્રદ અવસરે સર્વવિદ્યાલય પરિવાર ધન્યતા અનુભવે છે અને તેમને હૃદયના ઉમળકાભેર સાદર અભિનંદન પાઠવે છે.



## ઈમેરિટસ પ્રો. પ્રવીણ દરજી પદ્મ શ્રીથી વિભૂષિત

જાણીતા નિબંધલેખક, વિવેચક અને કવિ ડૉ. પ્રવીણ દરજી 'પદ્મશ્રી'થી વિભૂષિત. ડૉ. પ્રવીણભાઈ મોડાસા કૉલેજના ગુજરાતીના અધ્યાપક, લુણાવાડાની આર્ટ્સ કૉલેજના અધ્યાપક અને પ્રિન્સિપાલ તથા યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડના ચૅરમૅન તરીકે યશસ્વી સેવાઓ આપી ચૂકયા છે. આ ઉપરાંત અનેકવિધ શૈક્ષણિક અને

## ડૉ. ધીરેન્દ્ર મહેતાને સાહિત્ય અકાદમી ઍવૉર્ડ



જાણીતા નવલકથાકાર, વાર્તાકાર, કવિ અને વિવેચક ડૉ. ધીરેન્દ્ર મહેતા તેમની નવલકથા 'છાવણી' (૨૦૦૬) માટે સાહિત્ય અકાદમી, નવી દિલ્હીના વર્ષ ૨૦૧૦ના ઍવૉર્ડથી વિભૂષિત. પ્રસ્તુત નવલકથાનું વિષયવસ્તુ કચ્છના ૨૦૦૧ના ભીષણ ધરપીકંપ આધારિત છે. લેખક ધરતીકંપના પ્રત્યક્ષ સાક્ષી અને અસરગ્રસ્ત રહ્યા હોવાથી તેમજ ભૂકંપપીડિતો માટેની છાવણીમાં લાંબા સમય સુધી રહેવાનું થતાં જાત-અનુભવની કથા સુપેરે અભિવ્યક્ત કરી શકયા છે. તેમનો પીએચ.ડી.નો શોધપ્રબંધ 'ગુજરાતી નવલકથા : કેટલાંક પુનર્મૂલ્યાંકનો' કે જે 'નંદશંકરથી ઉમાશંકર' શીર્ષક હેઠળ પ્રકાશિત થયેલ છે, તે ગુજરાતી નવલકથાના વિવેચન ક્ષેત્રે માઈલ સ્ટોન સમાન છે. આ પૂર્વે તેમને ધનજી કાનજી સુવર્ણચંદ્રક દર્શક ઍવૉર્ડ, ર. વ. દેસાઈ ઍવૉર્ડ, ધૂમકેતુ નવલિકા પુરસ્કાર, ક. મા. મુનશી ચંદ્રક વગેરે એનાયત થયેલ છે. તેમજ તેમની કેટલીક કૃતિઓ ગુજરાતી સાહિત્ય પરિષદ તથા ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા પણ પુરસ્કૃત થયેલી છે. આ પ્રસંગે સર્વ વિદ્યાલય પરિવાર તેમને અભિનંદન પાઠવે છે.

"પુસ્તકો સમયના વિશાળ સાગરમાં ઊભી કરવામાં આવેલી દીવાદાંડી સમાન છે."
"વિચાર્યા વિના વાંચવું એ પચાવ્યા વિના ખાવા જેવું છે."

સ્વામી વિવેકાનંદ

# ગ્રંથસૌરભ

Convent Action : Gujarat's Responses To Challenges of Climate Change

*by Narendra Modi*

*Delhi : Macmillan Publishers Ltd., 2011*

*226, (7) p. ISBN 10 : 230-331920 Rs. 495/-*

ઔદ્યોગિક ક્રાન્તિ બાદ સતત અવનવા ઉદ્યોગોની સ્થાપનાના પરિણામે ઇન્ડસ્ટ્રીઅલ વેસ્ટ તથા પ્રદૂષિત વાયુઓનું પેદા થવું, ઊર્જાનો ઉપયોગ, તેમજ કેટલાંક માનવીય અને કુદરતી પરિબળોના કારણે દિનપ્રતિદિન વધતી જતી Climate Changeની સમસ્યા માનવજીવન માટે ખતરારૂપ સાબિત થઈ રહી છે. આ સમસ્યાના વૈશ્વિક સ્તરે ઉકેલ અર્થે પ્રસંગોપાત્ત ચિંતનબેઠકો યોજાતી રહે છે. આ જ હેતુસર પ્રાયઃ એકાદ વર્ષ પૂર્વે એટલે કે ડિસેમ્બર, ૨૦૦૯માં ૧૯૦ દેશોના રાજકીય પ્રતિનિધિઓ – આ પૈકી ૧૨૦ દેશોના વડાઓ – કોપનહેગનમાં મળ્યા હતા. પરંતુ, આ શિખર પરિષદ અપેક્ષા મુજબ કશું ઝાઝું ઉકાળી શકી નથી. અર્થાત્ આંતરરાષ્ટ્રીય સ્તરે Kyoto Protocolથી એક ડગલું પણ આગળ કોઈ બંધનકર્તા કાનૂની કરાર થઈ શક્યા નથી. આ સમસ્યાના વૈશ્વિક સ્તરે ઉકેલ અર્થે જ્યાં આંતરરાષ્ટ્રીય સ્તરે સહમતી સધાઈ શકતી નથી તેવી પરિસ્થિતિમાં કોઈ એક દેશ નહીં, પરંતુ તેના એક અંગભૂત રાજ્ય દ્વારા અને તે પણ આ સંબંધી રાષ્ટ્રીય નીતિ, આવશ્યક કાનૂન, આંતરરાષ્ટ્રીય સ્તરે બહુપક્ષીય કરારના અભાવો તેમજ રાજકીય અવરોધો વચ્ચે સવિશેષતઃ તેના મુખ્યમંત્રી દ્વારા તેની દૃઢ રાજકીય ઇચ્છાશક્તિના આધારે Climate Changeની સમસ્યાના સમાધાન અર્થે નક્કર પગલાં લેવામાં આવે અને તેનાં ઉત્તમ પરિણામો નજર સમક્ષ તરવરે તે એક અસાધારણ ઘટના છે. આ અસાધારણ ઘટનાના ઘડવૈયા છે 'ગુજરાતના વિકાસપુરુષ Action Oriented Chief Minister' કે 'Man of Vision' જેવાં જનસમાજ તરફથી પ્રાપ્ત બિરુદોથી અલંકૃત ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી.

પ્રસ્તુત ગ્રંથમાં મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી અને ગુજરાત સરકાર દ્વારા છેલ્લાં આઠ વર્ષ દરમિયાન ગુજરાતમાં Low Carbon Economy માટે તેમજ રાજ્યને હરિયાળું અને સમૃદ્ધ બનાવવા માટે જે દૂરંદેશિતાપૂર્ણ પગલાં લેવામાં આવ્યાં તેની ઉપલબ્ધિઓ વર્ણવામાં આવી છે. અહીં આંકડાકીય હકીકતોની સાથે સાથે પ્રત્યેક પ્રવૃત્તિના આંખને ઠારે તેવા કલાત્મક ફોટોગ્રાફસ અને આલેખોથી ગ્રંથનું દસ્તાવેજી મૂલ્ય વધી ગયું છે. આંકડાકીય વિગતો આપવાની સાથે જ તેના અધિકૃત સ્રોતો દર્શાવીને મલ્લીનાથી સૂત્ર 'ના મૂલમ લિખ્યતે કિંચિત'ને સાર્થક કર્યું છે. આ ગ્રંથના ફોટોગ્રાફસ જોતાં પ્રથમ દૃષ્ટિએ કોઈને રાજકીય પ્રચારાત્મક સાહિત્યનો ભ્રમ પેદા થાય, પરંતુ હકીકતમાં આ પૂર્વગ્રહને બાજુએ રાખીને એક અધ્યેતાની દૃષ્ટિએ ગ્રંથનું અધ્યયન કરવામાં આવે તો પ્રસ્તુત વિષય સંદર્ભે રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવેલાં પગલાંથી રાજકીય વિરોધ વચ્ચે પણ રાજ્યના વિકાસથી પ્રભાવિત થયા વિના રહે જ નહીં અને તેની શંકાઓનું સહજમાં નિરસન થઈ જાય.

અહીં મુખ્યત: પીવાના પાણીની અને કૃષિ માટે સિંચાઈની સમસ્યાઓનો ઉકેલ, નર્મદાબંધ અને તેના બહુવિધ ક્ષેત્રે અને સ્તરે ઉઠાવેલા લાભો જેમકે સાબરમતી, મહી, શેઢી, વાત્રક વગેરે નદીઓ સજીવન કરવી, પાણીનાં તળ ઊંચાં લાવવાં, ખેતી માટે પાણી પૂરું પાડવું, વીજળી ઉત્પાદન વગેરે, દેશના ૪થા ક્રમના પ્રદૂષિત શહેર અમદાવાદની ટ્રાફીક સમસ્યા હલ કરવી અને CNGના ઉપયોગ અને અન્ય ઉપાયો થકી ૪થા ક્રમથી ૬૬મા ક્રમે ધકેલી દેવું, ગૅસ આધારિત પાવર પ્લાન્ટ તેમજ ઉદ્યોગો ચલાવવા, સૂર્ય ઊર્જા અને પવન ઊર્જાનું ઉત્પાદન, વિશાળ દરિયાકાંઠાનો લાભ ઉઠાવવો, સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના, ગ્રીન બેલ્ટ ડેવલપમેન્ટ, ૯૩૬૦૦ હેક્ટર જમીનમાં મેન્ગ્રોવ્સનું વાવેતર કરી આ ક્ષેત્રે સમગ્ર દેશમાં બીજા ક્રમનું રાજ્ય બનવું વગેરે ક્ષેત્રે મેળવેલ કલ્પનાતીત સિદ્ધિઓ વર્ણવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ક્લાઈમેટચેન્જ સંબંધી આયોજનોને કાર્યાન્વિત કરવા અલાયદા વિભાગની પણ સ્થાપના કરવામાં આવી છે, તેમજ આ સંબંધી સંશોધનો અને અભ્યાસક્રમો શરૂ કરવા માટે કેટલીક યુનિવર્સિટીઓમાં સ્વાધ્યાયપીઠો ઊભી કરી છે. આ બધી બાબતો સરકારની પ્રતિબદ્ધતાની પ્રતીતિકારક બની રહે છે.

આ બધાં રાજકીય આયોજનનો વચ્ચે પણ એક વ્યક્તિ અને એક મુખ્યમંત્રી તરીકેની આગવી કાર્યપ્રણાલી અને ચિંતનશક્તિ ધ્યાનપાત્ર બની રહે છે. ગ્રંથના અંતિમ પૃષ્ઠ ઉપર અંગ્રેજી કવિ Robert Frostની પંક્તિઓ "Two roads diverged in a wood, and / I took the one less traveled by, / And that has made all the / difference" મૂકીને લેખકે પોતાની કાર્યશૈલીના નિજી પંથનો નિર્દેશ આપ્યો છે, જે સૂચક બની રહે છે. લોકભાગીદારીનો ખ્યાલ અમલમાં મૂકવો, ગામે ગામ અને શહેરોમાં આ સંદેશો ઘેર ઘેર પહોંચાડવો, જાહેર પ્રતિજ્ઞાઓ લેવડાવવી, સ્ત્રીશક્તિ અને લોકશક્તિનો સહયોગ લેવો, શાળાનાં બાળકો પાસે પર્યાવરણ સંબંધી જાગૃતિ કેળવવા ૧૦ મુદ્દાના શપથ લેવડાવવા તેમજ તેમનો 'બાળ ઊર્જા રક્ષક દળ' તરીકે ઉપયોગ કરવો વગેરે પ્રવૃત્તિઓથી જનસમાજમાં પ્રાકૃતિક સંપદા સંદર્ભે એક વિશેષ પ્રકારની જાગરુકતા કેળવાઈ શકી છે, જે હકીકત સ્વીકારવી રહી. આ ઉપરાંત સરકારી તંત્રને આ ક્ષેત્રે ગતિશીલ અને કાર્યશીલ કરવા માટે પ્રાણ ફૂંકવાનું ભારે મોટું કાર્ય કર્યું છે. આ બધું મુખ્યમંત્રીશ્રીની મૌલિક ચિંતનશક્તિ અને આત્મશ્રદ્ધાના પરિપાકરૂપે શક્ય બન્યું છે.

લેખકને પ્રકૃતિપ્રેમ તેમજ પ્રાકૃતિક સંપદાના સંરક્ષણ-સંવર્ધન અને ન્યાયિક ઉપયોગ અંગેની પ્રેરણા પરંપરાગત પારિવારિક સંસ્કારો, ઋગ્વેદ, અથર્વવેદ, યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ, મનુસ્મૃતિ વગેરે જેવા આર્ષગ્રંથો તથા ગાંધીજીના ટ્રસ્ટીશીપના સિદ્ધાંતમાંથી મેળવી છે તેમ ગ્રંથની પ્રસ્તાવનામાં આપેલ કેફિયતમાંથી જાણવા મળે છે. અહીં લેખકની મધુકરવૃત્તિ અને વાંચનપ્રીતિનાં દર્શન થાય છે. પ્રસ્તાવના અને ભરતવાક્ય (સમાપન) માટે ફાળવેલ ફક્ત ૬ પૃષ્ઠમાં લેખકની સર્ગશક્તિનાં સુપેરે દર્શન થાય છે. અહીં લેખકે મુઠ્ઠીભર શબ્દોમાં ગાગરમાં સાગર ભરીને પોતાનું બળૂકું કથયિતવ્ય ભાવવાહી શૈલીમાં રજૂ કર્યું છે. પ્રસંગોપાત્ત પૌરાણિક કથાઓની ગૂંથણી કરીને વિષયવસ્તુને રોચક પણ બનાવ્યું છે. પ્રસ્તાવના – Introductionના સામેના પૃષ્ઠ ઉપર ધરતીમાતા પ્રત્યે કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરતી સ્વયંકૃત કવિતા મૂકવામાં આવી છે, જે લેખકની પ્રકૃતિ પ્રત્યેની આસ્થાનાં દર્શન કરાવે છે. સાથે સાથે ગામેગામ વૃક્ષોનાં વાવતેર અને જતન અર્થે

'વૃક્ષમંદિર'ની સ્થાપનાના પ્રણેતા પૂ. પાંડુરંગદાદા આઠવલેનાં કાર્યોની સાદર નોંધ લેવાનું ચૂક્યા નથી.

અહીં લેખકનો સ્વયંભૂ ઉત્સાહ, રાજ્યના મુખ્યમંત્રી તરીકે પ્રાપ્ત સત્તાઓનો લોકહિતાર્થે ઉપયોગ કરવાની તમન્ના અને પોતાના પ્રયોગોને એક મૉડેલ તરીકે અપનાવી શકાય તે સંબંધી આત્મવિશ્વાસનો રણકો સ્પષ્ટ સંભળાય છે. અમેરિકાના પર્યાવરણવાદી ભૂતપૂર્વ ઉપરાષ્ટ્રપતિ અલ ગોરે એ પ્રસ્તુત વિષય સંદર્ભે વર્ષ ૨૦૦૬માં – 'An Inconvenient Truth : The Planetary Emergency of Global Warming and What We Can Do About It' – એક સરસ પુસ્તક આપ્યું છે. આ સંદર્ભે પ્રતિક્રિયા વ્યક્ત કરતાં નરેન્દ્ર મોદીએ પ્રસ્તાવનામાં નોંધેલા શબ્દો "Al Gore was right when he commented a few years ago that it was inconvenient to many leaders to hear, face and accept the naked truth of Global Warming. I would go further by saying that the real test of leadership is not only in welcoming this truth but also in devising, formulating and implementing a strategy that results in what I call decisive, appropriate, timely and 'convenient action' to deal with this truth and the challenges that it has thrown." ચિંતન કરવા યોગ્ય છે. પ્રસ્તુત વિષય સંદર્ભે નોંધ લેવી ઘટે કે એક રાજકીય નેતા તરીકે નરેન્દ્ર મોદી માત્ર સત્યનો સ્વીકાર કરીને બેસી રહ્યા નથી પરંતુ સમયોચિત Convenient Action લઈને રાજ્ય, દેશ અને વિશ્વને પોતાનો દૃઢ નિર્ધાર કાર્યમાં કઈ રીતે પરિણમાવ્યો તેની સાક્ષાત પ્રતીતિ કરાવી છે. એક સબળ અને દૂરંદેશિતાપૂર્ણ નેતૃત્વનાં દર્શન કરાવ્યાં છે અને તેથી જનસમાજના અભિનંદનના અધિકારી બની રહે છે.

આ ગ્રંથને આવકાર આપતાં The Climate Groupના CEO Steve Howardએ ગુજરાત સરકાર દ્વારા ક્લાઈમેટ ચેન્જ સંબંધી લેવામાં આવેલાં પગલાંની અને કાર્યપ્રણાલીની ભૂરિ ભૂરિ પ્રશંસા કરી છે, તેમજ આ ગ્રંથને આ પ્રવૃત્તિના પથપ્રદર્શક અને કૃતનિશ્ચયી મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની "Green Autobiography" તરીકે નવાજેલ છે. આ સંબંધી Howardના શબ્દો દ્રષ્ટવ્ય બની રહે છે. "Gujarat is One State which is already getting on with implementing initiatives to transform itself into a low carbon economy and is making real changes. Building on a model of positive partnerships between people, businesses, scientific community and government, the State has shown real commitment. The fact that the Government has gone ahead and set up its own full fledged department of Climate Change, is a clear declaration of intent and shows that the actions have been well-planned and thought through. Demonstrated models like these are required all over the world which will help advance practical policy development on the issue of Climate Change. I would call this unique compendium of action a 'Green Autobiography' of Narendra Modi who has shown a definite path and deter-

mined strategy to meet the Challenges of Climate Change, as we approach Cancun for COP16.'' (Foreword).

આ ઉપરાંત પ્રસ્તુત ગ્રંથના તાજેતરમાં યોજવામાં આવેલા લોકાર્પણ સમારોહ પ્રસંગે ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ અને સુપ્રસિદ્ધ વૈજ્ઞાનિક ડૉ. એ. પી. જે. કલામે તેમના ઉદ્‌બોધનમાં ઊર્જા અને અબોહવાપરિવર્તનની સમસ્યા નિવારણની નીતિની હિમાયત કરતાં જણાવેલ કે ગુજરાત સરકારે ક્લાઈમેટ ચેન્જના સંદર્ભે જે પગલાં લીધાં છે તેનાથી વર્ષ ૨૦૩૦ સુધીમાં ગુજરાત કાર્બન ન્યુટ્રલ સ્ટેટ બનીને વિશ્વમાં પ્રથમ નંબરનું રાજ્ય બનીને યશ મેળવશે. આ પ્રસંગે TERIના ડાયરેક્ટર જનરલ તથા IPCCના ચૅરમૅન ડૉ. આર. કે. પચૌરીએ પણ પ્રસ્તુત ગ્રંથમાં આબોહવા પરિવર્તનની સમસ્યાઓનું પ્રત્યક્ષ કામગીરી દ્વારા સમાધાન દર્શાવવામાં આવ્યું છે તેમ જણાવી આ ક્ષેત્રના એક મૂલ્યવાન ગ્રંથ તરીકે ગણના કરી હતી.

ગ્રંથનો ગેટ-અપ નયનરમ્ય. કાગળ, મુદ્રણ, ફોટોગ્રાફી, બાઈન્ડીંગ વગેરે સરસ છે.

મ. પ્ર.

---

માત્ર પુસ્તક-વાચનનો કશો અર્થ નથી, ખરું મહત્ત્વ તો જિવાતા જીવન સાથેના સંધાનનું છે. *Read to live, not live to read.* પરિણામે પુસ્તકોના સ્વાધ્યાયની સાથોસાથ વિચારશીલ વ્યક્તિ સ્વ-જીવનનું અધ્યયન કરતી હોય છે. માનવીના સંવેદનશીલ પરિઘને વિસ્તારવાની અને આનંદ અર્પવાની અમાપ શક્તિ પુસ્તકોમાં નિહિત છે. મનુષ્યના જીવનકલહને એના ચિત્તમાંથી દૂર કરીને આનંદમાં રમમાણ કરાવવાની ભારોભાર શક્તિ ઉત્તમ પુસ્તકોમાં પડેલી છે અને તેથી ઉત્તમ સાહિત્યનું જેટલી વાર દોહન કરીએ તેટલી વાર પ્રાપ્તિ અને આનંદ અનેકગણા – અનેક રીતે બેવડાતા હોય છે.

પ્રીતિ શાહ

❋

''મને લાગે છે કે આપણે એવાં જ પુસ્તકો વાંચવાં જોઈએ જે આપણને ઘાયલ કરે, આરપાર વીંધી નાખે. આપણે વાંચતા હોઈએ તે પુસ્તક મસ્તક પર ઘડ દઈને ફટકો મારી આપણને જાગ્રત કરી દેતું ન હોય, તો પછી આપણે તે વાંચીએ જ છીએ શીદને, ભલા ? આપણને તો એવાં પુસ્તકોની જરૂર છે, જે કોઈ મોટી હોનારતના જેવી અસર આપણી ઉપર કરે, ઊંડી વેદનામાં આપણને ડુબાડી દે, માનવીમાત્રથી દૂર દૂરનાં જંગલોમાં આપણને દેશનિકાલ કરી દે. પુસ્તકો તો આપણી અંદર થીજી ગયેલા હિમસાગરને કાપનારો કુહાડો હોવું જોઈએ.''

કાફ્કા

('અરધી સદીની વાચનયાત્રા'માંથી સાભાર)

# સંસ્થા-વૃત્ત

## યુનિવર્સિટી / કૉલેજ વિભાગ

### આઈટી ટેલેન્ટ ક્વેસ્ટ – ૨૦૧૦

❑ યુનિવર્સિટીના કમ્પ્યુટર અનુસ્નાતક વિભાગ દ્વારા વિદ્યાર્થીઓની પ્રતિભાઓને પ્રકાશમાં લાવવા માટે આઈટી સંબંધિત વિવિધ બૌદ્ધિક સ્પર્ધાઓ જેમ કે ક્વીઝ, નેટવર્ક ગેમ, શોધપત્ર રજૂઆત વગેરેનું આયોજન તા. ૨૨-૨૩ ઑક્ટોબર, ૨૦૧૦ દરમિયાન કરવામાં આવ્યું હતું. આ બધી સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓએ ભારે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

### ઇન્ડસ્ટ્રિઝ – એકેડેમિયા મીટ

❑ યુનિવર્સિટીના કમ્પ્યુટર અનુસ્નાતક વિભાગ દ્વારા વિવિધ ઔદ્યોગિક એકમોનાં રોજબરોજમાં કાર્યોથી માહિતીગાર થવા તેમજ સમજવા માટે વિદ્યાર્થીઓ તથા અધ્યાપકો માટે એક Industry – Academia Meet કાર્યક્રમનું આયોજન તા. ૨૭–૧૧–૨૦૧૦ના રોજ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગુજરાતની આઈ.ટી. આધારિત વિવિધ કંપનીઓએ ઉત્સાહભેર ભાગ લઈ પોતાની કંપની સંબંધી વિવિધ કાર્યપ્રણાલીની માહિતી પૂરી પાડી હતી.

### ઉદ્યોગ સાહસિકતા તાલીમ શિબિર

❑ તા. ૧૧–૧૨ ફેબ્રુઆરી, ૨૦૧૧ના રોજ બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશનના તૃતીય વર્ષ અને સેમિસ્ટર–૪ના વિદ્યાર્થીઓ માટે ઉદ્યોગસાહસિકતા વિકાસ તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં ત્રણ વિષય નિષ્ણાતો દ્વારા વિદ્યાર્થીઓમાં ઉદ્યોગ સાહસિકતા વિકસિત કરવા અંગે તાલીમ અપાઈ હતી. પ્રસ્તુત શિબિરનું વ્યવસ્થાપન પ્રા. માર્ગી દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત તા. ૮ ફેબ્રુઆરી, ૨૦૧૧ના રોજ એ. એ. પટેલ કૉમર્સ કૉલેજ દ્વારા આયોજિત સામાજિક ઉદ્યોગ સાહસિકતા પરિસંવાદમાં ૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

### એન.સી.સી.

❑ ઉમા આર્ટ્સ ઍન્ડ નાથીબા કૉમર્સ કૉલેજની એન.સી.સી., એન.એસ.એસ. પ્રવૃત્તિઓ અંતર્ગત એન.સી.સી.માં વાઘેલા આરતીએ આર.ડી.સી.આઈ. પલાણા કેમ્પ (તા. ૨૦થી ૨૯-૧૧-૧૦)માં અને રાજપૂત ડિમ્પલે કરનોલ (આંધ્રપ્રદેશ)માં તા. ૨૨-૧૧થી ૪-૧૨-૧૦ દરમિયાન યોજાયેલ એન.આઈ.સી. કેમ્પમાં ભાગ લીધો. આ બંને વિદ્યાર્થિનીઓએ પ્રસ્તુત કેમ્પમાં ગીત, સમૂહ ગીત, નૃત્ય અને સોલોમાં વિજેતા થઈ ઇનામો જીત્યાં.

### ઍવૉર્ડ્સ

❑ ભારતની નામાંકિત NGO - Computer Society of India, Region-III (Gujarat, Madhya Pradesh and Chhattisgarh)નો 'Best Student Branch

Award 2010' નરસિંહભાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ કમ્પ્યૂટર સ્ટડીઝ, કડીએ (એમ.સી.એ.) પ્રાપ્ત કર્યો. સતત બીજા વર્ષે પણ આ ઍવૉર્ડ કૉલેજ મળવે છે. અત્રે ઉલ્લખનીય છે કે 'Computer Society of India'ના અમદાવાદ ચેપ્ટરની Student Branchની સ્થાપના આ ઇન્સ્ટિટ્યૂટમાં વર્ષ ૨૦૦૫માં કરવામાં આવી હતી. સ્થાપના સમયથી અત્યાર સુધીમાં કૉલેજ દ્વારા ૪ નેશનલ લેવલ અને ૧૦ સ્ટેટ લેવલની ઇવેન્ટ્સનું આયોજન કરવામાં આવ્યું, તેમજ ૫૦થી વધુ એક્ષપર્ટ ટોક અને ૩-૪ દિવસના વર્કશોપ્સનું આયોજન કરવામાં આવ્યું હતું.

## કમ્પ્યૂટર પ્રશિક્ષણ

❑ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી કેમ્પસ સ્થિત તમામ શાળા કૉલેજોનો બિનશૈક્ષણિક સ્ટાફ કમ્પ્યૂટરનું શિક્ષણ મેળવી શકે તે હેતુથી, મંડળના માનનીય મંત્રીશ્રી વલ્લભભાઈ પટેલના સૂચનથી નરસિંહભાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ કમ્પ્યૂટર સ્ટડીઝ, કડી દ્વારા તા. ૨થી ૬ ડિસેમ્બર, ૨૦૧૦ દરમિયાન 'Introduction to Computer and MS - Office' શીર્ષક હેઠળના ચાર દિવસના ટ્રેનિંગ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું, ૫૦થી વધુ બિનશૈક્ષણિક સ્ટાફે કમ્પ્યૂટરનું પાયાનું શિક્ષણ મેળવ્યું હતું. આ પ્રશિક્ષણ પ્રોગ્રામમાં કમ્પ્યૂટર ફંડામેન્ટલ્સ, વર્ડ પ્રોસેસીંગ, સ્પ્રેડશીટ તેમજ 'ઈન્ટરનેટ - ઈમેઈલ અંગેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

## કાર્યશિબિર

❑ સૈદ્ધાન્તિક જ્ઞાન સાથે વ્યવહારિક જ્ઞાન મળી શકે તે હેતુથી બી.પી.કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશનના અધ્યાપકો દ્વારા વિદ્યાર્થીઓ માટે તા. ૧૦થી ૨૧-૧-૧૧ દરમિયાન વર્કશોપ સિરીઝનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત પ્રા. પી.ડી. મોઢ દ્વારા 'રોલ ઑફ સી.એફ.ઓ. ઈન કૉર્પોરેટ વર્લ્ડ, પ્રા. જિતેન્દ્ર શર્મા દ્વારા 'એક્સપોઝર ટુ એસેસમેન્ટ ટુલ્સ ફોર કેરિયર બિલ્ડીંગ' અને 'ક્રિએટીવ બ્રાન્ડ પોઝિશનીંગ ઍન્ડ એડવર્ટાઈઝમેન્ટ', પ્રા. દેવાંગ પટેલ દ્વારા 'બ્રાન્ડિંગ યોર સેલ્ફ' અને પ્રા. કશ્યપ દવે દ્વારા 'સૉફ્ટ સ્કિલ્સ ફોર કોર્પોરેટ એક્સેલન્સ' વિષયો વિશે માહિતી પૂરી પાડવામાં આવી હતી.

❑ નરસિંહભાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ કમ્પ્યૂટર સ્ટડીઝ, કડીમાં નીચે મુજબની કાર્યશિબિરનું આયોજન કરવામાં આવ્યું. તા. ૧૬-૧૯ ઑગસ્ટ ૨૦૧૦ દરમિયાનના 'Rational Functional Tester (RFT) Code : 000-842' કાર્યશિબિરમાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ ભાગ લીધો હતો. આ વર્કશોપનો હેતુ IBM Technologyનો ઉપયોગ કરી વિદ્યાર્થીઓ 'What is Functional Testing and How it is Used ?' જાણી શકે તે હતો. આ વર્કશોપમાં પ્રશિક્ષક તરીકે IBM કંપનીમાંથી શ્રી સૌરવ માલદાર અને કુ. રંજન ગૌર હાજર રહ્યાં હતાં. આ સંદર્ભે IBM કંપની દ્વારા આ જ વિષયોમાં તા. ૨૧ સપ્ટેમ્બર, ૨૦૧૦ના રોજ પરીક્ષા લેવામાં આવતાં ૧૦૦% પરિણામ આવ્યું હતું. તા. ૧૬ સપ્ટેમ્બર, ૨૦૧૦ના રોજ એક દિવસના ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો વિષય 'Research Methodology' રાખવામાં આવ્યો હતો. તજજ્ઞ તરીકે ડૉ. ડી. એ. ઉચાટે સેવાઓ આપી હતી.

'Design of Algorithm' વિષય પર એક દિવસના વર્કશોપનું આયોજન તા. ૨૨ ઑક્ટોબર, ૨૦૧૦ના રોજ કરવામાં આવ્યું હતું. University

of Illinois, U.S.A.ના કોઓર્ડિનેટર પ્રો. જનક પટેલ કે જેઓશ્રી હાલ VLSI testing and testability તથા VLSI Design Automationના રિસર્ચ પ્રાજેક્ટ પર કાર્યરત છે તેઓએ વ્યાખ્યાન આપ્યું હતું. આજે મોટા ભાગની ઇન્ડસ્ટ્રીઝ કમ્પ્યૂટરાઈઝેશન તરફ જઈ રહી છે અને Enterprise Resource Planning એ આ માટેનું મહત્ત્વનું સૉફ્ટવેરનું ગણાય છે. તા. ૮ ડિસેમ્બર, ૨૦૧૦ના રોજ Tally - ERP પર એક દિવસના વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું. તજજ્ઞ તરીકે Tally - ERP કંપનીના નિષ્ણાંતો દ્વારા માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું. 'Advanced JAVA Technologies' વિષય પર તા. ૨૮-૨૯ જાન્યુઆરી, ૨૦૧૧ દરમિયાન ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું.'

❑ યુનિવર્સિટીના કમ્પ્યૂટર અનુસ્નાતક વિભાગ દ્વારા એકસ્પર્ટ સેમિનાર અને પ્રેક્ટિકલ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોબાઈલ ટૅક્નોલૉજી, બાયોટૅક્નોલોજી, બાયોઈન્ફોરમેટીકલ, નેનો ટૅક્નોલૉજી, મલ્ટીમીડિયા વગેરે વિષયો આવરી લેવામાં આવ્યા હતા. આ ઉપરાંત શોધપત્રો પણ રજૂ કરવામાં આવ્યાં હતાં.

## કાવ્યપઠન

❑ ગુજરાત સ્વર્ણિમ જયંતી વર્ષમાં ગુજરાતની પ્રજામાં વાચન-અભિરુચિ કેળવાય એ માટે તા. ૧૮-૯-૨૦૧૦ના રોજ એસ. એસ. પટેલ એજ્યુકેશન કૉલેજના પ્રાર્થના હોલમાં કાવ્યપઠનનો કાર્યક્રમ યોજાઈ ગયો. તાલીમાર્થીઓએ સરસ કાવ્યો પસંદ કરીને ભાવવાહી રીતે રજૂ કર્યાં હતાં. એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશનમાંથી ચાવડા નિલમ અને આર.એચ. પટેલ, ઇંગ્લિશ મીડિયમ કૉલેજમાંથી નફિસા દહેગામવાલા, એસ.એસ. પટેલ પી.ટી.સી. કૉલેજમાંથી ચાવડા દીપુબા તેમજ એસ. વી. ઇંગ્લિશ મીડિયમ કૉલેજમાંથી મિતુલ કોન્ટ્રાક્ટર પ્રથમ ક્રમે આવ્યા હતા. નિર્ણાયક તરીકે ઉમા આર્ટ્સ ઍન્ડ નાથીબા કૉમર્સ કૉલેજના ગુજરાતી વિભાગનાં અધ્યક્ષ પ્રા. હીનાબહેન મહેતા તેમ જ એસ. જી. ઇંગ્લિશ મીડિયમ સ્કૂલના સુપરવાઈઝર શ્રી કિન્નરીબહેન દવેએ સેવા આપી હતી.

## ક્વીઝ સ્પર્ધા

❑ સૂરજબા મહિલા બી.એડ્. કૉલેજ, કડીમાં સ્વર્ણિમ ગુજરાતની ઉજવણી નિમિત્તે 'ગુજરાત ક્વીઝ સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ ક્વીઝમાં ગુજરાતની રાજકીય સાંસ્કૃતિક, રાજનીતિક, આર્થિક, ઔદ્યોગિક વગેરે બાબતોને આવરી લેવામાં આવી હતી. ક્વીઝમાં પ્રથમ ક્રમે ચૌધરી સુનંદાકુમારી એ. અને દ્વિતીય ક્રમે પરમાર આરતી ડી. વિજેતા બન્યાં હતાં.

## ગણતંત્ર દિવસ

❑ તા. ૨૬-૧-૧૧ના રોજ ગણતંત્ર દિવસે સર્વ વિદ્યાલય પી.ટી.સી. ઇંગ્લિશ મીડિયમ કૉલેજના તાલીમાર્થીઓએ 'બાળમજૂરી નાબૂદી' તેમજ 'દરેક બાળકને ભણવાનો અધિકાર છે' એવો સંદેશ આપતું નાટક પ્રસ્તુત કર્યું. આ ઉપરાંત તા. ૨૮-૧-૧૧ના રોજ તાલીમાર્થીઓની બોર્ડની પરીક્ષાઓને ધ્યાનમાં રાખીને યોગ અને ધ્યાન અંગે શ્રીમતી પારુલબેન ઉપાધ્યાયના વક્તવ્યનું આયોજન કરવામાં આવ્યું. તાલીમાર્થીઓના યોગમાં રસ અને રુચિને ધ્યાનમાં લઈને એક મહિના માટે ધ્યાનના વર્ગો પણ કૉલેજ ખાતે શરૂ કરવામાં આવ્યા હતાં.

## જૂથચર્ચા

❑ ક્રિશ્ચિયન કૉલેજ ઑફ મૅનેજમેન્ટ સ્ટડીઝ, આણંદ અને ઇન્ડિયન કોમર્સ એસોસિએશન,

ગુજરાત ચેપ્ટરના સંયુક્ત ઉપક્રમે તા. ૭–૧–૨૦૧૧ના રોજ 'Media, Society and Business Corporate Points of Views' વિષય પર જૂથ ચર્ચાનું આયોજન કરવામાં આવેલું, જેમાં ભોળાભાઈ પટેલ કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન, ગાંધીનગરનાં ત્રણ વિદ્યાર્થીઓ અનુક્રમે જે. દાંતવાલા, નેતલ ભૂવા, અને સ્નેહલ ચૌધરીએ ભાગ લીધો હતો.

## જ્ઞાનધારા

❑ ઉમા આર્ટ્સ એન્ડ નાથીબા કૉમર્સ મહિલા કૉલેજમાં જ્ઞાનધારા અંતર્ગત ટૂંકા ગાળાના અભ્યાસક્રમો જેવા કે પત્રકારત્વ, પુરાતત્ત્વ, પર્યાવરણ જાગૃતિ વગેરે ચલાવવામાં આવે છે. હિન્દી વિભાગ દ્વારા 'પત્રકારત્વ પરિચય'નો કોર્સ તા. ૪થી ૧૩ જાન્યુઆરી, ૨૦૧૧ દરમિયાન ચલાવવામાં આવ્યો, જેમાં ૭૨ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. ગાંધીનગર સમાચારના તંત્રીશ્રી કૃષ્ણકાંત જહા અને ગુજરાત યુનિવર્સિટીના પત્રકારત્વ વિભાગના વડા ડૉ. સોનલ પંડ્યા ખાસ ઉપસ્થિતિ રહી પ્રશિક્ષણાર્થિનીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. પ્રેક્ટિકલ પરિચય માટે ૯ જાન્યુઆરી, ૨૦૧૧ના રોજ 'દિવ્ય ભાસ્કર' પ્રિન્ટ પ્લેનેટની મુલાકાત લેવામાં આવી હતી.

'વ્યક્તિત્વવિકાસ તાલીમવર્ગ'માં ૧૦૦ વિદ્યાર્થિનીઓ જોડાઈ અને યોગ, વસ્ત્રપરિધાન, કેશકળા, ઑફિસ એપ્રોચ, સ્ટ્રેસ મૅનેજમેન્ટ, મેઈક અપ, ગોલ સેટીંગ, ગ્રૂપ ડીસ્કશન – વાતચીત કરવાની કળા, ઇન્ટરવ્યુ કળા જેવા વિવિધ વિષયો ઉપર પ્રેક્ટિકલ તાલીમ આપી સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યાં હતાં.

ભૂગોળ વિભાગ દ્વારા સંચાલિત 'પર્યાવરણ જાગૃતિ પ્રમાણપત્ર કોર્સ'માં આશરે ૫૦ જેટલી વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો. આ કોર્સમાં ગ્રીનહાઉસ અસર, ગ્લોબલ વૉર્મિંગ, ક્લાઈમેટ ચેન્જ, પર્યાવરણ સંતુલન, વૃક્ષો ઉગાડવાની ઝુંબેશ, પ્લાસ્ટિક-ફ્રી વર્લ્ડ જેવા વિવિધ વિષયો પર શ્રી કે. એલ. નાગેશજી, ગુજરાત વન વિભાગના અધિકારી શ્રી સી. એમ. પટેલ, શ્રી હેમંતભાઈ સુથાર જેવા તજ્જ્ઞોએ પ્રેક્ટિકલ જ્ઞાનલક્ષી ચર્ચા કરી હતી. આ કોર્સના ભાગ રૂપે તા.૩૦-૧-૧૧ના રોજ થોળ તા. કડી મુકામે પક્ષી અભયારણ્યની મુલાકાત લેવામાં આવી. જેમાં નિવસન તંત્ર, પક્ષી ઓળખ અને પક્ષી સ્થળાંતરના કારણોનો અભ્યાસ કરવામાં આવ્યો. કોર્સના અંતે પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યાં હતાં.

## નેતૃત્વ શિબિર

❑ યુનિવર્સિટીના કમ્પ્યૂટર અનુસ્નાતક વિભાગ દ્વારા નેતૃત્વ તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું. આ શિબિર દરમિયાન વિવિધ વિષયક વ્યાખ્યાનો જેમકે પબ્લિક સ્પીકીંગ, ટ્રાફિકના નિયમો, ગાંધી જીવન–દર્શન, વગેરેનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત વૃક્ષારોપણની પણ પ્રત્યક્ષ કામગીરી કરાવવામાં આવી હતી, તેમજ ગાંધી-આશ્રમની મુલાકાત લેવામાં આવી હતી.

## પરિસંવાદ

❑ બી જે વાણિજ્ય મહાવિદ્યાલય, આણંદ અને ઈન્ડિયન, કોમર્સ એસોસિએશન – ગુજરાત ચેપ્ટરના સંયુક્ત ઉપક્રમે 'મૅનેજમેન્ટ : વર્તમાન પ્રવાહો અને નવી દિશાઓ' વિષય પર રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. ભોળાભાઈ પટેલ કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન, ગાંધીનગરના અધ્યાપકો પૈકી ડૉ. રમાકાન્ત પૃષ્ટિ અને પ્રા. જયેશ તન્ના 'FDI in the Past Liberalisation Era : Issues and

Prospectus for India' પ્રા. જયેશ તન્ના : 'Study fo Attitude of Customers Towards Internet Banking' અને પ્રા. આશિષ ભૂવાએ : 'Impact of FDI for the Development of Corporates and Capital Market' વિષય હેઠળ શોધપત્રો રજૂ કર્યાં હતાં. વિદ્યાર્થીઓ પૈકી ડ્રિમ્સ આર. જોશી, કિસન એમ. ગોકાણી, રિદ્ધિ સી. ચાવડા, શૈલેષ અગ્રવાલ, શ્વેતા સિંગ, અલ્પા ચાવડા અને જીના મહેશ્વરીએ શોધપત્રો રજૂ કર્યાં હતાં.

❑ સમાજમાં સહકારીક્ષેત્ર અને વિચારબીજના પ્રચાર-પ્રસાર અને વિકાસના હેતુને કેન્દ્રમાં રાખીને ઉદયભાણસિંહજી રિજીયોનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ કો-ઑપરેટીવ મૅનેજમેન્ટ, ગાંધીનગર દ્વારા તા. ૨૭-૧૨-૨૦૧૦ના રોજ 'રૂરલ ડેવલપમેન્ટ – યસ્ટર ડે, ટુ ડે, ટુમોરો વિષય પર પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. ભોળાભાઈ પટેલ કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશનનાં પ્રા. શ્રુતિ મહેતાએ દસ (૧૦) વિદ્યાર્થીઓ સાથે આ પરિસંવાદમાં હાજરી આપી હતી, તેમજ સહકારની ભાવના દ્વારા સામાજિક વિકાસમાં કઈ રીતે યુવાનો પોતાનું યોગદાન આપી શકે તે અંગે તેમણે માર્ગદર્શી સૂચનો કર્યાં હતાં. આજ કાર્યક્રમના બીજા ચરણમાં તા. ૨૮-૧૨-૨૦૧૦ના રોજ પેનલ ડિસ્કસનનું પણ આયોજન થયેલું જેમાં 'Cooperative Societies are Strengthening Soieties or not' વિષય પર કૉલેજની વિદ્યાર્થિની વિશ્વાચી પટેલે પોતાનાં મંતવ્યો રજૂ કર્યાં હતાં.

❑ એસ. કે. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ ઍન્ડ કમ્પ્યુટર સ્ટડીઝ દ્વારા 'Human Resource Management Seminar'નું તા. ૨૩-૧૦-૨૦૧૦ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત શ્રી નિલેશ દેશમુખ (સિનિયર હ્યુમન રિસોર્સ મેનેજર, ટોરેન્ટ ફાર્માસ્યુટીકલ્સ લિમિટેડ) એ માનવ સંસાધન વ્યવસ્થાપન વિશે પોતાના અનુભવો જણાવ્યા હતા, જ્યારે શ્રી અંકિત નાગપાલ (ટી.સી.એસ.) એ 'See you at the Top' અને શ્રી અલકેશ રાજપૂત (બાલાજી કન્સ્લ્ટન્સી) એ 'Current Recruitment Trends' વિશે પોતાનાં મંતવ્યો રજૂ કર્યાં હતાં. તા. ૧૪-૧૦-૨૦૧૦ના રોજ Finance Seminar અંતર્ગત શ્રી ચિરાગ આચાર્ય (બોનાન્ઝા સોલ્યુસન્સ પ્રા. લિ.)એ Microfinance વિશે અને તા. ૨૨-૧૦-૨૦૧૦ ના રોજ શ્રી પાર્થ જોશી અને શ્રી કુલદીપ બ્રહ્મભટ્ટ (અરિહંત ક્લાસીસ પ્રા. લિ.)એ 'Transition from Classes to Corporate' વિશે અર્થપૂર્ણ માહિતી પૂરી પાડી હતી.

❑ 'How to work effectively in the industry environment' વિષય પર તા. ૯ ડિસેમ્બર, ૨૦૧૦ના રોજ નરસિંહભાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ કમ્પ્યુટર સ્ટડીઝ, કડી દ્વારા પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું. આ જ કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અર્ચિત દવે (Tata Consultancy Services, Sweden), રાકેશ તિવારી (Ferromatik Milacron India Ltd.) અને જશપાલસિંહ ચૌહાણ (Gateway Technologies Pvt. Ltd.) એ વ્યાખ્યાનો આપ્યાં હતાં અને ઇન્ડસ્ટ્રીઝની આજની જરૂરિઆત અંગે કેટલીક ટીપ્સ આપી હતી. તા. ૧૮-૧૨-૧૦ના રોજ 'Expert Talk'નું આયોજન કરવામાં આવ્યું હતું. નરસિંહ મોનજી યુનિવર્સિટી, મુંબઈના પ્રો. નિલય યાજ્ઞિક (Professor and Chairman, Information Systems Area) દ્વારા ERP and Beyond ERP વિષય પર વિદ્યાર્થીઓને ઉપયોગી માહિતી આપવામાં આવી હતી.

વિદ્યાર્થીઓ માટે 'Career Development Programme' શીર્ષક હેઠળ તા. ૨-૧૨-૧૦ના

રોજ 'Right Click Solution'ના સહયોગથી એક દિવસના પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. 'Right Click Solution'ના શ્રી ભાવેશભાઈ પટેલે આ પરિસંવાદના મુખ્ય ટ્રેઇનર તરીકે સેવાઓ આપી હતી અને આજના યુગમાં IT ઇન્ડસ્ટ્રિઝને ખરેખર વિદ્યાર્થીઓ પાસેથી શું જોઈએ છીએ અથવા કેવી આશા છે અને નોકરી માટે ઇન્ટરવ્યુ કે સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં કેવી રીતે સફળ થવું તે અંગેનું તેમણે માર્ગદર્શન આપ્યું હતું.

## પીએચ.ડી.

❑ આર.એસ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ. કૉલેજનાં પ્રિન્સિપાલ પ્રા. કુસુમ યાદવને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ દ્વારા તેમણે રજૂ કરેલ શોધપ્રબંધ 'Effectiveness of English Communication Skill Development Program for the Secondary School Students of Gujarati Medium'ને માન્ય કરીને Ph.D.ની ડિગ્રી એનાયત કરી છે. તેમણે પ્રસ્તુત શોધપ્રબંધ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના શિક્ષણશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ પ્રો. ડૉ. જિતેન્દ્ર પંચોલીના માર્ગદર્શન હેઠળ તૈયાર કર્યો હતો. અભિનંદન.

❑ પ્રમુખ સ્વામી સાયન્સ ઍન્ડ એચ.ડી. પટેલ આર્ટ્સ કૉલેજ, કડીના બોટની વિષયના પ્રા. કલ્પેશ ભટ્ટ દ્વારા ભાવનગર યુનિવર્સિટીમાં રજૂ કરવામાં આવેલ શોધપ્રબંધ 'Study of Floristic and Ethnobotanical Aspect of Bordevi and Around'ને માન્ય રાખીને તેમને Ph.D.ની ડિગ્રી એનાયત કરવામાં આવી છે. પ્રસ્તુત શોધકાર્ય તેમણે ભાવનગર યુનિવર્સિટીના સેવાનિવૃત્ત પ્રો. ડૉ. ડી.સી. ભટ્ટના માર્ગદર્શન હેઠળ કર્યું હતું. અભિનંદન.

## પ્લેસમેન્ટ

❑ નરસિંહભાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ, કડીના વિદ્યાર્થીઓ માટે કેમ્પસ ઇન્ટરવ્યુ ગોઠવવામાં આવ્યાં હતાં. જેમાં ૬૦ જેટલી કંપનીઓએ વિદ્યાર્થીઓને પસંદ કર્યા હતા અને સરેરાશ ૨.૦૦થી ૪.૨૦ લાખના પગારની ઑફર કરી હતી. આ કંપનીઓ પૈકી એચડીએફસી બૅંક, ટાટા મેગ્રોહિલ, આદર્શ કો-ઑપરેટિવ બૅંક, ગુજરાત સિદ્ધિ સિમેન્ટ, કેડિલા, કોટક બૅંક, એરટેઇલ, બૅંક ઑફ ઇંડિયા વગેરેનો સમાવેશ થાય છે. પ્લેસમેન્ટ બ્રોસરનું વિમોચન ગુજરાત રાજ્યના માનનીય મંત્રીશ્રી સૌરભ પટેલના વરદ્દહસ્તે કરવામાં આવ્યું હતું.

## પ્લેસમેન્ટ વર્કશોપ

❑ એસ.કે. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ ઍન્ડ કમ્પ્યુટર સ્ટડીઝ દ્વારા તા. ૩૦ ડિસેમ્બર થી ૧ ફેબ્રુઆરી, ૨૦૧૧ ના દિવસોમાં પ્લેસમેન્ટ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું. આ અંતર્ગત શ્રી પ્રસૂનકુમાર (પૂર્વ ડાયરેક્ટર, જી.આઈ.એસ.) એ ગ્રુપ ડિસ્કશન અને સેલ્ફ પ્રોફાઈલ, શ્રી હાર્દિક જપ્પીએ વેચાણકળા અને સેન્ટ્રલ યુનિવર્સિટી ઑફ ગુજરાતનાં ડૉ. ઈશ્મત કૌર એ ઇન્ટરવ્યુ કળા વિશે વિસ્તૃત સમજૂતી આપી હતી. તૃતીય દિવસે મોક ઇન્ટરવ્યુ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું.

## પ્રોજેક્ટ કૉમ્પિટિશન

❑ નરસિંહભાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ, કડી દ્વારા The Unassailable – The National Summer Project Competitionનું તા. ૮-૧૦-૧૦ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું. આ સમારોહનું ઉદ્દઘાટન ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટીના

કુલપતિ ડૉ. અક્ષય અગ્રવાલના વરદ્દહસ્તે કરવામાં આવ્યું હતું, જ્યારે આ પ્રસંગે શ્રી દિલીપભાઈ પટેલ, ચૅરમૅન, કડી નાગરિક બૅંક તથા ઓએનજીસી, મહેસાણાના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર શ્રી રામ અવતાર વિશેષ અતિથિશ્રી તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ સ્પર્ધામાં દેશના વિવિધ રાજ્યોની ૮૪ મૅનેજમેન્ટ સ્કૂલોના ૪૮૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને ૧૩૬ પ્રોજેક્ટસ કર્યા હતા. સમાપન સમારોહમાં શ્રી ચેતન ભગત ચાવીરૂપ વ્યાખ્યાન માટે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

## બી–સ્કૂલ રેન્કીંગ

❑ ICMR - 4psના 'B-School Survey 2010' અનુસાર નરસિંહભાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ, કડીએ ગુજરાત ટેક્નોલૉજીકલ યુનિવર્સિટી સંલગ્ન કૉલેજો પૈકી તૃતીય ક્રમ અને ભારતની બી સ્કૂલો પૈકી ૨૯૪મો ક્રમ મેળવે છે. આ ઉપરાંત Business Indiaના સર્વેક્ષણ 'Best B - Schools 2010' અનુસાર 'A Grade' મેળવે છે. ઉલ્લેખનીય છે કે આ કૅટેગરી કે તેથી ઉપરની કૅટેગરી મેળવનાર ગુજરાતની ૫ કૉલેજોનો પણ સમાવેશ થતો નથી.

## માર્ગ સલામતી કાર્યક્રમ

❑ રોટરી કલબ ઑફ ગાંધીનગર અને એસ.એસ.પટેલ પી.ટી.સી. કૉલેજના સંયુક્ત ઉપક્રમે તાલીમાર્થીઓ ટ્રાફિકના નિયમો જાણે અને માર્ગ પર સલામતી સાથે વાહન ચલાવે તે હેતુથી માર્ગ સલામતી કાર્યક્રમનું આયોજન તા. ૨૨–૧૧–૨૦૧૦ના રોજ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અમદાવાદ ટ્રાફીક ટ્રસ્ટના સભ્યશ્રી અમિતભાઈ ખત્રીએ ટ્રાફીકના નિયમો સચિત્ર સમજાવ્યા હતા. કાર્યક્રમમાં કૉલેજ પરિવારે ભાગ લીધો હતો.

## મેગ્નેટ અને આઈના કાર્યક્રમ

❑ ભોળાભાઈ પટેલ કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન, ગાંધીનગર દ્વારા 'મેગ્નેટ' અને 'આયના' કાર્યક્રમનું અયોજન તા. ૧૦, ૧૧ ડિસેમ્બર, ૨૦૧૦ના દિવસોમાં કરવામાં આવ્યું. 'મેગ્નેટ' અંતર્ગત / બી.બી.એ.ના અભ્યાસક્રમમાં સમાવિષ્ટ વિષયોની વિવિધ ચાર્ટસ, મોડેલ્સ, દશ્ય-શ્રાવ્ય વગેરે માધ્યમોથી સમજણ આપવામાં આવી હતી. આ પ્રદર્શનમાં ૭૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, જ્યારે 'આઈના' અંતર્ગત શૈક્ષણિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ જેમ કે સામાન્ય જ્ઞાન, વક્તૃત્વ, રંગોળી, અંતાક્ષરી, મહેંદી વગેરે સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમોમાં ૧૫ જેટલી શાળાઓના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. શ્રીમતી આર.સી.પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગરના સામાન્ય પ્રવાહ ધોરણ–૧૧ ની વિદ્યાર્થિનીઓ નેહા ઠાકર અને અવની ગઢવી અંતાક્ષરી સ્પર્ધામાં વિજેતા બન્યાં હતાં. આ બંને કાર્યક્રમનું આયોજન પ્રા. નીરવ જોશીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

## રક્તદાન શિબિર

❑ યુનિવર્સિટીના કમ્પ્યૂટર અનુસ્નાતક વિભાગ અને રેડક્રોસ દ્વારા તા. ૧૧–૮–૨૦૧૦ના રોજ આયોજિત રક્તદાન શિબિરમાં ૧૨૭ વિદ્યાર્થીઓ તથા અધ્યાપકશ્રીઓએ રક્તદાન કર્યું. આ શિબિરમાં એમ.એસસી. આઈ.ટી. અને પીજીડીસીએના વિદ્યાર્થીઓએ ભારે ઉત્સાહ અને સ્વપ્રેરણાથી ભાગ લીધો હતો. એકઠું કરવામાં આવેલ રક્ત 'ગુજરાત કેન્સર હૉસ્પિટલ' તથા 'સિવિલ હૉસ્પિટલ'માં પહોંચાડવામાં આવ્યું હતું.

❑ તા. ૧૦-૧-૧૧ના રોજ ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટી અને બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશનના સંયુક્ત ઉપક્રમે સ્વૈચ્છિક રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું, જેમાં કૉલેજ તથા અન્ય સંલગ્ન કૉલેજોના ૨૬ વિદ્યાર્થીઓએ રક્તદાન કર્યું.

## રમતોત્સવ

❑ ઉમા આર્ટ્સ ઍન્ડ નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ, ગાંધીનગરની હેન્ડબોલની ટીમ ગુજરાત યુનિવર્સિટી ઇન્ટર કૉલેજ હેન્ડબોલની સ્પર્ધામાં સતત ૧૦મી વાર ચૅમ્પિયન બની. જેમાં ચૈહાણ મીના, પટેલ દિવ્યા, રાજપૂત ડિમ્પલ, વસાવા રંજૂ, વસાવા રાધિકા અને નિનામા સીમા ઇન્ટર યુનિવર્સિટીમાં મહારાષ્ટ્ર ખાતે હેન્ડબોલ રમવા પસંદ કરવામાં આવી. આ ઉપરાંત પટેલ પાયલ પાવરલિફ્ટીંગ સ્પર્ધામાં પ્રથમ આવી, તથા મહિલા ક્રિકેટ ટીમ ગુજરાત ક્રિકેટ એસોસિએશનમાં અન્ડર – ૧૯માં મકવાણા ફાલ્ગુની પસંદગી પામી.

❑ સપ્ટેમ્બર, ૨૦૧૦થી જાન્યુઆરી, ૨૦૧૧ દરમિયાન સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા સંલગ્ન કૉલેજોના વિદ્યાર્થીઓ માટે રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભોળાભાઈ પટેલ કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશનના ૮૪ જેટલાં વિદ્યાર્થીઓએ વિવિધ રમતોમાં ભાગ લીધો હતો. કૉલેજના વિજેતાઓની માહિતી નીચે પ્રમાણે છે. મહિલા વૉલીબોલ (પ્રથમ), મહિલા બાસ્કેટબોલ (દ્વિતીય), મહિલા ટેબલ ટેનિસ (સિંગલ્સ) (પ્રથમ), મહિલા ટેબલ ટેનિસ (ડબલ્સ) (પ્રથમ), કબડ્ડી પુરુષ (પ્રથમ), પુરુષ બેડમિન્ટન (સિંગલ્સ) (પ્રથમ), પુરુષ બેડમિન્ટન (ડબલ્સ) (પ્રથમ), પુરુષ ૪ x ૧૦૦ રીલેદોડ (દ્વિતીય), પુરુષ ૪ x ૧૦૦ રીલેદોડ (તૃતીય) અને કબડ્ડી (મહિલા દ્વિતીય).

## વક્તૃત્વ સ્પર્ધા

❑ CWDCના ઉપક્રમે આયોજિત 'બેટી બચાવો, બેટી વધાવો' વક્તૃત્વ સ્પર્ધામાં ઉમા આર્ટ્સ ઍન્ડ નાથીબા કૉમર્સ કૉલેજની વિદ્યાર્થિનીઓ નિકિતા પારેખ, હેતલ દવે અને રીના વનાળિયાએ અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિજેતા થઈ જિલ્લા બ્લોક હેલ્થ ઑફિસ દ્વારા પારિતોષિકો મેળવ્યાં.

## વાર્તાકથન

❑ એસ.વી. પી.ટી.સી. ઇંગ્લિશ મિડિયમ કૉલેજ, ગાંધીનગરની તાલીમાર્થીઓમાં વાર્તાકથન કૌશલ્યનો વિકાસ કરવા માટે તા. ૩–૧૨–૨૦૧૦ના રોજ વાર્તાકથન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું, જેમાં ૨૭ તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ૧. જીવન બોરસે, ૨. અવની ભટ્ટ ૩. નિશાકુમારી અને ૪. પ્રણાલી વૈષ્ણવ વિજેતા થયાં હતા.

## વાંચે ગુજરાત

❑ એસ.એસ. પટેલ પી.ટી.સી. કૉલેજ તેમજ એજ્યુકેશન કૉલેજોની સેન્ટ્રલ લાઇબ્રેરીના સંયુક્ત ઉપક્રમે તા. ૩૦–૧૧–૨૦૧૦ના રોજ સામૂહિક વાંચનનો કાર્યક્રમ યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં પી.ટી.સી. કૉલેજની ૨૦૦ તાલીમાર્થીઓએ સંસ્થાના મેદાનમાં બેસીને સામૂહિક વાંચન કર્યું હતું. કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લા 'વાંચે ગુજરાત સમિતિના માનદ્ મંત્રી શ્રી ગિરીશભાઈ શર્મા, જાણીતા સાહિત્યકાર તથા સુપ્રસિદ્ધ નવલકથાકાર ડૉ. કેશુભાઈ દેસાઈ, કેમ્પસ ડાયરેક્ટર ડૉ. સોમાભાઈ પટેલ, એજ્યુકેશન ફેકલ્ટીનાં ડીન ડૉ. વીણાબહેન પટેલ, હૉસ્ટેલ સુપ્રિટેન્ડન્ટ શ્રી કૌશલ્યાબહેન, એસ.એસ.પટેલ પી.ટી.સી. કૉલેજના આચાર્ય શ્રી કિરણબહેન, કૉલેજના અધ્યાપકો

તેમજ ગ્રંથપાલ શ્રી માયાબહેન પટેલ અને તાલીમાર્થીઓ જોડાયા હતા. સૌએ સમૂહમાં મનપસંદ પુસ્તકોનું વાંચન કર્યું હતું.

### વ્યાખ્યાન

❑ એસ. કે. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ ઍન્ડ કમ્પ્યુટર સ્ટડીઝ દ્વારા મુંબઈ યુનિવર્સિટીના પ્રો. સ્વામીનાથનનું 'Spirituality and Management' વિશેના વ્યાખ્યાનનું તા. ૧-૧૦-૨૦૧૦ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું. તેમણે પોતાના વક્તવ્યમાં મૌન, અન્યની ઓળખ અને આત્મસંતોષ વિશે વિસ્તારથી સમજાવ્યું હતું.

### શોધપત્રો

❑ નરસિંહભાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમેન્ટના નીચેના અધ્યાપકોનાં શોધપત્રો પ્રકાશિત થયાં. Prof. Bhavin Pandya and Prof. Mitesh Jayswal / 'Merchandising Domestic Cricket League Brands : Discernible way to keep the brands productive and alive' (European Journal of Social Sciences, Volume 14 Issue 1, ISSN: 1450-2267), Prof. Nikunj Patel - 'Co-movement of selected stock markets' (International Research Journal of Finance and Economics, Volume 47 ISSN : 1450-2887 and Prof. Bhavin Pandya, Prof. Nikunj Patel and Prof. Mitesh Jayswal. Anarta: The Journal of Hemchandracharya North Gujarat University, Vol 12, Dec. 2010 ISSN 2229-4376).

❑ ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાન નરસિંહભાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ કમ્પ્યૂટર સ્ટડીઝ, કડીના અધ્યાપકો દ્વારા નીચે દર્શાવ્યા મુજબ સંશોધન પત્રો રજૂ / પ્રકાશિત કરવામાં આવ્યાં. 1. Mr. Haiderali K. Ansari, & Dr. N.K.Modi - 'An optimized algorithm using radio resources and relevant standards in 4 G' (International Conference on Intelligent Network & Computing / organized by International Association of Comp. Sc. and IT with IEEE Comp. Society, Uni. Putra Malaysia and Singapore Institute of Electronics at Kuala Lumpur, Malaysia, 26-28 Nov, 2010), 2. Mr. Haiderali K. Ansari & Dr. N. K. Modi - 'A model approach for NGN for any VHO' (International Conference on Emerging Trends in Computer Science and Information Technology / organized by Gulzar Group of Institutes, Khanna, Punjab., 26-28 Feb, 2011.) 3. Ms. Neha D. Mistry & Dr. N.K.Modi 'The preamble of Cyber Crime (National Conference on Mobile and Adhoc Networks,' / Organized by Departments of Computer Sc., Computer Applications & Engineering, Mahalingam College of Engineering & Technology, Coimbatore in association with CSI, Coimbatore chapter., 29-30 Oct, 2010.) and 4. Mr. Pratik S. Gohil - "RECONOS - An Adjustable Kernel Architecture (part 2) Reconfiguration at Runtime" (National Journal of Computer Sci. & Tech., published by S.V.Academy for Re-

search, Innovation & Development (SV-ACRID), ISSN 0975-2463)

❑ તા. ૨૫-૧-૧૧ના રોજ વલ્લભવિદ્યાનગર ખાતે સી. ઝેડ. પટેલ કૉલેજ ઑફ બિઝનેસ ઍન્ડ મૅનેજમેન્ટ દ્વારા 'ઇન્ડિયન સર્વિસ સેક્ટર–પ્રેઝન્ટ સિનારીઓ ઍન્ડ ફ્યુચર પ્રોસ્પેક્ટિવસ' પર રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પરિસંવાદમાં બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશનના પ્રા. ડૉ. રમાકાન્ત પૃષ્ટિ અને પ્રો. જયેશ તન્ના દ્વારા સંયુક્ત રીતે 'પ્રોફિટેબિલીટી પર્ફોમન્સ ઑફ કો-ઑપરેટીવ બૅંક્સ ઇન ઇન્ડિયા – એન ઇમ્પિરીકલ સ્ટડી' વિશે તથા કૉલેજના ૨૨ વિદ્યાર્થીઓ દ્વારા કુલ આઠ વિષયો પર રિસર્ચ પેપર સંયુક્ત રીતે રજૂ કરવામાં આવ્યાં હતાં. આ પૈકી ડૉ. પૃષ્ટિ અને પ્રા. તન્નાનું પેપર ડૉ. અતુલ બંસલ અને ડૉ. પરિમલ દ્વારા સંકલિત પુસ્તક 'ઇન્ડિયન સર્વિસ સેક્ટર' (મંગલમ પબ્લિકેશન, દિલ્હી, ૨૦૧૧)માં પ્રકાશિત કરવામાં આવ્યું.

## શૈક્ષણિક પ્રવાસ

❑ સૂરજબા મહિલા બી.એડ્. કૉલેજ, કડીની તાલીમાર્થી બહેનોનો શૈક્ષણિક પ્રવાસ તા. ૨૪–૧૨–૨૦૧૦થી ૨૬–૧૨–૨૦૧૦ સુધી યોજાઈ ગયો. જેમાં ધાર્મિક, સાંસ્કૃતિક તેમજ ઐતિહાસિક મૂલ્ય ધરાવતા દ્વારકા, બેટ–દ્વારકા, હરસિદ્ધિ માતા, પોરબંદર, સોમનાથ, દીવ, તુલસીશ્યામ, વીરપુર જેવાં સ્થળોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. બહેનોએ પરસ્પર સંઘભાવના અને શિસ્તબદ્ધતા કેળવીને પ્રવાસનો ભરપૂર આનંદ માણ્યો.

## સાયન્સ મોડલ મેકીંગ

❑ તાલીમાર્થીઓમાં વિજ્ઞાન ક્ષેત્રે થતાં વિવિધ સંશોધનો પ્રત્યે જાગૃતિ તેમજ રસ પેદા કરવા તા. ૨૧-૧-૧૧ના રોજ સર્વ વિદ્યાલય પી.ટી.સી. ઇંગ્લિશ મીડિયમ કૉલેજ ખાતે સાયન્સ મોડેલ મેકીંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું, જેમાં બંને વર્ષના તાલીમાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ સ્લાઈડ પ્રોજેક્ટર, ડાયજેસ્ટીવ સીસ્ટમ, મેગ્નેટીક ક્રેઈન, વોલ્કેનો, ફ્લડ ઇન્ડીકેટર વગેરે મોડલ્સ બનાવ્યાં, જેમાં સ્વામી વિવેકાનંદ ગ્રૂપ 'સ્લાઈડ પ્રોજેક્ટર' બનાવી પ્રથમ સ્થાને રહ્યું. આ ઉપરાંત શિક્ષણપ્રક્રિયામાં નડતા કોઈ પણ અવરોધને ઓળખીને તેને દૂર કરવા માટે કરવામાં આવતું ક્રિયાત્મક સંશોધન પણ પી.ટી.સી.ની તાલીમનો એક ભાગ હોવાથી તાલીમાર્થીઓએ વિવિધ શાળાઓમાં જઈ જે–તે શાળાને મૂંઝવતા પ્રશ્નો પર ક્રિયાત્મક સંશોધન કર્યું હતું. અને તે અંગેનો અહેવાલ તા. ૭-૧-૧૧ના રોજ કૉલેજ ખાતે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનની મદદથી રજૂ કર્યો હતો.

## સાહિત્યપર્વ

❑ ગુજરાતી સાહિત્યના પ્રચાર–પ્રસાર માટે 'ગાંધીનગર કલ્ચરલ ફોરમ'ના ઉપક્રમે એસ.એસ. પટેલ પી.ટી.સી. કૉલેજ, ગાંધીનગર દ્વારા આયોજિત 'સાહિત્ય પર્વ'ની વિવિધ સ્પર્ધાઓમાં કૉલેજની તાલીમાર્થી બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો, જેમાં અનિતા પટેલ પ્રથમ ક્રમે, ભૂમિકા ભાખરીયા દ્વિતીય ક્રમે તથા કિંજલ પ્રજાપતિ તૃતીય ક્રમે વિજેતા થયાં હતાં. અભિનંદન.

❑ એસ.વી. પી.ટી.સી. ઇંગ્લિશ મિડિયમ કૉલેજ, ગાંધીનગર કલ્ચરલ ફોરમના ઉપક્રમે તા. ૧૭–૧૨–૨૦૧૦ તેમજ તા. ૧૮–૧૨–૨૦૧૦ના રોજ આયોજિત નીચે દર્શાવેલ વિવિધ સ્પર્ધાઓમાં કૉલેજના નીચેના તાલીમાર્થીઓ વિજેતા રહ્યા હતા. ૧. લગ્નગીત : પ્રણાલી વૈષ્ણવ (પ્રથમ ક્રમ) ૨. કાવ્યપઠન : નીલા સુતરિયા (દ્વિતીય ક્રમ) ૩. પાદપૂર્તિ : મોનિકા ઍન્ડાઈત (પ્રથમ ક્રમ) ૪. હાલરડા : સપના પાટીલ (દ્વિતીય ક્રમ) પ્રણાલી

વૈષ્ણવ (તૃતીય ક્રમ) ૫. રંગોળી : પૂનમ પગારે (પ્રથમ ક્રમ) સ્વાતિ પાટીલ (દ્વિતીય ક્રમ) ૬. પ્રભાતિયાં ગાન : સપના પાટીલ (દ્વિતીય ક્રમ) પ્રણાલી વૈષ્ણવ (પ્રથમ ક્રમ)

## સાંસ્કૃતિક પ્રવૃત્તિ

❑ એસ.એસ. પટેલ પી.ટી.સી. કૉલેજ, ગાંધીનગર દ્વારા ચિત્ર, ભક્તિસંગીત, અભિનય બાળગીત, કાવ્ય પઠન, મહેંદી વગેરે સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તાલીમાર્થી બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

## સ્કોપ કોર્સ

❑ તાલીમાર્થીઓમાં ઇંગ્લિશ ઉપર પ્રભુત્વ મેળવવા માટે સર્વ વિદ્યાલય પી.ટી.સી. ઇંગ્લિશ મીડિયમ કૉલેજ, કડીમાં સ્કોપ કોર્સનું આયોજન કરવામાં આવ્યું હતું. બીજા વર્ષના તાલીમાર્થીઓએ ઑક્ટોબર માસમાં પરીક્ષા આપી અને સારા ગ્રેડ સાથે પાસ કરી. તાલીમાર્થીઓની સાથે-સાથે અધ્યાપકોએ પણ આ પ્રવૃત્તિમાં રસ લીધો હતો. શ્રીમતી ઈશા ત્રિવેદીએ પણ આ પરીક્ષા સારા ગ્રેડ સાથે પાસ કરી.

# શાળા વિભાગ

## આરોગ્ય સપ્તાહ

❑ સ્વર્ણિમ ગુજરાતની ઉજવણીના ભાગ રૂપે શ્રીમતી આર.સી.પટેલ સેકન્ડરી ઍન્ડ હાયર સેકન્ડરી શાળામાં આરોગ્ય સપ્તાહની ઉજવણી કરવામાં આવી. આ સપ્તાહ દરમિયાન વિદ્યાર્થીઓની શારીરિક તપાસ કરવામાં આવી. આ ઉપરાંત આરોગ્યને લગતી વિવિધ સ્પર્ધાઓ જેવી કે પોસ્ટર બનાવવું, વક્તૃત્વ, પ્રદર્શન, ઔષધીય વૃક્ષારોપણ, પૌષ્ટિક વાનગી તથા તંદુરસ્ત બાળક સ્પર્ધા યોજવામાં આવી હતી.

## આર્થિક સહાય

❑ તા. ૨૮-૧૨-૨૦૧૦ના રોજ શ્રીમતી આર.જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ.બી.પટેલ કન્યા ઉ.મા. શાળાની વિદ્યાર્થિનીઓ દ્વારા એકત્રિત કરેલ ફાળો રૂપિયા ૪૯,૦૦૦/- Helpage Indiaને મોકલી આપવામાં આવ્યો. અભિનંદન.

## ક્વીઝ

❑ સ્વર્ણિમ ગુજરાત મહોત્સવ અંતર્ગત ગુજરાત કિવઝ સ્પર્ધાનું આયોજન તા. ૨૮, ડિસેમ્બર ૨૦૧૦ના રોજ શ્રી ડી.એ.પટેલ ટેકનિકલ હાઈસ્કૂલ, કડી દ્વારા કરવામાં આવ્યું, જેમાં ૭૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. તેમાંથી પટેલ પાર્થ નરેન્દ્રભાઈ તથા તિવારી શુભાંગી સંજયભાઈની તાલુકા કક્ષાએ પસંદગી થઈ.

## ગણિત સ્પર્ધા

❑ મલેશિયામાં ૧૬ મી યુ.સી.મેસ એબેક્સ ઍન્ડ મેન્ટલ એરેથમેટીક નેશનલ ઍન્ડ ઇન્ટરનેશનલ સ્પર્ધામાં કે.જી. - ૪૧ એલિમેન્ટરી-બી સ્પર્ધા યોજાઈ ગઈ, જેમાં ૪૩ દેશોનાં બાળકોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ભારતમાંથી ૧૦૦ બાળકોએ ભાગ લીધો, જેમાં શાંતાબેન માણેકલાલ કેશવલાલ પ્રાથમિક શાળા, કડીના ધોરણ - ૩નો વિદ્યાર્થી દરજી વિશ્વાસ મૂકેશભાઈ ભારતમાં પ્રથમ અને આંતરરાષ્ટ્રીય

કક્ષાએ બીજા સ્થાને અને ધોરણ-૪નો વિદ્યાર્થી નાયક પાર્થ મનોજભાઈ ભારતમાં બીજા અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ પાચમાં સ્થાને વિજેતા બન્યા. સમગ્ર શાળા અને સંસ્થાનું આંતરરાષ્ટ્રીય કક્ષાએ નામ દીપાવવા માટે અભિનંદન.

## ગણિત-વિજ્ઞાન પ્રદર્શન

❑ સપ્ટેમ્બર ૨૦૧૦માં રૂપાલ ખાતે જિલ્લા કક્ષાનું ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજવામાં આવ્યું હતું, જેમાં શ્રી જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ અને વિજ્ઞાન શિક્ષકોના સહિયારા પ્રયાસથી બે કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. જેમાંથી એક કૃતિની પસંદગી રાજ્ય કક્ષાના ગણિત-વિજ્ઞાન પ્રદર્શન માટે કરવામાં આવી હતી. કુલ પાંચ વિભાગમાંથી વિભાગ-૨ : કૃષિ અને ટેક્નોલોજી અંતર્ગત હાઈડ્રોપોનિક્સ ખેતી અંગેની કૃતિ રાજ્ય કક્ષાના ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં સાયન્સ સિટી ખાતે રજૂ કરવામાં આવી હતી. આ કૃતિ શિક્ષકોના માર્ગદર્શન હેઠળ ૧. વાઘેલા શૈવલીન એ. (ધોરણ-૭ એ) અને ૨. પટેલ તીર્થ એન. (ધોરણ-૭ બી) દ્વારા તૈયાર કરવામાં આવી હતી.

## ચિત્રસ્પર્ધા

❑ તારીખ ૨૭-૧૨-૨૦૧૦ના રોજ ડીસા મુકામે યોજાયેલ ઝોન કક્ષાના યુવક મહોત્સવમાં શ્રીમતી કમળાબેન એ. પટેલ શિવહરિ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ, કડીના ચિત્રશિક્ષકશ્રી ભરતભાઈ ઠાકોરે સમગ્ર ઝોનમાં ચિત્રસ્પર્ધામાં બીજો નંબર પ્રાપ્ત કરી શાળા તેમજ સંસ્થાનું ગૌરવ વધારેલ છે. અભિનંદન...

❑ 'SAVE WATER... SAVE LIFE' થીમ આધારિત રાજ્યભરની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે ચિત્રસ્પર્ધા રાખવામાં આવી હતી જેમાં ગાંધીનગર જિલ્લામાંથી શ્રી જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક વિદ્યાલય, ગાંધીનગરના ધોરણ-૬ બીમાં અભ્યાસ કરતા બાળચિત્રકાર જેસલ મહેશકુમાર પ્રજાપતિના ચિત્રની પસંદગી કરવામાં આવી હતી. તા. ૧૪-૧૧-૨૦૧૦ના રોજ સાયન્સ સિટી, અમદાવાદ ખાતે યોજવામાં આવેલ સમારોહમાં મહામહિમ રાજ્યપાલશ્રીના વરદહસ્તે પ્રથમ ક્રમે રૂ. ૧૦૦૦/- રોકડ પુરસ્કાર તથા અન્ય પ્રોત્સાહક ઇનામો અર્પણ કરવામાં આવ્યાં હતાં. અભિનંદન.

❑ આ ઉપરાંત આ શાળા દ્વારા બાળઆરોગ્ય સપ્તાહ અંતર્ગત ધોરણ-૫, ૬, ૭નાં વિદ્યાર્થીઓની વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં 'જીવનમાં યોગ અને કસરતનું મહત્ત્વ', 'તંદુરસ્ત રહેવા માટે આહારનું મહત્ત્વ' અને 'જીવનમાં સ્વચ્છતાનું મહત્ત્વ' જેવા વિષયો પર વિદ્યાર્થીઓએ સુંદર વક્તવ્યો રજૂ કર્યાં હતાં.

❑ ગુજરાત રાજ્ય સ્વર્ણિમ જયંતી ૨૦૧૦ ઊર્જા શક્તિમાસ યુ.જી.વી.સી.એલ. અંતર્ગત ઊર્જા બચાવો ચિત્રસ્પર્ધા કડી તાલુકા કક્ષાએ યોજાઈ ગઈ, જેમાં શાંતાબેન માણેકલાલ કેશવલાલ પ્રાથમિક શાળા, કડીના મિસ્ત્રી ઋત્વી અલ્કેશકુમારે બીજું સ્થાન પ્રાપ્ત કર્યું.

## જાપાન પ્રવાસ

❑ એમ.બી. પટેલ ઇંગ્લિશ મીડિયમ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગરના AFE સંસ્થા દ્વારા જેનિસિસ ઇન્ડો જાપાન કલ્ચર એક્સચેન્જ પ્રોગામમાં ભારતમાંથી ચાર શિક્ષકો પસંદ કરવામાં આવ્યા હતા. જેમાં સામાન્ય પ્રવાહનાં શિક્ષિકા શ્રીમતી ડૉ. વર્ષા બી. પારેખની પસંદગી થતાં તેઓશ્રી ૧૫ દિવસના જાપાનના પ્રવાસે તા. ૧થી ૧૬ ડિસેમ્બર સુધી જઈ આવ્યાં. તેમણે જાપાનમાં ભારતીય શિક્ષણ,

ભારતીય સંસ્કૃતિ, ભારતીય રીતરિવાજો વગેરે વિશે ચર્ચા કરી હતી. અભિનંદન.

## દાસકાકા સ્મૃતિ રમતોત્સવ

❑ પૂજ્ય દાસકાકા રમતોત્સવનું તા. ૨૮–૧૦–૨૦૧૦ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું. આ રમતોત્સવમાં શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળા, ગાંધીનગરના વિદ્યાર્થી શર્મા શિવમ્ રોહતાસ ધોરણ ૭/એ વ્યાયામવીર (દોડમાં અને લાંબીકૂદમાં પ્રથમ નંબર મેળવેલ) અને વિદ્યાર્થિનીઓમાં ઠાકોર પૂનમ અશોકભાઈ ધોરણ ૭/એ વીરબાળા તરીકે (લાંબી કૂદ અને કોથળા દોડમાં બીજો નંબર મેળવેલ) વિજેતા જાહેર કરવામાં આવ્યાં.

❑ શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળામાં પૂજ્ય દાસકાકા સ્મૃતિ રમતોત્સવ તથા બાલોત્સવની ઉજવણી કરવામાં આવી. જેમાં લાંબી કૂદ, સ્લો–સાઈકલ, દડાફેંક, દોરડાકૂદ, સંગીતખુરશી જેવી વિવિધ રમતોની સ્પર્ધા યોજવામાં આવી હતી. બાલોત્સવમાં મહેંદી, કેશકલા ગુંથન, નૃત્ય, એકપાત્રીય અભિનય, રંગોલી, ચિત્ર જેવી વિવિધ સ્પર્ધાઓમાં શાળાની ૧૧૦૦ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. આ પ્રસંગે અતિથિપદે સાદરા વિદ્યાપીઠના સંયોજક ડૉ. જમનાદાસ સાવલિયા તથા શ્રી ભરતભાઈ (ગૃહપતિ) હાજર રહ્યા હતા. તેમણે જીવનમાં રમતોનું મહત્ત્વ તથા બાળકોમાં રહેલા વિશિષ્ટ ગુણોનો ઉપયોગ કેવી રીતે કરવો તેની સમજણ આપી હતી. તેમના વરદહસ્તે વિજેતા બહેનોને ઇનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવી હતી.

## પરિસંવાદ

❑ એમ.બી. પટેલ ઇંગ્લિશ મીડિયમ સેકન્ડરી ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગરમાં કાબ SFA (Lions Quest Program) અંતર્ગત વાલી, શિક્ષક અને વિદ્યાર્થીઓનો પરિસંવાદ યોજાઈ ગયો. જેમાં શિકાગોથી કે. સેન્દ્રા આવ્યાં હતાં. આ સમારોહમાં શાળાના વિદ્યાર્થીઓએ અને SFAના શિક્ષકો નમિતા પટેલ અને કૌમુદિની કોહલે અને સંગીતા પાટીલે સરાહનીય કાર્ય કર્યું. Questને ૨૫ વર્ષ પૂર્ણ થતાં ગુજરાત લૉ સોસાયટી, અમદાવાદ ખાતે સિલ્વર જ્યુબિલી સમારોહ યોજાયો, જેમાં સર્વ વિદ્યાલય સંસ્થાને અને શાળાનાં શિક્ષિકા ડૉ. વર્ષા પારેખને ઍવૉર્ડ ઍનાયત કરવામાં આવ્યો. અભિનંદન.

## પૂજ્ય છગનભા વિજયપદ્મ

❑ આ મહોત્સવમાં જુદી જુદી સ્પર્ધાઓના વિજેતા વિદ્યાર્થીઓમાં શ્રીમતી આર.સી.પટેલ સેકેન્ડરી ઍન્ડ હાયર સેકેન્ડરી શાળાની વિદ્યાર્થિની ચૌધરી જાગૃતિ કે. 'વીરબાળા' અને વિદ્યાર્થીઓમાં ધડાકે યશ ભાસ્કરભાઈને 'વ્યાયામવીર'નું બિરુદ પ્રાપ્ત થયું. આ ઉપરાંત ઉચ્ચતર માધ્યમિક વિભાગની જનરલ ટ્રોફી પણ આ શાળાને પ્રાપ્ત થઈ હતી.

❑ શ્રીમતી કમળાબેન એ. પટેલ શિવહરિ સેકન્ડરી ઍન્ડ હાયર સેકન્ડરી ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ, કડીના યજમાન પદે તારીખ ૨૨–૧૨–૨૦૧૦ના રોજ ૨૨ મો પૂજ્ય છગનભા વિજયપદ્મ મહોત્સવ યોજાઈ ગયો. જેમાં ભગિની સંસ્થાની કુલ આઠ શાળાઓના ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમનું ઉદ્ઘાટન મંત્રીશ્રી વલ્લભભાઈ પટેલ તથા શ્રી ખોડભાઈ પટેલના વરદહસ્તે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને અંતે વિજેતા વિદ્યાર્થીઓને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. આ પ્રસંગે ડૉ. રામભાઈ પટેલ તથા ડૉ. રમણભાઈ પટેલ હાજર રહ્યા હતા.

❑ પૂજ્ય છગનભા વિજયપદ્મ સ્પર્ધામાં શ્રી ડી.એ.પટેલ ટેકનિકલ હાઈસ્કૂલ, કડીના ૧૫

ભાઈઓ તથા બહેનો એ જુનિયર વિભાગમાં ભાગ લીધો હતો, જેનું પરિણામ નીચે મુજબ છે. સૌરભ પટેલ (લાંબીકુદ, પ્રથમ), નિકુંજ પટેલ (૪૦૦ મીટર દોડ, દ્વિતીય), ઉત્તમ પટેલ (૧૦૦ મીટર દોડ, તૃતીય), રોનક ચૌધરી (ચક્રફેંક, પ્રથમ), રોનક ચૌધરી (ગોળાફેંક, તૃતીય), મેઘના પ્રજાપતિ (લાંબી કૂદ, ગોળાફેંક, ચક્રફેંક, પ્રથમ), ધ્રુવ પટેલ (નિબંધલેખન, પ્રથમ) અને ચૈતન્ય પટેલ (વક્તૃત્વ સ્પર્ધા, દ્વિતીય), બહેનોના વિભાગમાં ધોરણ – ૮ની કુ. મેઘના પ્રજાપતિ લાંબી કૂદ, ગોળાફેંક, ચક્રફેંક એમ ત્રણેય રમતોમાં પ્રથમ આવી વીરબાળા બને છે. સાંસ્કૃતિક વિભાગમાં વિજેતા વિદ્યાર્થીઓએ શાળાને ચેમ્પિયન ટ્રોફી અપાવી શાળાનું ગૌરવ વધારેલ છે.

## પ્રકૃતિ શિક્ષણ શિબિર

❑ ગુજરાત રાજ્ય વન વિભાગ દ્વારા સંચાલિત અને ઈકો ક્લબ દ્વારા આયોજિત પ્રકૃતિ શિક્ષણ શિબિર – ૧ ટુંડી વિસ્તાર, મુકામ બજાણા તા. પાટડી જિ. સુરેન્દ્રનગર ખાતે. તા. ૨૪થી ૨૬-૧-૧૧ દરમિયાન યોજાઈ ગયો. આ શિબિરમાં શ્રીમતી આર. સી. પટેલ સેકન્ડરી ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલના ૫૦ વિદ્યાર્થીઓ અને ૪ શિક્ષકોએ ભાગ લીધો હતો, જેમાં વિદ્યાર્થીઓને પ્રકૃતિ અંગેનું માર્ગદર્શન આપવામાં આવ્યું તથા રણ વિસ્તારનાં ઘુડખર, નીલગાય, ચીંકારા જેવા પ્રાણીઓ જોવાનો લ્હાવો મળ્યો. ઉલ્લેખનીય છે કે ઘુડખર પ્રાણી સમગ્ર અશિયા ખંડમાં અહીં જ જોવા મળે છે. પ્રકૃતિ શિક્ષણ શિબિર – ૨ અરણ્ય પાર્ક પૂર્વ ઇન્દ્રોડા વિસ્તાર, ગાંધીનગર મુકામે તા. ૯થી ૧૧-૨-૧૧ સુધી યોજાઈ ગયો. જેમાં શાળાની ૩૮ વિદ્યાર્થિનીઓ અને ૫ શિક્ષકોએ ભાગ લીધો હતો. આ શિબિરમાં વિદ્યાર્થિનીઓ માટે પક્ષીદર્શન અને તેની ઓળખ, કેમ્પ ફાયર, વિવિધ પ્રકૃતિવિષયક સ્પર્ધાઓ, વનસ્પતિઓની ઓળખ અને તેની ઉપયોગિતા અને આકાશદર્શન જેવી અનેકવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

## બાળપ્રતિભા શોધસ્પર્ધા

❑ તા. ૩૦-૮-૨૦૧૦ના રોજ મક્તુપુર, ઊંઝા મુકામે બાળપ્રતિભા શોધસ્પર્ધા જિલ્લા કક્ષાની હરીફાઈઓ યોજાઈ ગઈ, જેમાં શાંતાબેન માણેકલાલ કેશવલાલ પ્રાથમિક શાળા, કડીના નીચે પ્રમાણે બાળકોએ સ્થાન મેળવ્યું : ૧. ઠક્કર દિશા પ્રકાશભાઈ (લગ્નગીત, અ વિભાગ, પ્રથમ), ૨. પટેલ પ્રતીક રશ્મિકાંતભાઈ (ચિત્રકલા, અ વિભાગ, પ્રથમ), ૩. પટેલ શિલ્પ હર્ષદભાઈ (વક્તૃત્વ, અ વિભાગ, તૃતીય), ૪. પટેલ શિલ્પ હર્ષદભાઈ (લોકવાદ્ય સંગીત, બ વિભાગ, તૃતીય), ૫. ભાવસાર હર્ષ કમલેશભાઈ (નિબંધ લેખન, બ વિભાગ, તૃતીય), ૬. પ્રજાપતિ મેહુલ અમૃતભાઈ (ચિત્રકલા, બ વિભાગ, દ્વિતીય), ૭. દરજી નેહા વિનોદભાઈ (એકપાત્રીય અભિનય, બ વિભાગ, દ્વિતીય), ૮. ભોજક પાર્થ નયનભાઈ (લોકવાદ્ય સંગીત, બ વિભાગ, દ્વિતીય), ૯. નાયક હર્ષિલ ઘનશ્યામભાઈ (લોકવાદ્ય સંગીત, બ વિભાગ, દ્વિતીય)

## બાળવિજ્ઞાન કૉંગ્રેસ

❑ 'બાળવિજ્ઞાન કૉંગ્રેસ' જિલ્લા કક્ષાની હરીફાઈમાં કૃષિ ઉત્પાદન અંતર્ગત શેઠ સી. એમ. હાઈસ્કૂલ ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલના ધોરણ–૯ ના કરણ એચ. પટેલ, અનિશ પટેલ, ઋત્વિક પટેલ, ધ્રુવેન પટેલ અને ધ્રુવ પટેલ દ્વારા તૈયાર કરવામાં આવેલ પ્રોજેક્ટને તૃતીય ક્રમ પ્રાપ્ત થયો.

## યુવક મહોત્સવ

❑ શ્રી વી.એમ.પટેલ કુમાર બાલમંદિરમાં તા. ૧૫–૧૨–૨૦૧૦ના રોજ યુવક મહોત્સવ અને

નાતાલની ઉજવણી કરવામાં આવી હતી. જુ. કે.જી. અને સિ. કે.જી.નાં બાળકોએ એકપાત્રિય અભિનય અંતર્ગત નરેન્દ્ર મોદી, નરસિંહ મહેતા, ડૉક્ટર અને સાન્તાક્લોઝ જેવાં પાત્રોના આબેહૂબ અભિનય કર્યા હતા. આ કાર્યક્રમમાં કુલ ૪૨૧ બાળકો પૈકી ૫૨ (બાવન) વિદ્યાર્થીઓને વિજેતા જાહેર કરવામાં આવ્યાં હતાં. આ કાર્યક્રમ ઉપરાંત તા. ૧૪-૧૨-૨૦૧૦ના રોજ રમતોત્સવનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

❑ રમતોત્સવ તથા યુવક મહોત્સવની ઉજવણી નિમિત્તે શ્રીમતી એમ.વી.પટેલ કન્યા પ્રાથમિક શાળાનાં સુપરવાઈઝર ભગવતીબેન કે. પટેલે શ્રીમતી એમ.વી. પટેલ કન્યા બાલમંદિરનાં ૩૪૮ બાળકોને રૂ. ૫૦૦૦/-ની બુફે ડિશો ભેટમાં આપી. અભિનંદન...

❑ ડીસા ખાતે યોજાયેલ પ્રાંતકક્ષાના યુવા ઉત્સવમાં સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ, કડીના વિદ્યાર્થી નાયક રોનક ઘનશ્યામભાઈ લગ્નગીત સ્પર્ધામાં પ્રથમ ક્રમે વિજેતા થયા. પ્રાંતકક્ષાના કન્વીનર તરીકે શ્રી કનુભાઈ આઈ. પટેલની સેવા મળી હતી. જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ભોજક કૃપાલી કૌશિકભાઈ ધો. ૮ખ એ લોકગીતમાં પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ છે.

## રમતગમત સ્પર્ધાઓ

❑ શ્રી ડી.એ. પટેલ ટેકનિકલ હાઈસ્કૂલ અંડર -૧૪ ખો-ખો ભાઈઓમાં તાલુકા કક્ષાએ રનર્સ અપ રહી. જિલ્લા કક્ષાએ ત્રણ ખેલાડીઓની પસંદગી થઈ. જેમાં ઉર્વિશ પટેલ રાજ્ય કક્ષાએ સહભાગી થયા. અંડર -૧૭ ખો-ખો ભાઈઓમાં તાલુકા કક્ષાએ શાળા ચેમ્પિયન બની. જિલ્લાકક્ષાએ પાંચ ખેલાડીઓની પસંદગી થઈ. જેમાં પટેલ કેતન તથા પટેલ પિયંક રાજ્ય કક્ષાએ સહભાગી થયા. અંડર-૧૯ ખો-ખો ભાઈઓમાં તાલુકા કક્ષાએ શાળા રનર્સ અપ બની. જિલ્લાકક્ષાએ ત્રણ ખેલાડીઓની પસંદગી થઈ, જેમાં પટેલ રવિ ડી. તથા પટેલ નિકુંજ ડી. રાજ્ય કક્ષાએ સહભાગી થયા. અંડર -૧૪ એથલેટિક્સમાં તાલુકા કક્ષાએ તથા જિલ્લાકક્ષાએ પ્રજાપતિ મેઘના એ ગોળાફેંક તથા ચક્રફેંકમાં પ્રથમ સ્થાન તથા રાજ્યકક્ષાએ ગોળાફેંકમાં દ્વિતીય તથા ચક્રફેંકમાં તૃતીય સ્થાન પ્રાપ્ત કરેલ છે. અંડર-૧૬ એથલેટિક્સમાં જિલ્લા કક્ષાએ ૪૦૦ મીટર દોડમાં પટેલ કેતન તૃતીય, ૮૦૦ મીટર દોડમાં પટેલ રવિ ડી. તૃતીય, ૨૦૦ મીટર દોડમાં પટેલ ઉત્તમ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે. પટેલ ઉત્તમ રાજ્ય કક્ષાએ સહભાગી થયા. અંડર-૧૬ એથલેટિક્સ બહેનોમાં જિલ્લા કક્ષાએ કુ. મેઘના પ્રજાપતિ ગોળાફેંકમાં તૃતીય, ચક્રફેંકમાં તૃતીય, તથા બરછીફેંકમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરેલ છે. અંડર-૧૭ ભાઈઓમાં તાલુકા કક્ષાએ આ શાળા રનર્સ અપ બની. જેમાં પટેલ રવિ ડી. જિલ્લા કક્ષાએ સહભાગી થયા અને ૬૦૦૦/- રૂપિયાનું ઇનામ પ્રાપ્ત કર્યું. પટેલ નિકુંજ ડી. રાજ્ય કક્ષાએ સહભાગી થયા. અંડર-૧૬ ભાઈઓમાં પટેલ સૌરભ જિલ્લા કક્ષાએ સહભાગી થયા. અંડર-૧૬ બહેનોમાં પ્રજાપતિ મેઘના ગોળાફેંકમાં તાલુકા કક્ષાએ પ્રથમ તથા જિલ્લા કક્ષાએ તૃતીય સ્થાને રહી ૨,૦૦૦/- રૂપિયાનું ઇનામ પ્રાપ્ત કરેલ છે.

## રાષ્ટ્રીય સેવા યોજના શિબિર

❑ શ્રીમતી આર.સી. પટેલ સેકન્ડરી ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલનો રાષ્ટ્રીય સેવાયોજનાનો 'જનજાગૃતિ અભિયાન શિબિર' જામળા, તા. કલોલ, જિ. ગાંધીનગર મુકામે તા. ૩થી ૯ ફેબ્રુઆરી, ૨૦૧૧ દરમિયાન યોજાઈ ગયો. આ શિબિરમાં ગ્રામ સફાઈ, અંધશ્રદ્ધા નિવારણ, નિરક્ષરતા નિવારણ, વ્યસનમુક્તિ, ભીંતસૂત્ર લેખન, ડાયરો વગેરે જેવી ગ્રામલક્ષી પ્રવૃત્તિઓ

હાથ ધરવામાં આવી હતી. શિબિરાર્થીઓના જ્ઞાન સંવર્ધન માટે વિવિધ વિષયોના તજજ્ઞોનાં બૌદ્ધિક વ્યાખ્યાનોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં જામળા ગામની વિવિધ સંસ્થાઓ તરફથી ભારે હાર્દિક સહકાર સાંપડ્યો હતો.

## વક્તૃત્વ સ્પર્ધા

❑ શ્રી નટુભાઈ ઠક્કર ફાઉન્ડેશન દ્વારા મગોડી ખાતે 'પ્રાચીન ગુરુકુળો અને અર્વાચીન શૈક્ષણિક સંસ્થાઓ' વિષય ઉપર વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રીમતી આર.સી.પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલના ધોરણ –૧૧ સામાન્ય પ્રવાહનો વિદ્યાર્થી ધોળકિયા મિહિર એસ. પ્રથમ ક્રમે વિજેતા થતાં શાળાને ફરતી ટ્રોફી મળી.

## વાર્તાકથન

❑ શેઠ સી. એમ. હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગરના ધોરણ–૯ ના વિદ્યાર્થી શ્રી જિતેન એમ. પરમારે 'આત્મા ફાઉન્ડેશન', ગાંધીનગર દ્વારા આયોજિત વાર્તાકથન સ્પર્ધામાં પ્રથમ ક્રમે, 'શંકરાલોક આશ્રમ', આબુ દ્વારા આયોજિત શ્રીમદભગવદ્ગીતા શ્લોકગાનમાં રૂ. ૫૦૦/–ના ઇનામ સાથે પ્રથમ ક્રમ અને 'લક્ષ્ય પ્રેરણા ફાઉન્ડેશન', અમદાવાદ દ્વારા આયોજિત શ્રીમદ્ ભગવદ્ગીતા પ્રતિયોગિતામાં પણ પ્રથમ ક્રમ મેળવી વિજેતા થયા છે. અભિનંદન.

## વાર્ષિક ઇનામ વિતરણ

❑ તા. ૧૮-૨-૧૧ના રોજ શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રા. શાળામાં વાર્ષિક ઇનામ વિતરણ અને સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત પૂજ્ય દાસકાકા સ્મૃતિ રમતોત્સવ અને બાલોત્સવની વિવિધ સ્પર્ધાઓની વિજેતા વિદ્યાર્થિનીઓ તથા વર્ષ દરમિયાન થયેલ અન્ય પ્રવૃત્તિઓમાં ભાગ લીધેલ વિદ્યાર્થિનીઓને ઇનામ અને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવી હતી. આ પ્રસંગે પ્રાર્થના, દેશભક્તિ, નૃત્ય, ફોક ડાન્સ તથા સ્ત્રી કેળવણી અંગેનું નાટક વગેરે સાંસ્કૃતિક કાયક્રમો રજૂ કરવામાં આવ્યા હતા.

## વાંચે ગુજરાત

❑ 'વાંચે ગુજરાત' કાર્યક્રમં અન્વયે નવેમ્બરથી ડિસેમ્બર માસ દરમિયાન શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉ.મા. શાળા, ગાંધીનગરની વિદ્યાર્થિનીઓએ અંદાજિત ૩૦૦૦ પુસ્તકો વાંચ્યાં હતાં. ૮ ડિસેમ્બર, ૨૦૧૦ દરમિયાન શાળાકક્ષાની 'શ્રેષ્ઠ વાચક સ્પર્ધા' યોજાઈ હતી. જેમાં કુલ ૭૭૨ પુસ્તકો વંચાયાં હતાં. સૌથી વધુ પુસ્તકો વાંચનાર વિદ્યાર્થિનીઓ પોકાર દેવાંશી ધો. ૧૧ બી – ૨૫ પુસ્તકો, પટેલ ફેની બી – ૧૬ પુસ્તકો અને પટેલ જીનલ બી –૮અ એ ૧૫ પુસ્તકો વાંચ્યાં હતાં. આ અન્વયે પોકાર દેવાંશીને રૂ. ૨૫૦નું પુસ્તક વાઉચર ઇનામ મળેલ છે. અભિનંદન.

❑ સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ, કડીમાં રાજ્ય સરકારના 'વાંચે ગુજરાત અભિયાન'માં ધો. ૮થી ૧૨ના વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ઉત્સાહથી ભાગ લીધો. માનનીય મંત્રીશ્રી ડૉ. મણિભાઈ એસ. પટેલે જીવનમાં વાચનનું મહત્ત્વ સમજાવ્યું હતું. શાળાનાં ૧૩૦૧ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ૩૯૪૭ પુસ્તકો વાંચ્યાં. એસ.વી. એસ. કક્ષાની શ્રેષ્ઠવાચક સ્પર્ધામાં રાવ આશિષ અશોકભાઈ (પ્રથમ), અને જસવાણી મયૂર ઠાકુરભાઈ (દ્વિતીય) ક્રમે વિજેતા થયા હતા. વાંચે ગુજરાત અભિયાનના માર્ગદર્શકો તરીકે ડોડિયા મહેશકુમાર એલ. (ઉ.મા.વિ.), ચૌધરી અંકુરભાઈ વી. (મા.વિ.) અને ઇન્દ્રવદનભાઈ જે. ગઢવી (ગ્રંથપાલ) એ સેવાઓ આપી હતી.

❑ વાંચે ગુજરાત અભિયાન સ્પર્ધામાં Q.D.C. કક્ષાએ શ્રેષ્ઠ વાંચક સ્પર્ધામાં શ્રી ડી.એ.પટેલ ટેક્નિકલ હાઈસ્કૂલના ૧૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. તેમાંથી ચૈતન્ય પટેલ પસંદગી પામી તાલુકા કક્ષાએ પ્રથમ ક્રમે વિજેતા થયા.

## વિજ્ઞાન પ્રદર્શન

❑ નવેમ્બર, ૨૦૧૦માં મહેસાણા જિલ્લા કક્ષાનું વિજ્ઞાન પ્રદર્શન બલોલ મુકામે યોજાયું, જેમાં શાળાના વિદ્યાર્થીઓની નીચેની બે કૃતિઓ તાલુકાની શ્રેષ્ઠ કૃતિ તરીકે રજૂ કરવામાં આવી હતી. ૧. પટેલ ધ્રુવ જે. અને પ્રજાપતિ કૌશલ વિ. ($CO_2$નું દહન) તથા ૨. સર્વાકર જયદીપ એ. અને રાઠોડ રાજદીપ એન. (ડે નાઈટ સોલર પ્લાન્ટ) દ્વારા તૈયાર કરવામાં આવી હતી.

## શૈક્ષણિક પ્રવાસ

❑ સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ, કડીના વિદ્યાર્થીઓનો 'રાજસ્થાન દર્શન પ્રવાસ' તા. ૨૨થી ૨૪-૧૦-૧૦ દરમિયાન આબુ, અંબાજી, ઉદયપુર, શ્રીનાથજી, કેશરીયાજી, શામળાજીનો પ્રવાસ યોજવામાં આવ્યો. વિદ્યાર્થીઓએ પ્રવાસ દ્વારા રાજસ્થાનની લોક સંસ્કૃતિ, શિલ્પ-કલાને માણી, તેમજ ઐતિહાસિક ઘટનાઓની માહિતી પણ પ્રાપ્ત કરી હતી. શાળાના બાળકોએ તાજેતરમાં આ પ્રવાસ ઉપરાંત થોળ પક્ષી અભ્યારણ્યની મુલાકાત લીધી અને દેશ-વિદેશનાં પક્ષીઓને જોયાં. શાળાના મા.વિ.ના મ.શિ. ડી.એસ. પટેલે બાળકોને પક્ષીજગતનું દર્શન કરાવ્યું.

❑ શ્રી ડી.એ. પટેલ ટેકનિકલ હાઈસ્કૂલ, કડીના વિદ્યાર્થીઓ માટે તા. ૧૬, ૧૭, ૧૮ ડિસેમ્બર, ૨૦૧૦ દરમિયાન સોમનાથ અને જૂનાગઢના શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવાસમાં ૩૩૯ વિદ્યાર્થીઓ અને ૧૮ શિક્ષકો જોડાયા હતા. આ ઉપરાંત આ શાળાના ઈકો ક્લબના બે શિક્ષકો અને ૫૦ વિદ્યાર્થીઓએ થોળ અભયારણ્યની તા. ૯ ડિસેમ્બર, ૨૦૧૦ના રોજ મુલાકાત લીધી હતી.

❑ શ્રીમતી એમ.બી.પટેલ કન્યા પ્રાથમિક શાળામાં શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં ધોરણ–૪ની ૧૧૨ વિદ્યાર્થિનીઓએ હાથીદરા, બાલારામ, ઊંઝા, ઐઠોર, માણસા વગેરે સ્થળોની મુલાકાત લીધી હતી, જ્યારે ધોરણ–૭ની ૨૧૨ વિદ્યાર્થિનીઓએ સરદાર સરોવર નવાગામ તથા ગુજરાત ફનવર્લ્ડ, આજવાની મુલાકાત લીધી. સરદાર સરોવરમાં પોઈન્ટ ડેમ, આર.બી.પી.એચ. એ ફ્રેમ, સરોવરો તથા નહેરો જોઈ શૈક્ષણિક જ્ઞાન મેળવ્યું. ફન વર્લ્ડમાં વિવિધ રાઈડની મજા માણી. આમ, પ્રવાસ દ્વારા પ્રાકૃતિક, આધ્યાત્મિક અને ઉચ્ચ ટેક્નોલૉજીના જ્ઞાન સાથે ગમ્મત માણી.

❑ શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળા, ગાંધીનગરમાં ધોરણ ૧થી ૭ નાં બાળકો માટે તિરુપતિ ફાર્મ, પાવાગઢ અને સાયન્સ સિટીના શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવેલ.

❑ શ્રીમતી એમ. વી. પટેલ કન્યા બાલમંદિરનાં ભૂલકાંઓ માટે વન્ડરલેન્ડ ગાર્ડન, સાણંદના પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું.

## શૈક્ષણિક સ્તર

❑ શ્રીમતી આર.જી.પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ.બી. પટેલ ઉ.મા. શાળામાં વિદ્યાર્થિનીઓનું શૈક્ષણિક સ્તર ઊંચું આવે તે માટે મિત્રવર્તુળ, દત્તક યોજના, પી.ટી.એ.એમ.ટી.એ. વાલી સંમેલનો વગેરેનું નિયમિત આયોજન કરવામાં આવે છે. આ અનુસંધાને ધોરણ–૧૦ની 'સ્લો લર્નર' વિદ્યાર્થિનીઓનું શૈક્ષણિક સ્તર ઊંચું લાવવા

દત્તક યોજનામાં જે-તે વિષયના શિક્ષકો દ્વારા પ્રતિદિન સવારે ૬.૫૫થી ૭.૩૫ અને દર શનિવારે ૧૦.૪૫થી ૧૧.૧૫ દરમિયાન વધારાના વર્ગોનું આયોજન કરવામાં આવે છે.

## સાહિત્યપર્વ

❑ તારીખ ૫થી ૧૯-૧૨-૨૦૧૦ સુધી કલ્ચરલ ફોરમ, ગાંધીનગર દ્વારા સાહિત્યપર્વ અંતર્ગત આયોજિત વિવિધ સ્પર્ધાઓમાં શ્રીમતી આર.જી.પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ.બી.પટેલ કન્યા ઉ.મા.શાળા, ગાંધીનગરની વિદ્યાર્થિનીઓ નીચે દર્શાવ્યા અનુસાર વિજેતા થઈ હતી. નિબંધ લેખન – રતનપરા સુહાની (પ્રથમ નંબર), રંગોળી સ્પર્ધા – અમીન નિયતિ (પ્રથમ નંબર) તથા અસ્મિતા પટેલ (બીજો નંબર), વાર્તાલેખન – કલગી ત્રિવેદી (ત્રીજો નંબર). વિજેતા વિદ્યાર્થિનીઓને શિલ્ડ અને પ્રમાણપત્ર આપવામાં આવ્યાં હતાં.

## સ્કાઉટ રેલી

❑ ગાંધીનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ રેલી ચ-૩ કોર્નર, સેક્ટર-૧૧ ખાતે યોજાયેલ તેમાં શહેરની કુલ ૨૫ શાળાઓએ ભાગ લીધો હતો. આ રેલીમાં વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમકે છાવણી નિર્માણ, કેમ્પ ફાયર, અવલોકન સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા વગેરે તેમાં એમ. બી. પટેલ કન્યા શાળાની ધોરણ-૭ની વિદ્યાર્થિનીઓ સ્કાઉટ ગાઈડ રેલીમાં જોડાઈ હતી. વિવિધ સ્પર્ધાઓ પૈકી છાવણી નિર્માણમાં (પ્રથમ નંબર), કેમ્પ ફાયરમાં (પ્રથમ નંબર) તથા વક્તૃત્વ સ્પર્ધામાં (દ્વિતીય નંબર) પ્રાપ્ત કર્યો હતો. વિજેતા બહેનોને શિલ્ડ આપી પ્રોત્સાહિત કરવામાં આવી હતી. શાળાના સ્કાઉટ ગાઈડ શિક્ષક સરિતાબેનએ વિદ્યાર્થિનીઓ સાથે રહી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

## સ્વર્ણિમ ખેલ મહાકુંભ ૨૦૧૦

❑ સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ, કડી દ્વારા સ્વર્ણિમ ખેલ મહાકુંભ – ૨૦૧૦ની તા. ૨૨થી ૨૫ નવેમ્બર, ૨૦૧૦માં રમાયેલ કડી નગરપાલિકા અને તાલુકા કક્ષાએ રમાયેલ કબડ્ડી, ખો...ખો..., વૉલીબોલ અને એથ્લેટિક્સ સ્પર્ધાઓમાં ચૅમ્પિયન બનેલ છે. તા. ૨૭-૧૨-૧૦ના રોજ મહેસાણા ખાતે રમાયેલ ખો...ખો... સ્પર્ધા – ભાઈઓમાં ૧. સાવન પટેલ ૨. મધુર તાપડીયા ૩. આનંદ તાપડીયા ૪. અજય પટેલ ૫. પંક્તિ પટેલ ૬. સિંધવ વિશાલ ૭. જસ્મિન પટેલ તેમજ બહેનોમાં – ૧. મેઘા વરમોરા ૨. અંકિતા પટેલ ૩. હિરલ પટેલ ૪. હર્ષા પટેલ ૫. પઢિયાર હીના ૬. ઠાકોર રાધિકા જિલ્લા કક્ષાએ ખો...ખો...માં ચૅમ્પિયન બનીને રાજ્ય સરકારનું રૂ. ૩૯,૦૦૦/-નું રોકડ ઇનામ મેળવેલ છે. તા. ૨૮-૧૨-૧૦ના રોજ એથ્લેટિક્સમાં – ૧. સાવન પટેલ ૨. અજય પટેલ ૩. પંક્તિ પટેલ ૪. સિંઘલ વિશાલ ૫. તાપડીયા મધુર ૬. સિંઘલ ભરત ૭. બોડાણા પાર્થ ૮. ચૌધરી પ્રદીપ તેમજ બહેનોમાં – ૧. વરમોરા મેઘા એચ. સાથે મળીને આ વિભાગમાં પણ રૂ. ૫૧,૦૦૦/-નું રોકડ ઇનામ પ્રાપ્ત કરેલ છે. તરણ સ્પર્ધામાં ૧. તાપડીયા મધૂર ૨. તાપડીયા આનંદ ૩. સોની પ્રિતેશે કુલ રૂ. ૨૩,૦૦૦/-નું રોકડ ઇનામ પ્રાપ્ત કરેલ છે. આમ, ખેલ મહાકુંભ સ્પર્ધાઓમાં જિલ્લા કક્ષાની સ્પર્ધામાં આ શાળાએ કુલ રૂ. ૧,૧૩,૦૦૦/- રોકડ ઇનામ પ્રાપ્ત કરેલ છે. રાજ્યકક્ષાની ખો... ખો... સ્પર્ધામાં – ભાઈઓમાં ૧. સાવન પટેલ ૨. મધૂર તાપડીયા ૩. અજય પટેલ ૪. પંક્તિ પટેલ ૫. જસ્મિન પટેલ, બહેનોમાં મેઘા વરમોરા, અંકિતા પટેલ, હિરલ પટેલ, તરણ સ્પર્ધામાં આનંદ તાપડીયા અને સોની પ્રિતેશ, એથ્લેટિક્સમાં ૧. સાવન પટેલ ૨. મધૂર તાપડીયા ૩. પંક્તિ પટેલ ૪. સિંધવ વિશાલ સહભાગી થયા. આ સ્પર્ધામાં કોચ તરીકે શ્રી હરિભાઈ ટી. વરમોરા,

શ્રી દિનેશભાઈ આર. પટેલ, શ્રી અરવિંદભાઈ સી. ગાવિત તેમજ શ્રી ભરતભાઈ ડી. સિંઘવે સેવાઓ આપી હતી.

❑ 'સ્વર્ણિમ ખેલમહાકુંભ–૨૦૧૦' સ્પર્ધામાં શ્રીમતી કમળાબેન એ. પટેલ શિવહરિ સેકન્ડરી ઍન્ડ હાયર સેકન્ડરી ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ, કડીની વિદ્યાર્થિનીઓ રત્ના, કોમલ, અવની, કૃષા, સરિતા અને બિનીતાની વૉલીબોલની ટીમે મહેસાણા જિલ્લામાં ત્રીજું સ્થાન મેળવી રૂપિયા ૬૦૦૦/–નું ઇનામ રાજ્ય સરકાર તરફથી મેળવી શાળા તેમજ સંસ્થાનું ગૌરવ વધારેલ છે. આ ઉપરાંત આ જ શાળાના વ્યાયામશિક્ષક શ્રી દિનેશ પટેલ જવેલીયન થ્રોમાં સમગ્ર રાજ્યમાં બીજા ક્રમે વિજેતા થયા હતા. અભિનંદન....

❑ એમ. બી. પટેલ ઇંગ્લિશ મીડિયમ સેકન્ડરી ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગરના વિદ્યાર્થીઓએ 'ખેલ મહાકુંભમાં' અનેક રમતોમાં ભાગ લીધો હતો. ફૂટબોલની ટીમ ફાઈનલ પહોચી હતી અને દરેક વિદ્યાર્થીએ રૂ. ૩૦૦૦/–નું ઇનામ મેળવ્યું. એથલેટિક્સમાં પણ ઘણા વિદ્યાર્થીઓએ ભાગ લીધો અને ઉત્કૃષ્ટ દેખાવ કર્યો. શાળાને કુલ રૂ. ૫૮૦૦૦/–નાં રોકડ ઇનામ મળ્યાં. અભિનંદન.

❑ 'સ્વર્ણિમ ખેલમહાકુંભ – ૨૦૧૦' અંતર્ગત શેઠ સી. એમ. હાઈસ્કૂલ ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલના પટેલ જય જે. તથા વાણિયા હર્ષ પી.એ રાજ્ય કક્ષાએ ભાગ લીધો હતો. બંનેને રૂ. ત્રણ હજારનાં ઇનામ પ્રાપ્ત થાયં. 'કુસ્તી' હરીફાઈમાં વાઘેલા નીતિન જે. એ રાજ્ય કક્ષાએ ભાગ લઈ રૂ. બે હજારનો પુરસ્કાર પ્રાપ્ત કરેલ છે, જ્યારે 'વૉલીબોલ' હરીફાઈમાં પટેલ ડેનિમ એમ. અને પટેલ ઇલા એમ. એ રાજ્ય કક્ષાએ ભાગ લઈ રૂ. એક હજારનો પુરસ્કાર મેળવેલ છે. સૌને અભિનંદન.

❑ શ્રીમતી આર. સી. પટેલ સેકેન્ડરી ઍન્ડ હાયર સેકેન્ડરી શાળાના વિદ્યાર્થીઓએ જિલ્લા કક્ષાએ મેળવેલ સિદ્ધિઓ. વિદ્યાર્થીઓના નામની સામે તેમનો વિજેતા ક્રમ અને મેળવેલ પુરસ્કારની રકમ દર્શાવેલ છે. ૧. ચક્રફેંક : ચૌધરી બિનલ રાજેશભાઈ (પ્રથમ ક્રમ, ૫૦૦૦ રૂપિયા) ૨. જૂડો : દેસાઈ સોહમ સૌરભભાઈ (દ્વિતીય ક્રમ, ૩૦૦૦ રૂપિયા) ૩. જૂડો : ઝાલા ક્રિષ્નવીરસિંહ રણવીરસિંહ (દ્વિતીય ક્રમ, ૩૦૦૦ રૂપિયા) ૪. કુસ્તી : પટેલ વિરલ કનુભાઈ (દ્વિતીય ક્રમ, ૩૦૦૦ રૂપિયા) ૫. સ્કેટીંગ : પટેલ રાજવી મુકેશભાઈ (દ્વિતીય ક્રમ, ૩૦૦૦ રૂપિયા) ૬. સ્વિમિંગ : રાઠોડ જયરાજ અશોકભાઈ (પ્રથમ ક્રમ, ૫૦૦૦ રૂપિયા) ૭. લાંબી કૂદ : ચૌધરી જાગૃતિ કે. (દ્વિતીય ક્રમ) ૮. ૧૦૦ મીટર દોડ : ધડાકે યશ ભાસ્કરભાઈ (પ્રથમ ક્રમ) ૯. ૧૦૦ મીટર દોડ : ભાભોર શકુ રતનભાઈ (પ્રથમ ક્રમ) ૧૦. લાંબી કૂદ : બારીયા પ્રિયંકા ભરતસિંહ (પ્રથમ ક્રમ) ૧૧. ચક્રફેંક : ઝાલા ક્રિષ્નવીરસિંહ આર. (પ્રથમ ક્રમ) ૧૨. ચક્રફેંક : પટેલ અમીત એચ. (દ્વિતીય ક્રમ) ૧૩. ચક્રફેંક : વાઘેલા રાજપાલ વિજયસિંહ (તૃતીય ક્રમ)


ટાઈપસેટિંગ અને મુદ્રક : શારદા મુદ્રણાલય, ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન : ૨૬૫૬૪૨૭૯

પ્રકાશક : કુલસચિવ, સર્વ વિશ્વવિદ્યાલય, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૫ ફોન : ૨૩૨૪૪૬૯૦

## 'કર્મચૂડામણિ માણેકલાલ' અભિવાદન ગ્રંથના વિમોચન પ્રસંગે શ્રોતાવૃંદ








એમ. એસસી. આઈ. ટી.
'ઇન્ડસ્ટ્રીઝ એકેડેમિયા મીટ'
પ્રસંગે ઉદ્બોધન કરતા
યુનિવર્સિટીના નિયામક
શ્રી ડી. ટી. કાપડિયા

## 'કર્મચૂડામણિ માણેકલાલ' અભિવાદન ગ્રંથનો વિમોચન સમારોહ, તા. 1 ફેબ્રુઆરી, 2011




મંચસ્થ મહાનુભાવો



શ્રી ભોળાભાઈ પટેલ દ્વારા
કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ
શ્રી માણેકલાલ પટેલનું અભિવાદન

